અર્દિબેહેશ્ત અમશાસપંદ



ઈનામનો એક રેસાલો.

કર્તા-પાલનજી ખરશેદજી મીસ્ત્રી.

મુંબઈ.

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ, બોરા બજાર સ્ટ્રીટ, કોટ.

૧૮૯૮.

SIR J. J. Z. MADRESSA PRIZE ESSAY FOR A. D. 1894.

Asha-Vahishta OR Ardibehsht,

i-e

The Sacred Order of Righteousness or Divine Truth,

by

PALONJEE CURSETJEE MISTRI,

A Certificated Passed Student of the Madressa,

Author of "The Four Classes of the Ancient Iranians in the Avesta Period" viz. "The Priest, the Warrior, the Husbandman and the Artisan," of "The Water, the Earth. and the Trees" (being the Madressa Prize Essays for A. D. 1892 & 1893); also of "The Doctrine of the Avesta regarding Plague" and Cleanliness of the Body."



નામદાર સર જ૦ જી૦ જ૦ મદ્રેસા તરફનો ઇ૦ સ૦ ૧૮૯૪ માટેનો

ઇનામનો રેસાલો,

"અર્દીબેહેશ્ત અમશાસપંદ",

કર્તા—**પાલનજી ખરશેદજી મીસ્ત્રી,**

તે ઉપલી મદ્રેસાનો પસાર થયલો એક વિદ્યાર્થી,

તથા એજ મદ્રેસા તરફના ઇ૦ સ૦ ૧૮૯૨ અને ૧૮૯૩ માટેના ઇનામના રેસાલાઓ નામે **"અવસ્તા જમાનાના કદીમ ઇરાનીઓના ચાર વર્ગો," જે "અથોરનાન, પેહેલવાન, ખેડુત** અને **કારીગર":** તથા **"પાણી, જમીન,** અને **ઝાડપાન";** તથા **"મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમાનો"** તથા **"તનને લગતી પવિત્રાઇ"** ના **કર્તા.**

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં છપાયો છે—વોરાબજાર કોટ, મુંબઇ.

કિંમત રૂપીયો એક.

યજદેજરદી ૧૨૬૭.

ઇ૦ સ૦ ૧૮૯૮.

શુદ્ધિપત્ર.

પાનું ૧,	લીટી ૭,	— "અપ્‌-વિહસ્ત્‌"	બદલે	"અપ્‌-વહિસ્ત્‌"
પાનું ૫,	લીટી ૨૦,	— યજશ્તેના	„	યજશ્નેના
પાનું ૬,	લીટી ૩,	— [illegible]	„	[illegible]
પાનું ૭,	લીટી ૭,	— Sancrite	„	Sanscrite
પાનું ૭,	લીટી ૨૯,	— सस्य	„	सत्य
પાનું ૮,	લીટી ૧,	— lidéal	„	l'idéal
પાનું ૧૨,	લીટી ૧૪,	— જરથેશ્તી	„	જરથોશ્તી
પાનું ૧૬,	લીટી છેલ્લી	- નારી છે	„	પુઠે ચાલનારી છે
પાનું ૨૪,	લીટી ૭,	— [illegible]	„	[illegible]
પાનું ૨૪,	લીટી ૮,	— [illegible]	„	[illegible]
પાનું ૨૪,	લીટી ૮,	— [illegible]	„	[illegible]
પાનું ૨૪,	લીટી ૯,	— [illegible]	„	[illegible]
પાનુ ૪૫,	લીટી ૨૮,	— સરોય	„	સરોષ
પાનુ ૪૬,	લીટી ૫,	— અવ્યું છે	„	આવ્યું છે.

એજ કર્તાના આગલા રેસાલાઓ.

સર જ૦ જી૦ જ૦ મદ્રેસાનો ઇ૦ સ૦ ૧૮૯૨ માટેનો ઇનામનો રેસાલો,
"અવસ્તા જમાનાના કદીમ ઇરાનીઓના ચાર વર્ગો" નામે
"અથોરનાન, પેહેલવાન, ખેડુત અને કારીગર.

સર જ૦ જી૦ જ૦ મદ્રેસાનો ઇ૦ સ૦ ૧૮૯૩ માટેનો ઇનામનો રેસાલો,
"પાણી, જમીન અને ઝાડપાન,"

"મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમાનો" તથા
"તનને લગતી પવિત્રાઇ"

દીબાચો.

નામદાર સર જી૦ જી૦ જંદ-પેહેલવી મદ્રેસા તરફનો ઈ૦ સ૦ ૧૮૯૪ માટેનો આ મારો ત્રીજો અને છેલ્લો ઈનામનો નિબંધ "અર્દિબેહેશ્ત અમશાસપંદ" પરનો છે, જે કેવી અઘરી બાબતપર છે તે અવસ્તાના અભ્યાસીઓ સારી રીતે સમજે છે. આ નિબંધને લગતી બાબતો નીતિનો બોધ આપનારી, સાચો માર્ગ દેખાડનારી, સત્યતા તથા પવિત્રાઈ શીખવનારી, અશો જરથોસ્તની ઉંડી ફિલસુફી સમજાવનારી તથા તે મહાગુરૂની મગજ શક્તિનો ખ્યાલ આપનારી વીકટમાં વીકટ છે, જેને લગતું અગત્યનું બયાન ગાથાઓમાંથી વિશેષ મળે છે, એટલા માટે બીજા અવસ્તા ઉપરાંત વિશેષ ધ્યાન મેં ગાથાઓ ઉપર આપ્યું છે, જેઓને લગતા લખાણો ભેદભરેલા અને કઠણ હોવા છતાં તેઓને બની શકે એટલી સેહેલી રીતે મેં રજુ કીધા છે. વળી આ એક ઘણા બોહોળા વીસ્તારવાળી બાબત છે એટલુંજ નહીં પણ એનો ભેદ સમજવો તેમજ સમજાવવો કઠણ છે. અવસ્તાના એક અભ્યાસી તરફથી કેટલી હદ સુધી આ બાબતના જ્ઞાનની આશા રાખવી તેનો બરાબર તોલ કરવો એ એક નમનતાઈભરેલી મારી ખાસ અરજ છે. પેહેલવી તથા બીજા લખાણો બાદ કરતા માત્ર કુલે હયાત અવસ્તામાંથી એને લગતા ૨૪૩ ફકરાઓ મળે છે (જેમાં ગાથાના આસરે ૧૬૦ છે) જે બાબમાં એની પદવી ત્રીજી આવે છે. માત્ર અવસ્તા અને પેહેલવી લખાણોના આસરે ૧૦૦) ફકરાઓનો આ નિબંધમાં મેં સમાવ કર્યો છે અને એ ઉપરાંત બીજા આસરે ૪૦૦ ફકરાઓની શાહાદતો મેં આપી છે, અને તેટલું છતાં અવસ્તા કે પેહેલવી મોટા મોટા ફકરાઓથી, કે તેઓના ઉચ્ચારોથી, કે તેઓના બીનજરૂરીયાતના લાંબા તર્જુમાઓથી ભરતીયું ભરીને વાંચનારને બીવરાવવાની કે કંટાલો આપવાની કોશેશો મેં એક કોરે મુકી છે. જે ઘણાજ અગત્યના ફકરાઓ છે તેઓને દરેક બાબત કે બાબતની બાબતો મથાલે નમુનાઓ દાખલ મેં ટાંકી બતાવ્યા છે. બાબ અને પરદા મેં બનાવ્યા નથી, પણ ચહડ ઉતરના ટાઈપોના આકારોથી માત્ર ફરક મેં બતાવ્યો છે, અને વાંચવાને સેહેલ કરવા મારા નિબંધને મેં એવી રીતે ગોઠવ્યો છે કે જેથી ૧) અવસ્તાના અભ્યાસીઓને, ૨) શીખેલા પણ અવસ્તાના જ્ઞાનથી બીનમાહેતગારોને, તેમજ ૩) સાધારણ જ્ઞાનના કુટુંબોને વાંચવાને બંધબેસ્તો થઈ પડે. આ નિબંધનો મુળ પાયો અશોઈ તથા નીતિમાન ધોરણોપર મેં રચ્યો છે અને દરેક બાબત દર્શાવતી વખતે અશોઈ (જે આ બાબતની મુખ્ય નાયકા છે તે)નો ખ્યાલ નજર આગલ ધરી વીવેચન ચલાવતો ગયો છું.

વાંચનાર આ નિબંધ સેહેજ વારમાં વાંચી પુરો કરી શકશે. પણ જે સંખ્યાબંધ ફકરાઓની શાહાદતો મેં આપી છે તે એટલી બધી છે કે તેઓને પાછી તપાસી જોવા દિવસો લાગે, એટલા માટે તેઓના અંકો અદલબદલ થયા હોય તો તેપર વિશેષ ધ્યાન ન આપતાં માત્ર બીજા નિ-

બંધો ઉપજાવી કાઢવાની સવલતા કરી આપવા માટેની પવિત્ર નેમથી મેં તેઓને ટાંકી બતાવ્યા છે એવું સમજી તેપર નાજુક નજરથી જોવું.

મદ્રેસા તરફનો આ મારો છેલો રેસાલો છે એટલા માટે સેહેજ વધુ ખુલાસા માટે દરગુજર ચાહું છું. આ ઘણો મોડો છપાયો છે, તેના કારણોમાં એવું કહી શકાય કે વિદ્યાભ્યાસને લગતા પુસ્તકો છપાવવાનું કામ ધીરજનું છે અને જેઓ દિવસનો સારો ભાગ તેવાં કામમાં રોકી શકે તેઓથીજ બને, બીજુ એ કે આ છપાવવા નિકળ્યો તે દરમ્યાન એક ન ધારેલું કામ છેલું ચોપાન્યું છપાવવાનું નિકળી આવ્યું. હાલનો રેસાલો છપાવતી વખતે મને ખુશી એટલા માટે ઉપજે છે કે બન્ને ગ્રેજ્યુએટ અને અન્ડરગ્રેજ્યુએટ મારી સાથ હરીફાઈમાં ઉતર્યા છતાં લાગટ ત્રણ વર્ષો સુધી મારા રેસાલાઓ પસાર થયલા જોવાને ભાગ્યશાળી નિવડયો છું, જે બનાવ મદ્રેસા માટે અસાધારણ લેખી શકાય, અને એ રીતે જે લાલચે મને મદ્રેસામાં દાખલ કરાવ્યો હતો તે સફળ થઈ હતી. મદ્રેસાના હાલના મારા જવાન મિત્રોને મારી અદના સુચના એ છે કે અમુક શખ્સ ઈનામ જીતી જશે અને તેઓની મેહેનત બરબાદ જશે એવા કંઈક ખોટા ખ્યાલથી હારી ન ખાતાં તેઓએ ત્રણ ફાયદાઓ તરફ ધ્યાન પુગાડવું ઘટે છે, ૧) ગમે એવી મુશ્કેલીની વખતે લખનારાઓનું ચીત એમાંજ લાગેલું રેહેશે, ૨) તેઓને શોધો ચલાવવાની તખેહ પડશે, ૩) હરીફાઈમાં સારા રેસાલાઓ લખી શકાશે.

એટલું જણાવી મારા રેસાલા માટે ઉપકારનો ઉભરો બહાર પાડું છું. આ રેસાલાના પરિક્ષકો મી૦ મચેરશાહ માં૦ રાવ, બી. એ. તથા મી૦ બે૦ ર૦ લેનતીન, બી. એ. (હાલમાં બી. એ.–એલ. એલ. બી.) ને તેઓની અપક્ષપાત તપાશ માટે યોગ્ય શાબાશી ઘટે છે. સર જ૦ જી૦ ટ્રાન્સેલેશન ફંડના ટ્રસ્ટી સાહેબોએ આ રેસાલાને ઘટતો આસરો આપ્યો છે તે માટે તેઓનો તેમજ સેક્રેટરીનો ઉપકાર માનું છું. છેલા ગૃહસ્થની અપક્ષપાત વર્તણુક સ્તુતિપાત્ર છે. મદ્રેસાના શિક્ષકોએ જે ઉમંગ તથા કાલજીથી મને મુશ્કેલ લાગેલા સવાલોનો ફડચો કીધો છે તે માટે તેઓનો હું આભારી છું. અને છેવટે જણાવવાની જરૂર જોઉં છું કે મારા રેસાલાઓને મારી નાકેશ શક્તિ પ્રમાણે જેમ બને તેમ સારી હાલતમાં લાવવાનું માન તે વર્તમાનપત્રો તથા ચોપાન્યાઓના અધીપતિઓને ઘટે છે કે જે સઘલાઓએ એકસરખી રીતે મને વખતે વખત ઉત્તેજન આપ્યું છે અને પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી ખુદ પોતાને જરથોસ્તી દીનદારો તરીકે સાબેત કીધા છે.

૫૫, મીન્ટરોડ, કોટ, મુંબઈ.

રોજ મુબારક બેહેરામ યજદ, માહા મુબારક સ્પન્દારમદ અમશાસપંદ સને ૧૨૬૭ યજદેજરદી; તા૦ ૩૦મી આગસ્ટ ૧૮૯૮ ઈસવી. } પાલનજી ખરશેદજી મીસ્ત્રી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અષ્ વહિશ્ત્

યાને

અર્દીબેહેશ્ત અમશાસપંદ.



અવસ્તા— [illegible] અષ્ વહિશ્ત્.

પેહેલવી— [illegible] અર્ત્ વેહેશ્ત્.



સામટી તપાસ.

અર્દિબેહેશ્ત અમશાસપંદ માટેનો અવસ્તા શબ્દ "અષ-વિહશ્ત્*" છે, જેનો અર્થ "સર્વોત્તમ અશોઇ (પવિત્રાઈ)"

* [illegible] "અષ્" એટલે "અશોઇ"; [illegible] "વહિશ્ત્" એ "વોહૂ" એટલે "ભલું" નો Superlative Degree નો આકાર છે; એટલે "સર્વોતમ, સર્વેથી ભલી." "અષ" ને મળતો શબ્દ સંસ્કૃતમાં ઋત છે (જેમકે અવસ્તાનો શબ્દ "મષ્ય" (માણુસ) સંસ્કૃતમાં મર્ત્યમાં બદલાય છે); જે ઋતને મળતો શબ્દ જર્મન ભાષામાં Reinheit છે. "અર્દિબેહેશ્ત" માટે પેહેલવી "અર્તવેહેશ્ત્" માંનો "અર્ત્" તેજ ઋત છે. એ સર્વેના અર્થ એજ મતલબના છે.

થાય છે. એનો બીજો અર્થ "સર્વેથી સારી સચ્ચાઇ, રાસ્તી," એમ પણ થાય છે; જે ઉપરથી એના બીજા અર્થો "સર્વેથી સરસ પ્રમાણીકપણું, સર્વેથી સરસ માર્ગ દેખાડનાર" ની મતલબના પણ થઇ શકે છે. "અષ વહિશ્ત" ને બદલે અવસ્તામાં અને મુખ્ય કરી ગાથામાં માત્ર "અષ" વપરાય છે.

જરથોશ્તીઓ અર્દિબેહેશ્ત અમશાસપંદ વિષે શું જાણે છે? મોટો ભાગ "અર્દિબેહેશ્ત" એટલે "આતશ" અને "અર્દિબેહેશ્ત અમશાસપંદ" એટલે "આતશપર મવકળ ફરેશ્તો" એટલું જાણવાપર સંતોષ પકડે છે. તે "બેહેશ્તની ચાવીનો રાખનાર" છે એવું પણ ઘણાંકો સમજે છે, પણ તેમ કેહેવામાં શું મતલબ સમાયલી છે તે અલબતાં થોડાકોજ સમજી શકે છે. અવસ્તાના શિખાઉ અભ્યાસીઓ તથા થોડા ઘણાં મોબેદો એથી વધુ એ જાણે છે કે અર્દિબેહેશ્ત અમશાસપંદ અશોઇ યાને પવિત્રાઇનો ફરેશ્તો છે.*

પણ અર્દિબેહેશ્ત અમશાસપંદના ખાસ કામો એથી પણ વધુ છે. દાદાર અહુરમજ્દે એને હસ્તક ઘણા કામો સોંપેલા છે અને તેઓનો એને નીઘેહબાન ઠેરવ્યો છે. સામટી રીતે જોતાં તે ગોયા અહુરમજ્દનો જમણો હાથ છે. કઇ કઇ બાબતો સાથ એને ઘાડો સંબંધ છે તે દરએક બાબદ માટે મેં એકકું પ્રકરણ રોકયું છે જે નીચે જણાવ્યા પ્રમાણે છે:—

૧ તે રાસ્તીનો ચાહનાર, પ્રમાણીકપણાને પસંદ કરનાર, અને સીધો રસ્તો દેખાડનાર છે, જેને લગતા ગુણો "અશોઇ" થી જુદા નથી.

૨ તે "અશોઇ" યાને "પવિત્રાઇ" નો મુખ્ત્યાર સાહેબ છે.

---

* ૩૦ મુબારક રોજોમાં ૩ જું તથા ૧૨ મુબારક માહોમાં બીજું "અર્દિબેહેસ્ત અમશાસપંદ" નું નામ છે તે અલબતાં તેઓ બચપણથી જાણે છે. "ફરવરદીન, અર્દિબેહેસ્ત અને ખોરદાદ વસંત રૂતુના મહીના છે"—બુનદેહેશ પ્ર૦ ૨૫, ૨૦.

૩ તે કુદરતનો નેઘેહબાન છે, યાતો કુદરતના બાબમાં અહુરમજદનો મદદગાર, કુદરતની તમામ રચનાઓપર મવકળ છે, જેથી તે મીનોઈ ભલી વ્યવસ્થા (Divine Good Order) અથવા રચના * તરીકે ગણાય છે.

૪ તે " ભલી†માંથ્ર " ના અસરકારક ભેદ ભરેલા કલામો ધરાવનાર યા તો " ભલી માંથ્ર " બનાવવામાં અહુરમજદનો મદદગાર છે, તથા દેવ–દરૂજો, પલીદી, જાદુઈ વગેરે નાપાકીઓને તોડનાર છે.

૫ તે ખાકી તથા મીનોઇ દુનિયાને લગતા તમામ આતશોપર મવકળ ફરેશ્તો છે.

૬ તે કુલે મીનોઇ તેમજ આ દુનિયાને લગતી ગરમી જેવી કે ખોરશેદની, બપોરની (રપિથવનની), મીનોઇ આતશની, આ દુનિયા માહેલા આતશની, આત્માની, બદનની, વગેરેનીનું અલંકારીક રૂપ છે.

૭ તે તમામ જાહેર અને અણદીઠ રોશનીઓ, જેવીકે ખોરશેદની, મહાબોખતારની, તારાઓની, ઝઝકળાંની, આતશની, બેહેશ્તની, વગેરેનું મૂળ છે.

૮ તે અશોઇના મૂળમાંથી ઉત્પન થતા તમામ સવાબના કામોનો, " હુમત, હુખ્ત, હવર્શ્ત " એટલે નેક વિચારો, નેક સુખનો અને નેક કરણીઓનો ચાહનાર, બેહેશ્તનો માર્ગ દેખાડનાર છે; અને એ રીતે જોતાં બેહેશ્તનો દરબાન યાને બેહેશ્તની ચાવીને રાખનાર એ કહેવાય છે.

આટલી કારકીર્દીઓ અર્દિબેહેશ્ત અમશાસપંદને લગતી છે, જેને લગતું બ્યાન અવસ્તામાં જગેજગ વીખરાઈ ગયું છે, જેનો સામટો સંગ્રહ અવસ્તા કે પેહેલવી લખાણોના કોઈપણ ચોકસ એક ભાગમાંથી મળવો મુશ્કેળ છે.

---

* Design of Nature.

† 𐬨𐬄𐬚𐬭𐬋 𐬯𐬞𐬆𐬧𐬙𐬋 " માંથ્ર સ્પેન્ત "

અર્દિબેહેશ્ત અમશાસપંદ અને રાસ્તી.

[illegible]

૦ [illegible] —યજશ્ને હા ૫૪, ફકરો ૧

શરૂઆતમાં મેં જણાવ્યું છે કે "અષ (અષ્ વહિશ્ત)"નો અર્થ જેમ એક ગમથી "અશોઇ" તેમ બીજી ગમથી "રાસ્તી" પણ થઈ શકે છે, જે બન્ને એકજ છે. યુરોપીઅન વિદ્વાનો જેવાકે ડાક્ટર વેસ્ટ અને ડાક્ટર હાઉગ "અષ" (અષ-વહિશ્ત=અર્દિ-બેહેશ્ત અમશાસપંદ) નો અર્થ Truth, Rectitude એટલે "રાસ્તી, પ્રમાણીકપણું," એ રીતે કરે છે. આ અર્થ તેઓ યુનાની ગ્રંથોમાંથી શોધી લાવ્યા છે. યુનાની ગ્રંથકારો પોતે આ અર્થ કદીમ જમાનાના દસ્તુરોના વિચારોપરથી શીખ્યા હતા. છેક ૨૧૦૦ વર્ષો ઉપર થઇ ગયલો સ્મીર્નાનો યુનાની ફિલસુફ હર્મિપૅાસ (Hermippus) "અષ વહિશ્ત"*ને યાને અર્દિબેહેશ્ત અમશાસપંદને "રાસ્તી"નો ફરેશ્તો જણાવી ગયો છે.†

---

* Cf. Greek Εὐνοίας Θέος & Θέοςἀληθείας તથા ગ્રીક વિદ્વાનોનો *Demiourgós Aletheias*. તથા સ્ત્રેબોનો *Ománes*.

† એ રીતે જોતાં "અષેમ્ વોહૂ"નો અર્થ જેમ "અશોઈ"ની મતલબમાં તેમ "રાસ્તી"ની મતલબમાં પણ થઈ શકે છે. "અષેમ વોહૂ" ની માએની સમજાવીને જરતોસ્તી બાલકને પેહેલો પાઠ જો "રાસ્તી"નો શીખવવામાં આવે તો તે ઘણું બરહક છે. આ પાઠ ઉપર બચ્ચાંની પાછલી જીંદગીના સુખનો આધાર રહે છે, કારણકે રાસ્તીથી, સાચું બોલવાથી, તેમજ નેક નિષ્ટા અને પ્રમાણીકપણું જાળવવાથી આકેબત ફાયદોજ છે. યુનાની ગ્રંથકાર હીરોડોટસ કહી ગયો છે કે કદીમ જમાનાંના ઇરાનીઓ પોતાના બેટાઓને ૨૦) વર્ષની વય સુધીમાં ત્રણ ચીજો શીખવવાપર વિશેષ ધ્યાન આપતા હતા—૧) ઘોડે સ્વારી, ૨) તીરંદાજી, ૩) સચ્ચાઈ. એજ ગ્રંથકાર વળી એવું કહી ગયો છે કે કદીમ જમાનાના ઇરાનીઓ જે કોલ આપતા તે તેઓ બોલેબોલ પાળતા હતા (જે માટે જુઓ "અથોરનાન, પેહેલવાન, ખેડુત તથા કારીગર"વાળો મારો રેસાલો પાના, ૩૪, ૩૬, તથા વધુ માટે જુઓ "મેહેરયશ્ત"). અસલના પેહેલવી

પણ રાસ્તી તે શું? સાચ્ચો અને સીધો રસ્તો તે વળી કયો? જે સાચ્ચો અને સીધો રસ્તો રાસ્તીનો, જે સાચ્ચો અને સીધો રસ્તો પ્રમાણીકપણાનો, જે સાચ્ચો અને સીધો રસ્તો દીનને લગતી ખરી ખુબીઓ બતાવનારો, અને સારાંશકે બેહેશ્ત તરફ પુગાડનારો છે, તે તેજ છે કે જે અશોઇ અખત્યાર કરવાનો છે.* આપણા રવાનને માટે ગુજરવા બાદ સારૂં મકાન મેળવવું હોય તો અર્દિબેહેશ્ત અમશાસ્પંદને રાજી રાખવો, અને તેને રાજી રાખવો હોય તો રાસ્તી અખત્યાર કરવી.

લખનારાઓ રાસ્તી માટેનો બોધ દઈ ગયા છે. પેહેલવી કેતાબ મીનો-ખેર્દના ૭)માં પ્રકરણમાં ૭) સદગુણો ઘણા મોટા તથા ઘણા ભલા જણાવ્યા છે તેમાં પેહેલો સદગુણ સખાવતનો અને બીજો "સચ્ચાઇ"નો જણાવ્યો છે. કેટલાકો એને ૯) સદગુણોમાંનો બીજો જણાવે છે. વળી ઉપલીજ કેતાબના ૩૭)માં પ્રકરણમાં ૩૩) સારા ગુણો જણાવ્યાં છે તેમાં પણ "સચ્ચાઈ"ને બીજી પદવી આપવામાં આવી છે.

* રાસ્તી માટે આટલું જણાવેલું અત્રે બસ થશે, કારણ કે જે મુખ્ય માન અર્દીબેહેસ્ત અમશાસપંદને આપવામાં આવે છે તે "અશોઇ"ની બાબતમાં છે. ગાથાઓમાં જણાવેલા "અષ"નો ભાવાર્થ જો "રાસ્તી"ની મતલબમાં લેવા માંગ્યે તો તેમ થઇ શકે છે અને માત્ર "રાસ્તી"પર એક જુદોજ રેસાલો લખી શકાય છે, પણ તેથી "અષ"ના બીજા ખાસ કામો અંધકારમાં રહી જાય છે. દાખલા તરીકે યજસ્તેના ૪૬ માં હા ના ૧૦ મા ફકરાનો એવી રીતે તર્જુમો કબુલ રાખ્યે કે "ઓ અહુરમજદ! જે કોઈ નર યા નારી આ દુનિયાની જીંદગીની સર્વોત્તમ બક્ષેસ જે "રાસ્તી" કે જે તેં પસંદ કીધી છે તે સચ્ચાઇના ફરેસ્તા "અર્દિબેહેસ્ત અમશાશપંદ" ને માટે અખત્યાર કરે તથા પાક મનસ્નીથી તે પર પોતાની સત્તા ચલાવે તો તેઓને તારી સ્તુતિ ગાવા તરફ હું ચલાવીશ (shall lead) અને તે સઘલાંઓને ચીનવત પુલની પેલે પાર બેહેસ્ત તરફ પસાર કરાવીશ"; તો અહીં રાસ્તીનો ફરેસ્તો અર્દિબેહેસ્ત અમશાસપંદ સાબેત થાય છે.

અર્દિબેહેશ્ત અમશાસપંદ અને અશોઈ.

[illegible]

[illegible]

[illegible] —યજશ્ને હા. ૩૭, ફ૦ ૪.

અષ એટલે અશોઈ.

હવે આપણે " અષ " (અષ-વહિશ્ત યાને અર્દિબેહેશ્ત અમશાસપંદ) ની તપાસ " અશોઈ " ના અર્થે લઈએ. જેમ " રાસ્તી " બાબે મેં આગલ જણાવ્યું છે કે " રાસ્તી " ને માત્ર " સરચાઇ " સમજી આપણને સંતોષ પકડવો ન જોઈએ પણ " નેક રાહ " " પ્રમાણીકપણું " એ મતલબમાં સમજવું જોઈએ, તેમ " અશોઇ " ને પણ માત્ર " બદનની સફાઇ" તરીકેજ નહીં, પણ " પવિત્રાઈ* " " નેક રાહ " ની મતલબમાં સમજવું જોઇએ છે. મુખ્ય કરીને ગાથાઓમાં " અષ " નો અર્થ " અશોઇ " વધારે બંધબેસ્તો થઇ પડે છે. ખુદ " અષ " શબ્દનો અર્થ " અશોઇ " છે અને એ અર્થેજ તે અવસ્તામાં વપરાય છે; જેમકે " અષવન્[1]" એટલે "અશો પુરૂષ"—" આઇ અષાઉમ્[2]" એટલે " ઓ અશો "—અહુરમજદ યશ્તમાં અહુરમજદ પોતાને માટે કહે છે કે " અષવ નામ અહ્મી[3] " એટલે "અશો નામવાળો હું છું" તથા "તુઇર્યં અષ વહિશ્ત[4]" એટલે " મારૂ ચોથું નામ સર્વોત્તમ અશોઈ છે."

એ તથા બીજા ઘણા દાખલાઓ ઉપરથી " અષ " નો અર્થ " અશોઇ " થાય છે એવું સ્પષ્ટ માલમ પડી આવે છે. ડૉકટર યુસ્તી, ડૉકટર ગાઇગર વગેરે "અષ" નો અર્થ "અશોઈ"

* એ બાબે જુઓ ૧૨ માં પાને આપેલી નોંધ.

૧ [illegible]—૨ [illegible] —૩ [illegible]

૪ [illegible]

કરે છે.* પ્રોફેસર દાર્મેસ્ટેટે પોતાના ફ્રેન્ચ પુસ્તક "અહુરમજદ અને હેરેમન" (Ormazd et Ahriman) માં અશોઇ બાબે સમજાવતાં આજથી ૪૦૦ વર્ષો અગાઉ "અષ" નો અર્થ "અશોઈ" ની મતલબમાં થતો હતો તેની સાબેતીમાં કહે છે કેઃ–

On a l'habitude de traduire *Asha* par le mot *pureté*: c'est le sens donné par la traduction Sancrite du yaçna, faite au quinzième siecle, et qui le rend par le mot *punya* "pur, pureté". Les Parsis modernes entendent bien en effet par le mot *Asha* ce que les Europèens peuvent entendre par "pureté", c'est-à-dire le bien moral sous toutes ses formes.

---

* કેટલાક તર્જુમાઓમાં "અષ" નો અર્થ "રાસ્તી" માત્ર કરવામાં આવ્યો છે, તે ગોટું ખવાડનારો છે, કારણ કે તેને સચ્ચાઈ યાને જુઠાથી ઉલટું તરીકે સમજવાનો દરેક સંભવ રહે છે. આ છેલા અર્થે "સચ્ચાઇ" માટે અવસ્તામાં એક જુદોજ શબ્દ વપરાય છે અને તે [illegible] "એરેજ" અથવા [illegible] એરેશ" છે, જેમકે ઉસ્તવઇતિ ગાથાના એક હા (યજશ્ને હા ૪૪) ની દરેક કવિતા (verses) ની પેલી લીટી "તત્ થ્વા પેરેસા **એરેશ્** મોઇ વઓચા અહુરા" એટલે "ઓ અહુરમજદ! તને હું પુછું તે વિષે તું મને સાચેસાચું કેહે" એ પ્રમાણે લખાણ છે. "એરેજ" અને "અષ" વચેનો તફાવત દેખાડવા "આવાયશ્ત" ના કરદા ૨૧ (ફકરા ૮૯) પર વાંચનારનું ધ્યાન ખેંચું છું કે જેમાં "એરેજવો અષાઉમ્ જરથુશ્ત્ર" [illegible] યાને "ઓ **સાચા** (અને) **અશો** જરથોસ્ત" એવું ખુલ્લું જણાવેલું છે. "એરેજ" ના બીજા આકારો માટે જુવો "અર્જુવચંઘ્" [illegible]=સાચો સુખન, "અર્જુખ્ધોવાક્ષ્" [illegible]=સાચો બોલાયલો સુખન (શરોષ હાદોખ્ત યશ્ત), "એરેજુખ્ધાઈ વચંઘ્હામ્" [illegible]=સાચા સુખનો ઉપર (યજશ્ને હા૦ ૩૧, ૫૦ ૧૯), વગેરે. "એરેજ" ઉપરાંત "સચ્ચાઈ" માટે અવસ્તામાં "હઇથ્ય" [illegible] (સ૦ सत्य) વપરાય છે, જેમકે "હઈથ્યા વર્શત" [illegible] ="સાચું કામ કરનાર."

Atteindre *l'asha* est lidéal suprême de l'adorateur de Mazda, et *asha-van* "sectateur ou possesseur de *l'asha*" est le titre suprême auquel il aspire ; or, toute la morale mazdèenne tient dans ces trois mots : *bonne pensée, bonne parole, bonne action*, et l'homme *asha-van* est celui qui a bien pensé, bien parlé, bien agi ; d'où il semble suivre que *l'asha* est réellement le bien moral, la pureté. યાને

"તેઓ (જરથોશ્તી દસ્તુરો) "અષ"નો અર્થ "અશોઇ" કરેછે. પંદરમી સદીમાં યજશ્નેનો તરજુમો* જે સંસ્કૃત ભાષામાં કરવામાં આવ્યો હતો, જેમાં તેનો અર્થ "પુન્ય" શબ્દથી કરવામાં આવ્યો છે, જે શબ્દનો અર્થ "પવિત્ર, પવિત્રાઇ" થાય છે, તે ઉપરથી ઉઠાડેલી મતલબનો તે છે. હાલના પારસીઓ "અષ" શબ્દ માટે ખરેખર તેજ સારી રીતે સમજે છે કે જે યુરોપીઅનો "પવિત્રાઇ" એટલે જે "નીતીને લગતી સર્વે પ્રકારની ભલાઇ" માટે સમજી શકે. "અશોઇ"ને પોંહોંચવું એ અહુરમજદને પુજનારની એક મોટી નેમ છે અને "અષવન્" (એટલે જે "અશોઇ ધરાવનાર") એક એલકાબ છે જેને તે અશો પુરૂષ પોંહોંચે છે; હવે મજદયસનીની સઘલી ખુબી તેના ત્રણ શબ્દોમાં સમાઇ રહેલીછે: નેક વિચાર, નેક સુખન, નેક કરણી,† અને "અષવન્" તે શખ્સ છે કે જેણે નેક ધાર્યું હોય, નેક બોલ્યો હોય, નેક કામો કીધાં હોય; જે ઉપરથી એવો સાર ઉઠે છે કે "અષ" ખરેખર તો નેક નિતિ યાને "અશોઇ" છે ‡.

આ મતને ટેકો આપનારી શાહાદત માટે જુઓ દીનકર્દ પુસ્તક ૯)મું, પ્રકરણ ૪૪)નો ફકરો ૧૨)મો.

---

* નઇર્યોસંઘ ધવળના સંસ્કૃત તર્જુમાં બાબે ઇસારો છે.

† હુમત, હુખ્ત, હ્વર્સ્ત; સંસ્કૃત सुमति, सुक्ती, सुकृति.

‡ પ્રોફેસર દામસ્ટેટે પણ પોતાના એજ રેસાલામાં "સાચ્ચુ વિચારવું, સાચું બોલવું, સાચાં કામો કરવાં" માટે "અર્ષ્મન્, અર્ષ્વચ્, અર્ષ શ્કયોથ્ન્" એ રીતે જુદા પાડે છે તથા તેઓને સંસ્કૃત ऋत, ऋतस्य, ऋथव्य, સાથ સરખાવે છે.

અશોઈ એટલે શું ?

આ સવાલ પ્રોફેસર દારમેસ્ટેટે પણ પોતાના ઉપલાજ રેસાલાની શરૂઆતમાં પુછે છે. તે સવાલ પેહેલી નજરમાં સેહેલ લાગે છે પણ સમજવાને તે કઠણ છે. "અષેમવોહૂ"ની બંદગી તેનો જવાબ આપી શકે છે કે

અષેમ્‌વોહૂ વહિશ્તેમ્‌ અસ્તી, ઉશ્તા અસ્તી; ઉશ્તા અહ્માઈ, હ્યત્‌ અષાઇ વહિશ્તાઈ અષેમ્‌.

અર્થ

"અશોઇ સર્વેથી સરસ નેઆમત છે, તે એક મુબારકબાદી (યા સુખ) છે; સુખ તે (શખ્સ)ને છે કે જે સૌથી સરસ અશોઇને માટે અશો છે."

આ બંદગી આપણને નાની લાગે છે પણ ફિલસુફીથી તે ભરપુર છે *. એની ભાષા ગાથાની ઢબપર રચેલી છે જે સમજવાને કઠણ છે. અશીશવંઘ યસ્તના ૨૦) માં ફકરાપરથી માલમ પડે છે કે અષેમવોહુની બંદગીના જોરથી હેરમન વદીક ધ્રુજયો હતો. અશો જરથોસ્તથી જ્યારે તેણે હારી ખાધી અને બીધો ત્યારે તેણે પોકાર મારી કહયું કે "જેમ લાલચોલ ધાતુ તપે તેમ અષેમવોહુનો મદદથી જરથોશત મને બાલે છે." આપણા ભણતરોમાં એ કટકે † કટકે આવ્યાથી "અશોઇ" માટેની આપણને તાજી યાદ તે

*જેમ કે શેખ શાદી કહેછે કે نه هر چه بقامت مهتر بقیمت بهتر યાને "નહીં કે જે ચીજ કદમાં મોટી તે કિંમતમાં વધારે" હોય.

† આ બંદગી ધીરજથી, પુર એતેકાદથી, તેના ભેદની સમજસાથે જો કોઇ પઢે તો તેને ઘણા ફાયદા છે. "હાદોખ્ત નુસ્ક" માં જણાવે છે કે ખોઆબમાંથી બેદાર થઈ બીછાણું છોડતી વખતે એકજ "અષેમ વોહુ" ચોકસ ધ્યાનથી જો કોઇ પઢે તો ગોયા ૧૦૦૦૦ "અષેમ વોહુ" પઢવામાં આવી હોય એટલી તેની કિંમતમાં વધારો થાય છે; તેની મતલબ એ ઉઠે છે જે ઉઠતી વેલાજ એક "અષેમ" સારી રીતે અને પૂર

આપતી રહે છે, કારણ કે અશો જરથોશ્તે પોતાની દીનનો પાયો "અશોઈ"પર રચ્યો છે. સૌથી પેહેલાં અશોઇ જાળવવી, પછી દીનપર ઓસ્તવાર રહી હુમત, હુખ્ત અને હવર્શ્તની ખુબીઓ હાંસલ કરવી અને તેના પરિણામ તરીકે છેવટે બેહેસ્તનો બદલો મેળવવો એ શીખવવાની તેની મકસદ છે.

આ રેસાલાના ૪)થા પાનાની ફુટ નોટમાં જેમ જણાવવામાં આવ્યું છે તેમ પ્રથમથીજ† બાળકોના કુમળા મગજપર "અશો-ઈ" યા "રાસ્તી"નો છાપ મજબુત બેસાડવો ઘટે છે, કારણ કે

સમજથી પઢવાથી પઢનારનો સારો દીવસ સીધો પસાર થાય, જે ટેવથી તેને સારૂંજ સુઝે અને સેવટે તેને મીનોઇ જેહાનમાં સારો બદલો મળે. વધુ માટે જુઓ પ્રો૦ વેસ્ટરગાર્ડની યશ્ત ૨૧) મીના ફકરા, ૫ થી ૧૭; યજશને આખો ૨૦ મો હા; અશીશવંઘ યશ્ત ૫કરો ૨૦ મો; ફરવરદીન યશ્ત ફ૦ ૯૪; હાદોખ્ત નુસ્ક ફ૦ ૭.

† જરથોસ્તી બાળક પેહેલે વેહેલું નિશાળે ભણવા જાય છે ત્યારે તેને "અષેમ વોહુ" ની બંદગી ભાગીટુટી રીતે ભરડી જતાં શીખવ-વામાં આવેછે. અલબતાં શરૂઆતમાં તેની માએની સમજવા જેટલી શક્તી તેનામાં હોતી નથી, પણ સમજમાં આવ્યા પછી તેની મતલબ સમજાવી તેને નીતિનો બોધ આપવામાં આવ્યો હોય તો બચગીમાં તેના ભેજાંપર પડેલો છાપ કદી પણ ભુસરઈ શકાવાનો નથી. ધર્મ નીતિનો બોધ જ્યાંસુધી શરૂઆતથીજ આપવામાં આવશે નહીં ત્યાંસુધી કોઈ પણ બાળક ઉમરમાં આવતાં દીનદાર બની શકશે નહીં. બચ્ચાંઓને ત્યારે શીખવવો જોઇતો પાઠ સચ્ચાઈ, પ્રમાણીકપણું અને પવિત્રાઈ માટેનો અગત્યનો ધડો છે. એને લગતી જે ખુબીઓ તેના કુમલા મગજપર ઠસાવવામાં આવે તે તેને છેલી ઘડી સુધી ઉપયોગી થઈ પડે છે.

ખેદ સાથ જણાવવું પડે છે કે ગુજરાનના સાંધનો શોધવાની મતલબથી હાલમાં કેળવણી આપવાનો હેતુ વધારે જણાય છે અને એક કેળવણી લેતો જવાન જો સંપુર્ણ કેળવણી લેવા (accomplished થવા) ચા-હતો હોય તો પોતાની દીનને લગતી કેળવણી વગર સંપુર્ણ કેળવણી પામેલો તે કેહેવાઈ શકાયજ નહીં.

યઓજ્દાઓ મશ્યાઇ અઇપી જાથેમ્ વહિશ્તા, હા યઓજ્-દાઓ જરથુશ્ત્ર યા દએન્ મજ્દયસ્નીશ્ યો હવાંમ્ અંઘવામ્ યઓજ્દાઇતિ હુમતાઇશ્ચ હુખ્તાઇશ્ચ હવર્શ્તાઇશ્ચ.

—વંદીદાદ પરગરદ ૫) ફકરો ૨૧) મો.*

અર્થ

"અશોઇ માણસને માટે જન્મથીજ ઘણી સારી છે. તે કે જે મજ્દયસ્નની દીન છે તે "અશોઇ" છે. કોઇ પણ શખ્સ સારા વિચાર, સારા સુખન, તથા સારા કામોથી પોતાના અંતઃકરણને પવિત્ર કરી શકે છે."

પવિત્રાઈ—ધર્મનીતિ.

આગલ ૧૦ માં પાને મેં જણાવ્યું છે કે "અશોઇ" જરથોશ્તી દીનનો મુખ્ય પાયો છે, જેમાં નીતિનો પણ સમાવ છે. આદમી જો હેવાનથી ચઢીયાતું ગણાતું હોય તો તેને પરવરદેગારે બક્ષેલા

વધુ અફસોસકારક રીતે ધ્યાન ખેંચવા જોગ એ છે કે જે કેળવણી આજ કાલમાં હલકા માબાપો પોતાના બચ્ચાંઓને આપે છે તે બાપની વાત માએ આગલ કરવાની, માએની વાત બાપ આગલ કરવાની, છકાવવાની, પાડોશીઓનો રીપોર્ત લાવવાની, અને એ રીતે બચપણથીજ કુથલા કરવાની છે; અને વધુ શરમભરેલું એ છે કે પોતાના બચ્ચાંઓની હાજરીમાંજ કેટલાક માબાપો લોકોની નીંદા કરે છે જે ચતુર બચ્ચાંઓને શીખવાને વીલંબ લાગતો નથી. આવો તમાશો ઘણું કરીને ચેલીપર રેહેનારાઓમાં વિશેષ જોવામાં આવે છે જેથી એલાહેદા મકાનોમાં રેહેનારા યા આબરૂદાર પાડોશીઓ ધરાવનારા અધીપતીઓ યા જાહેર લખનારાઓ આ જાણી ન શકતા હોય યા પત્રદ્વારે આવા કુથલા જાહેરમાં લાવવાને અચકાતા હોય તો તે બનવા જોગ છે.

* વળી જુઓ યજશ્ને હા ૪૮, ફકરો ૫ મો; તથા વંદી૦ પરગ૦ ૧૦, ફ૦ ૧૮, ૧૯. જંદ હરફ માટે જુઓ પાનું ૧૬ મું.

અક્કલના ગોહેરને માટે અને તે અક્કલની મારફતે નીતિને લગતા ચોક્કસ કાયદા કાનુનો જે તે જાળવતો હોય તેને લીધે છે. પવિત્રાઇના પણ ચોક્કસ કાયદા કાનુનો જરથોશ્તી દીનમાં જણાવવામાં આવ્યા છે જે અગરજો પુર સાવચેતીથી જાળવવામાં આવ્યા હોય તો તેઓ આ દુનિયાને માટે તેમજ પેલી દુનિયાને માટે આપણને ફાયદાકારક છે, તન અને મન બન્ને માટે ફાયદાકારક છે.

પવિત્રાઇ*ના બે મુખ્ય વર્ગો છે,—એક તનને લગતી પવિત્રાઈ, બીજી મનને લગતી પવિત્રાઇ.

તનને લગતી પવિત્રાઈ. †

આ દુનિયામાં ખાવું, પીવું, રેહેવું, પેહેરવું, વગેરે જો નિયમીત હોય અને એ સઘલાનો પાયો પવિત્રાઇના તત્વો ઉપર રાખવામાં આવ્યો હોય તો તેમાં દરેક રીતનો ફાયદો છે. તેથી તનદુરસ્તી સારી રહે છે, (જેને જાળવવી એ જરથોશ્તી દીનની એક સખ્ત તાકીદ છે,) તેથી માંદગી, નાપાકી, રીમની, મરકી, વગેરે દુર થાય છે, જેઓથી કેમ પરહેજ‡ રેહેવું તે બાબે વંદીદાદ (પરગરદ ૫મી

* "પવિત્રાઈ" તેની મુળ મતલબમાં "અશોઇ" છે. હિંદુઓ પણ એને એજ અર્થે સમજે છે, જ્યારે સફાઈ, ચોખ્ખાઈ (cleanliness) માટે તેઓ "સ્વચ્છતા, સુઘડતા" શબ્દો વાપરે છે.

† "તનને લગતી પવિત્રાઇ" બાબે ખુલાસાવાર "મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમાનો" વાળા મારા એક જુદા રેસાલામાં વિગતવારે મેં જણાવ્યું છે.

‡ જમવાની, પીશાબ પાણીની, વગેરે કેટલીક બાજો તથા નીરંગો પઢવાની મતલબ અહુરમજદને યાદ કરવાની, હેરેમન તથા નાપાકીઓ ઉપર લેઆનત નાખવાની તથા કેટલીક ચીજોના ગેરઉપયોગપર અંકોશ મેળવાની છે, તેથી તે પણ જાળવવી સારી છે. (જુઓ યજશ્ને હા૦ ૮ તથા વંદીદાદ પરગ. ૧૮)

વગેરે) ઘણું અજવાળું નાખે છે. પ્રોફેસર દાર્મસ્ટેટે કહે છે કે Cleanliness is next to Godliness તેમ અહુરમજદના માર્ગને પોહોંચવાનો રસ્તો તે પવિત્રાઈ છે.

તનને લગતી પેહેલી સુઘડતા ખુદ આપણા બદનને સાફ રાખવાથી, હાથ, પગ, મોહું ધોવાથી તથા વધારે સારી રીતે તો અંગોળ કરવાથી જળવાઈ શકે * છે. આ નિયમ જાળવવા માટે જરથોશ્તીઓને પાદીઆવ કસ્તી કરવાની દિવસમાં બે ચાર વાર સારી તકો મળે છે. તેઓ ઘણું કરી રોજ અંગોળ કરે છે, તથા સહવારના પહોરમાં બીછાણું છોડયા પછી, હાજતે ગયા પછી, તથા જમવા બેસવાની અગાઉ, હાથ, પગ, મોહું ધોઈ કુસ્તી કરે છે; જેથી બદનને નજીશ્તાઇથી મોકલું રાખવા ઉપરાંત તે પેદા કરનારને યાદ કરવાની, ગુનાહ માટે પસ્તાવો કરવાની તથા પોતાની દીન માટેના સાબુત એકરાર કરવાની તેઓને જોગવઇ મળે છે. આવી સુંદર તકો ખોહોનાર કેવો મુર્ખ હશે! નાહાન નાહાવાથી આપણા શરીરને નાપાકીથી પવિત્ર કરવાની ખરી નેમ તેની મુળ મતલબમાં જળવાઇ શકે છે, અને એજ કારણસર નહાન નાહયા પછી આપણને ઓર ખુશી ઉપજે છે.† યજશ્નેના ૧૦) મા હાના ૮) માં ફકરાપરથી માલમ પડે છે કે

---

* આ સંતોષકારક બીના લેખી શકાય કે આવી વખતે નીરંગનો ઉપયોગ કરવાથી શું શું ગુણકારક ફાયદાઓ થાય છે તે છેલી મરકીએ આપણને શીખવ્યું છે. એ બાબે વધુ માટે જુઓ "મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમોનો" નામનો મારો રેસાલો પાના ૧૨, ૧૭.

† વંદીદાદની ૮ મી પરગરદના ૪૧ થી ૭૧ માં ફકરાઓમાં, તથા ૯ મી પરગરદના ૧૫ થી ૨૬ માં ફકરાઓમા રીમન નાહાનારાઓ માટે ચોક્કસ રીતોથી અંગોળ કરવા ફરમાવે છે તેમાં એક ગમથી ચોકસ કાયદે નાહાયાથી બદનની ગરમી જળવાય છે તેમ બીજી ગમથી બદન-પરથી નાપાકી રફતે રફતે દુર થાય છે તે માટેનો ઇસારો છે.

હોમનો રસ અથવા હોમની યજશ્ને કરવામાં આવેલું પાણી ખુશાળી ઉત્પન્ન કરનાર પવિત્રાઈ લાવે છે (અપ્ હચઈતે ઉર્વાસ્મન્). બરસનુમનું નાહાન પવિત્રમાં પવિત્ર છે. એની ક્રિયા ૯ દીવસ ચાલુ રહે છે. *

બદનને લગતી બીજી સુઘડતા લુગડાંના બાબમાં રાખવી ઘટે છે. સ્વચ્છ કપડાં પેહેરવાં તથા બનતાં સુધી રૂના પોશાકો પેહેરવાં સારાં છે એવું પેહેલવી કેતાબ મીનોખેરદમાં જણાવ્યું છે. †

બદનને લગતી ત્રીજી સુઘડતા મકાનના બાબમાં રાખવી જોઈએ. આપણા હસ્તકનું મકાન તથા જગ્યા સાફ રખાઈ હોય તો તેથી જમીનનો ફરેશતો આશીર્વાદ દે છે. આપણા મકાન માહેલા આતશ તથા પાણીને નજીષ્ટાઈથી દુર રાખવાં એવું વંદીદાદ ફરમાવે છે. ‡ (વંદીદાદ પરગ૰ ૩, ૬, ૭, ૧૬. એ બાબે જુઓ "પાણી, જમીન અને ઝાડપાન"વાળો મારો રેસાલો.)

બદનને લગતી ચોથી સુઘડતા ખાવા પીવાના બાબમાં રાખવી જોઈએ. §

---

* એ બાબે વધુ માટે જુઓ "અથોસ્નાન" વગેરે વાળો મારો રેસાલો પાના, ૯, ૧૮, ૧૯, ૨૦.

† આપણું પોતાનું બદન સાફ હોય, પણ નજીષ્ટ શખ્સોના સંબંધમાં આપણે નજદીક હોઈએ તો તે ફોકટનું છે. (વધુ માટે જુઓ વદી૰ પરગ૰ ૫, ૬૦, ૫૭, ૫૮, ૫૯).

‡ નજીષ્ટ શખ્સોને આપણાં મકાનમાં દાખલ કર્યે તો તે પણ રદ છે.

§ જે પ્રમાણે નજીષ્ટ ચીજ ખાધાથી આપણને નુકસાન થાય છે, તેમ નજીષ્ટ શખ્સના હાથની કંઇ ચીજ ખાધી હોય તો તે પણ આપણને નુકસાનકારક છે. જુદદીનો પીશાબ કીધા પછી, બીડી પીધા પછી, કે મોંહોમાં હાથ નાખ્યા પછી, હાથ ધોતા નથી; તેથી તેઓ ફુવડ ગણાય છે. તેઓને ગમે એટલા સમજાવી કહો, તેઓ તોય પણ પોતાની રૂઢીને વલગી રેહેવાના, જેમકે સેખશાદી કહેછે કે "વરૂંના બચ્ચાં આદમીની તરબીયતથી ઉછરે, તોય તેઓ આખર વરૂં થવાના."

જે જુદદીનો સફાઇ સુઘડાઇ વાપરે છે તેઓ ફાયદો જોય છે. જરથોશ્તી દીનના તરીકા મુજબ જેઓ ચોખ્ખાઇ વાપરે તેઓ બહારથી દેખાતા* સુઘડ જુદદીનો કરતાં વધારે સરેષ્ટ ઠડે છે, પણ તેથી ઉલટા ચાલે તો તેઓ જુદદીનો કરતાં પણ બદતર છે.

સ્કુલોના ઇનામના મેલાવડાઓમાં પ્રમુખસ્થાને બીરાજનાર કેળવણીના હિતેચ્છુઓ જેમ બોધ દે છે કે મનની કેળવણી સારૂં તનની કેળવણીની જરૂર છે, તેમ આપણને કબુલ કરવું જોઇએ કે મનની પવિત્રાઇ સારૂં પ્રથમ તનની પવિત્રાઇની અવશ્ય જરૂર છે. ઉદ્યોગ અને શરિરની કસરતથી તનની પવિત્રાઇ વધુ સારી રીતે જલવાઇ રહે છે.

મનને લગતી પવિત્રાઈ.

એ બાબમાં જરથોશ્તી ફિલસુફીનું મંડાણ થાય છે. તે અશોઇ કે જે પાક મનની, જે બહમન અમશાસપંદ ("વોહુ-મન" યાને "ભલા મન") ની મારફતે મેળવવાની છે તે આત્માને લગતી છે (Purity of mind and soul) જે પવિત્રમાં પવિત્ર દાદાર અહુરમજદ તથા તેના મકાન તરફ પોંહોંચાડનારી છે. દાદાર અહુરમજદના દરેક કામ તરફ દિલસોજી બતાવવા માટે, તે સાહેબની દરેક નેમો પાર ઉતારવા માટે, તેના દુશ્મનો (હેરેમન તથા દેવો) ને તોડવા માટે તથા તે સર્વ શકિતવાનની ફત્તેહનો

* તેઓની કેટલીક રીતો કઢંગી છે. તેઓ લુગડાં સાથે નાહે, ટબમાં બેસી નાહે, મોલ્ડમાં મોહડું ધુએ, અને એ રીતે તેઓના શરીરનો પરસેવો કે મોઢા માહેલી થુક આમેજ થવા પામે—મકાન સાફ રાખે પણ ઢેડ ચમાર, વગેરેને ઘરમાં આવવા દે—ચમચા કાંટાએ ખાય, પણ મોંઢાનો બાફ કે દુરઃગંધ પલેતમાંથી દીશમાં અને દીશમાંથી પલેતમાં દાખલ થવા પામે—કિંમતી લુગડાં પેહેરે, પણ નજીષ્ટ શખ્સોને અડકવાથી લુગડાંના છિદ્રો (pores) માં નજીષ્ટાઇ દાખલ થાય—મોંઢામાં હાથ ઘાલે કે હાજતે જઈ આવ્યા પછી મોંઢું હાથ ધુએ નહીં—તો જરથોસ્તી દીનના કાયદા મુજબ તેઓ સુઘડ નહીં પણ ફુવડ કહેવાય અને તે છતાં પારસી જાંગલાઓ દેખતાં આંધલા બને છે.

જુહુન્ડો ઉડાવવા માટે જે આશા દાદાર અહુરમજદ આપણી તરફથી રાખે છે તે "અશોઇ"ની છે, જેના મૂળ પાયા ઉપર આપણી દીનનો આધાર છે; અને આજ કાનુન (formula) માં આપણી દીનને લગતી ફિલસુફી સમાયલી છે. એના જુહુન્ડાની નીશાણ તે "હુમત–હુખ્ત–હવર્શ્ત" છે. જે શખ્સે પોતાના મનમાં પક્કોજ ઠરાવ કીધો હોય કે તેને પોતાનું મન અશોઇથીજ ભરપુર રાખવું તો તેને બીજાના બોધની ઝાઝી જરૂર રેહેતી નથી. પણ જેના મનમાં અશોઇનો ખ્યાલજ નહીં તેના બાબમાં અશોઇમાટે તલબ કરવી એ દીવાલ સામે અખરોટ ફેંકવા બરાબર છે.

જરથોશ્તી દીનપરનું યકીન.

[illegible]
[illegible]
[illegible]
[illegible] વંદીદાદ, પરગરદ ૫) ક૦ ૨૧*

અંતકરણ પવિત્ર કેમ થાય તે માટે મારે જણાવવું જોઇએ છે કે, જ્યાંસુધી પુર એતેકાદથી, દ્રઢ વિચારથી, ઓસ્તવારીથી, તથા દીલોજાનથી જરથોશ્તી દીનને કબુલ રાખી "અશોઇ"નો ખ્યાલ કોઈ શખ્સ ન કરી શકે, ત્યાંસુધી તેનું અંતકરણ સાફ રહેનાર નથી, તે સંપુર્ણ "અશોઇ" ને પુગી શકનાર નથી, અશો જરથોશ્તની ઉંડી ફિલસુફીને તે પોંહોચી શકનાર નથી, અને "અશોઇ" ની બક્ષેસ અને "અર્દીબેહેશ્ત અમશાસપંદ" ની મેહેરબાની તે મેળવી શકનાર નથી† જેમકે વંદીદાદ પરગરદ ૫,

* જુઓ પાનું ૧૧ મું, તથા નોંધ.

† જેમકે "તે ફાયદો (તથા) તે ફતેહ હમો આપીએ છિએ કે જે સારા મૂળની બંદગી છે; જે અશોઈની પુઠ પકડનારી અને તાબેદારીની નારી છે"—યજસ્તે હા૦ ૫૮, ૫૦ ૧.

ફ૦ ૨૧ અથવા પરગરદ ૧૦, ફ૦ ૧૮ માં જણાવવામાં આવ્યું છે કે "નેક વિચાર, નેક સુખન તથા નેક કરણીથી કોઇ પણ શખ્સ પોતાના અંતઃકરણને પાક કરી શકે છે" (જુઓ પાને ૧૬ માં ટાંકેલા અવસ્તા). દીનકર્દમાં* એ બાબેનું લખાણ એવી મતલબનું મળે છે કે "જેનું મન દીન ઉપર ભલું ન હોય, અને તે શખ્સ ઘણુંબી ભણે, ઘણાબી સારા કામો કરે, તોય તે દીનના તરીકા મુજબ નથી. પોતાની જબાનથી તથા કામોથી નાનામાં નાના ગુનાહ માટે પણ પસ્તાવો કરે, પણ જો તેનું મન માફી મેળવવાને લાયક ન હોય તો તેનું નીવારણ થનાર નથી." અવસ્તાના અભ્યાસી તથા વિદ્વાન યુરોપીઅનો આપણી દીનની મોતેબરી વિષે જે સારૂં મત આપે છે તેનું પુરતું અવલોકન આપણને કરવું જોઇએ છે. પ્રોફેસર હાર્લે કહે છે કે "જરથોશ્તી દીનમાં દર્શાવેલી નીતિ ઘણીજ ચઢીયાતી છે, જેમાં મુખ્ય નીતિઓ જે **અશોઈ, સચ્ચાઈ,** પરોપકાર, વગેરે છે તેપર કેવી રીતે અમલ કરવો તે તે શિખાડે છે." ડૉકટર ગાઇગર આશા બતાવે છે કે જરથોશ્તી ધર્મ પુસ્તકોના ચાલુ વધુ અભ્યાસથી પુર્વ અને પશ્ચીમ ખંડોના લોકો એક બીજાના નજદીક સંબંધમાં આવશે. એજ વિદ્વાન "અષ્"નો અર્થ કેટલીક ગમ "ઈમાન" કરે છે.

અશોઈની તારીફ.

ખરી રીતે જોતાં તો "અષેમ વોહૂ"ની દેખઇતી નાની બંદગી "અશોઇ" માટેનું એક problem† છે, જેને solve કર્યા પછી અશોઇના ભીતરમાં પોંહોંચવાને આપણને સેહેલ પડે છે; એટલે તે બાબે અગત જોગું જાણ્યા પછી તે વિષેનું વધારે જાણવાને આપણને મુશ્કેલ લાગશે નહીં. "અશોઇ"ની તારીફ માટે અવસ્તા તથા પેહેલવી લખાણો શું કહે છે તેના થોડાક ફકરાઓ નીચે રજુ કરૂં છું:—

---

*દસ્તુર પેશોતનનું દીનકર્દનું પુસ્તક ૨)જું, પાનું ૬૬ મું.

† તર્ક શાસ્ત્રમાં કહેવાતો વિવાદ વિષય; તેને solve કરવું=તેનો ખુલાસો કરવો.

"જે સૌથી સરસ (સંપુર્ણ) *અશોઇ છે તેને વખાણીએ છિએ, જે સોથી બુલંદ, જે ફાયદા કરનારી અને અમર્ગ, જે પ્રકાશીત, અને જે સર્વે ભલાઇઓ (ધરાવનારી છે)"—યજશ્ને હા૦ ૫ તથા ૩૭નો ફ૦ ૪—જે હપતંગ યશતના કરદા ૩ જો—જેના અવસ્તા ૬ ઠા પાનાની શરૂઆતે મેં ટાંકી બતાવ્યા છે.

આ દુનિયામાં અશોઇની હદ કયાં સુધી ચાલુ રેહેશે તે બાબે જણાવતાં દીનકર્દમાં કહે છે કે "જાણવું કે હદવાળો વખત ફ્રશોકેરેત (આ દુનિયાને લગતા જમાનાના છેલા સુધારાને લગતા વખત) સુધી દીનને લગતો, આદમીના દીલની અંદર "અશોઈ" અને દીનદારી ચાલુ રેહેવાથી છે"—દસ્તુર પેશોતનનું દીનકર્દ પુસ્તક ૬ઠું નાં૦ ૨૨૧, પાનું ૩૨૯ મું.

અશોઇની વખાણ ગાતાં તથા અશોઓના રવાનોની યાદ કરતાં યજશ્નેનો પઢનાર દુવા ચાહે છે કે

"અશોઇની પ્રકાશીત રોશ્નીઓને અમે વખાણીએ છિયે કે જેમાં અશો લોકના રવાનો જેઓ અશો ફ્રોહરો છે તેઓ રહે છે. અશો લોકના ચલકાટવાળા બેહેશ્તને વખાણીએ છિયે.—યજશ્ને હા૦ ૧૬, ફ૦ ૭.

યજશ્નેમાંથી ખુદ "અશોઇ" ની તારીફના બીજા ઘણા† ફકરાઓ મળી શકે છે, પણ તેઓ લગભગ એકસરખી મતલબના છે, એટલે એકસરખું પીજન ન કરતાં ગાથાઓમાંથી થોડાક વધુ દાખલા ઉમેરીશ. અશો પુરૂષની વખાણમાટે એક ખાસ જુદુ પ્રકરણ મેં બનાવ્યું છે (જુઓ પાનું ૨૮ મું).

---

* આ ફકરાનો અર્થ "અર્દાબેહેશ્ત અમશાસપંદ"ની સ્તુતિમાં બી લઇ શકાય છે, પણ એની આગલ તથા પછીના ફકરાઓમાં (કરદો ૪ થો હા૦ ૩૮ માં) સર્વે પેદાયશોને તેઓના (abstract qualities) ભાવવાચક ગુણોમાં લીધેલી છે તેથી એનો અર્થ ઉપર જણાવ્યા પ્રમાણે કરવો દુરસ્ત જણાય છે.

† વધુ માટે જુઓ યજશને હા૦ ૭ નો ફ૦ ૨૪; હા૦ ૮ ના ફ૦ ૧, ૨, ૩; હા૦ ૧૩ નો ફ૦ ૬, હા૦ ૧૬ ના ફ૦ ૩ અને ૭, વગેરે.

જયારેબી અશોઇની ખાહેશ રાખવામાં આવેછે ત્યારે ગાથા ભણુનાર જગ્યેજગ્યે "અષ્"ની મદદ માંગે છે.

ગાથા ભણુનાર અરજ ગુજારે છે કે

"ઓ અહુરમજદ! ખાકી તથા મીનોઇ એ બેહુ દુનિયાના ફાયદાઓ જે "અશોઇ"થી મળી શકે છે તે તું મને આપ, કે જે ફાયદાઓથી ખુશીભરેલું સુખ મળી શકે છે."—(યજશ્ને હા૦ ૨૮, વે૦ ગા૦ ફ૦ ૩--ગાથા અહુનવઈતિ.)

"અશોઇ" કંઇ સર્વેની સરજતમાં હોતી નથી. તે મેળવવાનું તથા જાળવવાનું વિકટમાં વિકટ કામ છે. એક પગલું બી જો તેમાં ચુકાયું, તો જેમ દરિયામાં એક વખત ઓટ થવા માંડી કે સઘલું ઘસડાતું જાય છે, તેમ તે ડગલું ચુકનાર અશોઈથી વેગલો દુર ઘસડાતોજ જાય છે અને છેવટે ખાડામાં પડે છે. ઘણીક વેળા એવું બને છે કે કેટલાકો દીનને લગતી મોતેબરી બરાબર સમજે છે અને અશોઇથી શું ફાયદાઓ મળે છે તે તેઓ બરાબર જાણે છે, છતાં તેઓ અપવિત્રાઇના એવા કામો કરે છે કે જે તેઓને ન છાજે. અશો જરથોશ્તને તે બીના સારી રવેસે રોશન હોવી જોઇએ કારણ કે તે માટે બલાપો કરતાં તે મહાગુરૂ ફર્યાદ કરે છે કે

"ઓ અહુરમજદ! તારા બુલંદ ડહાપણને પીછાનવા છતાં નેક મનશ્નીથી બીનદરકાર રહીને દુષ્ટકર્મો કરનારા તરીકે જેઓ જીંદગી ગુજારે છે તેવા શખ્શો આગળથી "અશોઇ" એકદમ દુર નાહાસી જાય છે, જેવી રીતે કે જંગલી ખરફસતરો હમારી આગલથી નાહાસે છે"—(યજશ્ને હા૦ ૩૪, ફ૦ ૯—ગાથા અહુનવઇતિ).

પણ જેઓ સાચો માર્ગ અખત્યાર કરે છે તેઓની નેકીનો બદલો ખાલી જતો નથી, જેમ કે

"અશોઇથી ઉત્પન્ન થતા નેક વિચાર, નેક સુખન, તથા નેક કરણીને માટે અહુરમજદ આપણને ભલા મીનોની

મારફતે આબાદી તથા અમર્ગી (યાને બેહુ જેહાનનું સુખ) તેમજ હકુમત અને સંપૂર્ણ મનશની આપે છે."—(યજશ્ને હા૦ ૪૭, ફ૦ ૧—ગાથા સ્પેંતોમદ.

અહુરમજ્દ, અશોઈનો પિતા.

[illegible]

અર્દિબેહેસ્ત અમશાસપંદ અશોઈપર મવકળ સરદાર છે ખરો, પણ જેમ દરેક* બાબતમાં તેમ આ બાબતમાં પણ દાદાર અહુરમજદ પોતે અશોઈમાં સર્વોપરી, અશોઈનો પિતા યાને મૂળ તરીકે ગાથાઓમાં કેહેવાયો છે. ગાથા સ્પેન્તમૈન્યુ (સ્પેન્તોમદ) માં જણાવે છે કે:—

"ફકત પોતાની હરવેસ્પ આગાહીની દાનાઇથી અહુરમજ્દ અશોઈનો પિતા છે."—યજ્શ્ને હા૦ ૪૭, ફ૦ ૨. જુઓ ઉપર ટાંકેલા અવસ્તા.

ઉશતવઇતિ ગાથામાં પણ એવીજ પ્રકારનું લખાણ મળે છે, જેમાં અશો જરથોશ્ત દાદાર અહુરમજ્દને પુછે છે કે,

"તને હું પુછું ઓ અહુરમજ્દ! તેનો તું રાસ્ત જવાબ દે કે પ્રથમ અશોઈનો પેદા કરનાર પિતા તારા સિવાય બીજો કોણ (હતો)? (યજશ્ને હા૦ ૪૪, ફ૦ ૩). એટલે તે દાદાર અહુરમજ્દ પોતે હતો એવું અશો જરથોશ્ત ભાર મુકીને કહે છે.

"આતશ" ને અવસ્તામાં "અહુરમજ્દનો પુત્ર" કેહેવામા આવ્યો છે યાને અહુરમજદનો એટલો તે માનીતો છે. આતશ અર્દિબેહેશ્ત અમશાસપંદને લગતી ચીજ છે તેથી, તેમજ અમશાસપંદોમાં "અર્દિબેહેસ્ત" અહુરમજ્દ સાથે વધુ સંબંધ ધરાવે છે તેથી અહુરમજ્દ "અષ"નો (અશોઈનો) પિતા ઠરી શકે છે‡.

---

*અહુરમજ્દે પોતાની કુદરતની સલતનત અમશાસપંદોમાં વેંહેંચી આપી છે, પણ દરેક બાબતમાં કુળ મુખત્યાર સાહેબ તો તે પોતે છે.

‡ જુઓ ઉપલીજ નોંધ.

"અહુરમજ્દ યશ્ત" માં અહુરમજ્દ પોતાના પેહેલાં જે ૨૦) નામો રજુ કરે છે તેમાં "તુઇર્યે અષ વહિશ્ત (નામ આહ્મી)" યાને "(મારૂં) ચોથું (નામ) સૌથી સરસ અશોઇ (છે)" એવું તે ધારણ કરે છે તથા બીજા વધુ નામોમાં "અષ નામ અહ્મી" "અષવ નામ અહ્મી," "અષવસ્તેમ્ નામ્ અહ્મી," એટલે "હું અશોઇ નામવાળો છું," "હું અશોઇવાળો, (એવા) નામ વાળો છું," "ઘણીજ અશોઇવાળો (એવા) નામવાળો હું છું" એવી રીતે ૪ ઠેકાણે પોતાનું નામ "અષ" ના સંબંધમાં દે છે, જ્યારે બધા મળી આસરે પોણોસો નામોમાં બીજી કોઇ બાબતને એવી અગત્યતા આપવામાં આવી નથી.

એવી રીતના આકારમાં અહુરમજ્દને વળી સરોષ યશ્તમાં રજુ કરવામાં આવ્યો છે, જેમાં તેને "બુલંદ સરદાર જે અહુરમજ્દ, જે અશોઇમાં સૌથી વધારે ચઢતો, જે અશોઇમાં ઘણીજ મદદ કરનારો, તેને હમો વખાણીયે છિયે" એવી રીતે રજુ કરવામાં આવ્યો છે (સરોષ યજદની બન્ને યશ્તોમાં જુઓ "અહેરચ ખરેનંવહેચ" વાળો ભાગ જે કરદે કરદે પઢાય છે). એજ પ્રમાણે વળી યજશ્નેના પેહેલા હાના પેહેલાજ ફકરામાં એને [illegible] યાને "અશોઇમાં સૌથી ઉપર" એવું વિશેષણ લાગુ પાડવામાં આવ્યું છે.

અર્દિબેહેશ્ત અમશાસપંદનો અહુરમજ્દ સાથ સંબંધ.

Ahuramazd's most conspicuous attributes are **Asha**, "Holiness" and **Chisti**, "Wisdom"–Dr. Geiger†.

† "Civilization of the Eastern Iranians in ancient times," an English translation from the German of Dr. Geiger's, by (Naib Dastoor) Darab Dastoor Peshotan. જ્યાં જ્યાંબી ડાકટર ગાઈગરનું નામ જણાવવામાં આવે ત્યાં એજ ખુલાસો સમજવો.

ગાથાઓમાં અહુરમજદને સૌ સૌના કામપર નીમાએલા અમશાસપંદો સાથ ભેલવામાં* આવ્યો છે યાને અહુરમજદના કામમાં અમશાસપંદોની મદદ છે, જેથી એ સવલા ભેગા મળી ખાકી તથા મીનોઈ દુનિયાઓ ચલાવે છે. તેમાં બીજા અમશાસપંદો કરતાં અહુરમજદ અને અષ (યાને અષવહિશ્ત=અર્દિબેહેશ્ત અમશાસપંદ) ને એક બીજા સાથ વધારે અતલગના સંબંધમાં આપણે જોઇએ છિયે. તમામ ગાથાઓમાં "અહુરમજદ"નુ નામ ૨૦૦) વખત, "અષ"નું નામ ૧૮૦) વખત, બહમનનું નામ ૧૩૦) વખત દેવાયું છે; જ્યારે બીજા ફરેશતાઓના નામો એથી ઘણી ઓછી વખતે દેવાયાં છે.

જર્મન વિદ્વાન ડૉકટર ગાઇગર જણાવે છે કે "અહુરમજદના ઘણાજ દેખઈતા (અતલગના અથવા અંગત) ગુણો તે 'અષ' એટલે 'અશોઇ' અને 'ચીસ્તી' એટલે 'ડહાપણ' છે" (જુઓ ૨૧ માં પાનાનું ઇંગ્રેજી લખાણ).

ડૉકટર હાઉગ જણાવે છે કે "અષ વહિશ્ત ખુદ અહુરમજદનું પોતાનું સંધાન યાને તંત્ર (God's own Providence) છે;" એટલે જેબી કે અહુરમજદ તપાસે છે તે અર્દિબેહેશ્ત અમશાસપંદની મારફતે તપાસે છે.

* જુઓ એ બાબેની સમજ ૨૦ માં પાનાની ફુટ નોટમાં. અહુરમજદ અમશાસપંદોમાં ભેલાયલો છે તેની વધુ સમજ એ છે કે હફતંગયસ્તમાં "સાત અમશાસપંદો" જણાવ્યા છે. અહુરમજદ યસ્તના તથા અર્દીબેહેસ્ત યસ્તના સરૂઆતના ભાગોમાં "હમો અમશાસપંદો" એવી રીતે અહુરમજદ કહે છે તથા અહુરમજદ યસ્તના છેવટના "નિપાઇયોશ્ર મષીમ્"વાળા ભાગમાં વળી અહુરમજદને ૭ અમશાસપંદોનો પેદા કરનાર લેખવામાં આવ્યો છે. અહુરમજદ યસ્તમાં અશો જરથોસ્ત અહુરમજદને એમ પુછતો માલમ પડે છે કે "માંથ્ર સ્પેન્તનો કયો ભાગ ઘણોજ અસરકારક, ઘણોજ ફાયદેમંદ, ફત્તેહમંદ, (દેવ દરૂજોને તોડનારો) છે;" ત્યારે તેનો અહુરમજદ એવો જવાબ આપે છે કે "ઓ અશો જરથોસ્ત (તેવો ભાગ તે) હમો અમશાસપંદોના નામો છે."

એમાં આ બન્ને વિદ્વાનો "અષ્ વહિશ્ત્" વિષેના પોતાના જ્ઞાનની પુરતી ખાત્રી આપે છે જેની સમજ માત્ર થોડા શબ્દોમાં તેઓએ સમાવી છે. એપરથી એવું સાબેત થાએ છે કે ઉંડી સમજમાં અહુરમજદ અને અષ્ને એક બીજા સાથ ઘણો ઘાડો સંબંધ છે યાને નજદીક એકના એક છે.* અવસ્તામાં અહુરમજદને "અષ્ હજઓષ" યાને "અષ્ની સાથ એક મરજીનો" જણાવવામાં આવ્યો છે.—યજ૦ હા૦ ૨૯, ફ૦ ૭—ગા૦ અહુન૦

જ્યારે અહુરમજદે અષ્ (અર્દિબેહેશ્ત અમશાસપંદ) તરફથી જાણવા માગ્યું કે "તારી કને એવો શખ્સ કયો છે કે જે ભલામનની બરકતથી ખાકી બંદાઓ આગલ માંથ્ર તથા નસીહતના સુખનો રજુ કરી શકે" ત્યારે તેનો અષ્–વહિશ્ત†એ એવો જવાબ આપ્યો કે "મારી કને એવો તે શખ્સ અશો જરથોશ્ત છે કે જેણે એકલાએ આપણાં ફરમાનો સાંભળ્યાં છે. આપણા ફરમાનો ફેલાવવા માટે તે આપણે બે જણ અહુરમજદ તથા અષ્ પાસ મુરાદ ચાહે છે" (યજશ્ને હા૦ ૨૯, ફ૦ ૭, ૮—ગાથાઅહુનવઈતિ.)

ઉપલા ફકરાઓ ઉપરથી અહુરમજદ અને અષના અતલગના સંબંધમાં બે સાબેતીઓ એકી વખતે મળી શકે છે; એક તો એ કે જરથોશ્તી દીનના ફરમાનો બાબે અહુરમજદ અને અષ્ વચે સવાલ જવાબ થયા હતા અને બીજી એ કે તે ફરમાનો ફેલાવવા માટે અશો જરથોશ્તે બન્ને અહુરમજદ અને અષ્ પાસથી મદદ ચાહી હતી. એજ પ્રમાણે ઉપલાજ હાના ૧૧ માં ફકરામાં

---

* જે મતલબમાં ઈંગ્રેજીમાં The Governor *in* Council, The Queen *in* Parliament કહેવાય છે, તેના જેવીજ મતલબમાં અહુરમજદ અને અમશાસપંદો એક બીજાના સંબંધમાં દેખાય છે.

† આ (યજશ્નેના ૨૯ માં હાનો ૮ માં ફકરામાં) જવાબ દેનારો "અષ્" છે અને નહી કે અહુરમજદ. ૭ માં ફકરામાં અહુરમજદ સવાલ પુછે છે જેનો ૮ માં ફકરામાં જવાબ છે. સવાલ પુછનાર અને જવાબ દેનાર એકજ હોય એમ બની કેમ શકે (કે જેમ તર્જુમાઓમાં જોવામાં આવે છે) તે વીચીત્ર લાગે છે. વળી એજ ફકરામાં ૭ા (ને) બહુવચન છે જેથી તેનો અર્થ "આપણી" થવો જોઈએ.

અશો જરથોશ્ત પોતાના દીનદારો માટે કોવત તથા હકુમત આપવામાટે બન્ને અહુરમજ્દ તથા અષને અરજ ગુજારે છે.

ઉપલા તથા ગાથાના બીજા * ફકરાઓ ઉપરથી માલમ પડે છે કે અશોઇની બાબતમાં તથા દીનદારીની બાબતોમાં અશો જરથોશ્તે અહુરમજ્દ સાથ અષને યાદ કીધો છે.

અહુરમજ્દ, બહમન, અને અર્દીબેહેશ્ત.

[illegible]
[illegible]
[illegible]
[illegible] —ગાથા અહુનવઇતિ—યજ૦ હા૦ ૨૮, ફ૦ ૨.†

આગલી બાબતમાં અર્દિબેહેશ્તનો અહુરમજ્દ સાથનો નજ-દીકનો સંબંધ આપણે જોયો. તેજ પ્રમાણે બહમન સાથ પણ અર્દિબેહેશ્તને ઘણોખરો તેટલોજ ઘાડો સંબંધ છે. ગાથાના ભણતરમાં નીતિને લગતી ઉત્તમ બક્ષેસોની જ્યાં જ્યાં ખાહેશ રાખવામાં આવી છે ત્યાં ત્યાં "અષ" (અર્દિબેહેશ્ત અમશાસપંદ અથવા અશોઇ) સાથ "વોહૂમન" (બહમન અમશાસપંદ અથવા ભલા મન) ને પણ યાદ કરવામાં આવ્યો છે. આ અલંકારીક રૂપો "અશોઇ" તથા "ભલું મન" એકમેકની સાથે સાથ જાય છે, કારણ કે "અશોઇ" મેળવવા પ્રથમ પાક મનની અતીશય જરૂર છે, કે જેની બક્ષેસ વગર "અશોઇ"ની પુઠ પકડાઇ શકાતી નથી. "ભલા મન"ની એટલી અગત્યતા ન હોત તો સાત અમશાસપંદોની ટીપમાં અહુરમજ્દ પછી બહમન મુકાયો ન હોત.

* જુઓ યજશ્ને હા૦ ૨૯, ફ૦ ૨, ૩, ૧૦, હા૦ ૩૦, ફ૦ ૧; હા૦ ૩૪, ફ૦ ૩, ૬, ૭, ૧૨; હા૦ ૪૬, ફ૦ ૧૩, ૧૯; હા૦ ૪૭, ફ૦ ૬; હા૦ ૪૮, ફ૦ ૬, ૯, ૧૨; હા૦ ૪૯, ફ૦ ૫, ૭, ૧૨; હા૦ ૫૦, ફ૦ ૫, ૭, ૮, ૧૦.

† ફકરાઓ વેસ્ટરગાર્ડની તેક્ષ્ત પ્રમાણે સમજવા.

આપણે આપણા દિલોજાનથી ચાહીએ કે નેકીનો વધારો અને બદીનો નાશ થાય. એક સાચા જરથોશ્તી તરીકે આપણું મન અને દિલ અહુરમજદ તરફ લાગેલું હોય, પણ આદમજાત માત્ર ખાકી છે, અને "બહમન"ની યાને "ભલા મન"ની અને "અષ્ વહિશ્ત" યાને "સર્વોત્તમ અશોઇ" ની બક્ષેસ વગર ખાકી બંદો શું છે? સાલેસ, શરમાળ, તથા એક માર્ગી અશો જરથોશ્ત પોતાના જ્ઞાન તથા કામો માટે મુસ્ટાક ન હતો. તે ઘણું જાણતો હતો, છતાં વધુ જાણવાની ખાહેશ રાખતો હતો. અર્દીબેહશ્ત અમશાસપંદની મારફતે તે મેળવવાને તેણે અહુરમજદને અરજ કીધી કે "અશોઇ (અર્દી૦ બેહે૦)ની મારફતે, એ અશો (અહુરમજદ)! ભલામનને (બહમનને) જાણીતો થઇને હું તને કયારે જોઇશ અને તારી જગ્યા વિષે (ફાયદા કરનાર અહુરમજદના મકાન વિષે)કયારે જાણીતો થઇશ?"—યજશ્ને હા૦ ૨૮, ફ૦ ૬ ઠો. આ કારણને માટે એ બક્ષેસોને પોંહોંચવા ખાતર અશો જરથોશ્ત પોતાનું દ્રઢ મન, સબુરી તથા સરેષ્ઠ પવિત્રાઇ ધરાવતો હોવા છતાં ગાથાઓમાં કદમે કદમે "બહમન" ને તેમજ "અષ્" ને વારેઘડીયે અરજ કરતો જાય છે તેમાં તેની મકસદ એજ છે કે મનમાં તે ધારે છે કે "હું મારી ફરજોમાં રોકાયલો તો છું પણ રખેને આ બિકટ મેદાનમાં જતો જતો હું ભુલો પડું."

ગાથામાંથી ચુંટી કાઢેલા થોડાક અગત્યના દાખલાઓ તેની સાબેતીમાં નીચે સીલસીલાબંધ એવી રીતે રજુ કરી શકીશ કે જેથી વધારે ભાષણની મને જરૂર પણ ન રેહેશે અને વાંચનારને કંટાળો પણ ન આવશે:—

સૌથી પેહેલા ગાથા (ગાથા અહુનવઇતિ)નો શરૂઆતનોજ ફકરો, (જેના અવસ્તા મેં આ બાબદની શરૂઆતે ટાંકી બતાવ્યા છે), તે એક અચ્છો નમુનો છે, જેમાં ગાથાનો રચનાર કહે છે કે:—

"આજેજીથી ઉંચા કરેલા હાથો સાથની આ નેમાજથી મીનો વૃદ્ધિ કરનાર અહુરમજદના તમામ "અશોઇ" ના કામોથી

"ભલા મન" ની અક્કલ સૌથી પેહેલાં ખુશાલીમાં માગું છું કે જેથી કરીને કુલ કુદરત (ના રવાન) ને હું ખુશી કરૂં"—યજશ્ને હા૦ ૨૮, ફ૦ ૨.*

"અહુરમજ્દના કામોના આશીર્વાદથી જાણીતો થઇને "ભલા મન" ની બરકતથી મારા રવાનને ગરોથમાન બેહેશ્તમાં હું લઇ જાઉં (આપું) અને જ્યાંસુધી હું ઇચ્છું તથા તાકાત ધરાઉં ત્યાંસુધી અશોઇને ખાહેશમાં રેહેવા બીજાઓને શિખવું" —એજ ગાથા, એજ હા૦ ફ૦ ૫.

પોતાને માટે તેમજ પોતાના મુખ્ય શાગેર્દ ફરશોતર માટે પોતાની દીનનો ફેલાવો થયલો જોવાની આતુરતામાં "ભલા મન" ની બક્ષેસ માંગ્યા પછી અશો જરથોશ્ત ચાહે છે કે "ઓ અહુ-રમજ્દ! ("ભલામન"ની) આ બક્ષેસોથી તને તેમજ "અષ" (અર્દિબેહેશ્ત)ને તથા સૌથી સારા "બહમન" ને ગુસ્સે કરવાનુ કારણ ન આપ્યે"—એજ ગાથા, એજ હા૦ ફ૦ ૧૦.

"ત્યારે ખચીત નાશકારક દરૂજનો બચાવ તુર્ત તુટેલો થાય છે, પણ ભલા ફાયદામાં જેઓ જનમેલા છે તેઓ અહુરમજ્દ, બહમન તથા અર્દિબેહેશ્તને લગતી સારી જીંદગીમાં સામેલ રેહેછે.—એજ ગાથા, હા૦ ૩૦, ફ૦ ૧૦.

"ઓ અહુરમજદ અને અર્દિબેહેશ્ત તમે જો ખરેખર હૈયાત હોવો તો બહમન (વોહુમન્ અથવા ભલા મન)ની મારફતે મને તે વિષે નીશાની આપો કે જેથી કરીને તમારા ઈજનાર તરીકે તથા તમારી સ્તુતી ગાનાર તરીકે ભકિતભાવથી તમારી નજ્દીક પોંહોચું". —એજ ગાથા, હા૦ ૩૪, ફ૦ ૬.

"ઓ અહુરમજ્દ! તારી ઇનસાફી હકુમતથી અર્દિબેહેશ્ત તથા બહમન સાથ એકજ મકાનમાં તું રેહેનારો છે."—ગાથા ઉસ્ત-વઇતિ, યજશ્તે હા૦ ૪૪, ફ૦ ૯.

---

* ફકરાઓ વેસ્ટરગાર્ડની તેક્સ્ત પ્રમાણે સમજવા.

જેવી રીતે આગલી એક બાબદમાં અહુરમજ્દને "અશોઈ" નો પિતા મેં સાબેત કરી આપ્યો છે તેજ રીતે નીચે ટાંકેલો ફકરો "ભલા મન" ના બાબમાં છે, જેની વળી "અશોઇ" સાથની નીસબત પુરવાર કરી આપે છે. અશો જરથોશ્ત કહેછેઃ—

"જયારથી, ઓ અહુરમજદ! મેં તને મારી આંખોમાં રાખ્યો છે, ત્યારથી સૌથી પેહેલાં "ભલા મન"થી વખાણવાલાયક, "ભલા મન"નો પિતા અને આ દુનિયાની "અશોઇ" ની પેદાશોના કામમાં સાહેબી ભોગવનાર તરીકે મેં તને ગણ્યો છે." ગાથા અહુનવઈતિ—યજ૦ હા૦ ૩૧, ફ૦ ૮.

પેહેલાં આપણે જોયું કે અહુરમજ્દ "અશોઇ" નો પિતા છે, ઉપલા ફકરામાં "ભલા મન"ના બાબમાં આપણે તેમજ જોયું; એટલા માટે આ શક્તિઓમાંની કોઇપણ એકને નારાજ કરવી તે ત્રણેને નારાજ કરવા બરાબર છે. ટુંકમાં વધારે સેહેલ રીતે અહુરમજ્દ, બહમન અને અર્દિબેહેશ્તને અશોઈની દુનિયાના સરનશીન, નાયબે સરનશીન અને સેક્રેટરી તરીકે સમજી શકાય.*

ના, એટલુંજ નહીં. અશોઇની દુનિયાના બાબમાં બીજા ઓધેદારો પણ ઉપલા મુખ્ય ત્રણ ઉપરાંત અર્દિબેહેશ્ત અમશાસપંદના સંબંધમાં આવે છે અને તેઓ નીચે જણાવ્યા પ્રમાણે છેઃ—

શેહેરવર અમશાસપંદ†; હકુમત તથા શેહેનશાહતના ફરેશતા તરીકે—સ્પેન્તા આર્મઇતિ (સપંન્દારમત) અમશાસપંદ ‡;

---

* વધુ માટે જુઓ યજ૦ હા૦ ૨૮, ફ૦ ૫, ૭, ૬, ૧૧, ૯, ૧૦; હા૦ ૩૦, ફ૦ ૧, ૧૦; હા૦ ૩૩, ફ૦ ૧૧; હા૦ ૩૪, ફ૦ ૧૨; હા૦ ૩૧, ફ૦ ૪, ૫; હા૦ ૪૩, ફ૦ ૧.

† જુઓ યજ૦ હા૦ ૩૩, ફ૦ ૧૧; હા૦ ૪૩, ફ૦ ૬.

‡ જુઓ યજ૦ હા૦ ૪૩, ફ૦ ૧૦; હા૦ ૩૦, ફ૦ ૭; હા૦ ૪૪, ફ૦ ૬; હા૦ ૪૬, ફ૦ ૧૬; હા૦ ૩૨, ફ૦ ૨; હા૦ ૩૩, ફ૦ ૧૧; હા૦ ૩૪ ફ૦ ૧૧; હા૦ ૪૭, ફ૦ ૧, ૨, ૩; હા૦ ૪૮, ફ૦ ૫; હા૦ ૫૧, ફ૦ ૨, ૪.

ડહાપણના ફરેશતા તરીકે—ખોર્દાદ તથા અમરદાદ અમશાસપંદો *; આબાદી તથા અમર્ગીના જોડયા ફરેશતા તરીકે—આદરયજદ †; અહુરમજદના માનીતા ફરેશતા તરીકે—અને સરોષ યજદ ‡; તાબેદારી તથા બસારતથી બચાવનાર ફરેશતા તરીકે.

અશો પુરૂષ.

[illegible]
[illegible]
[illegible]
વીસપરદ કરદો ૩, ફ૦ ૪—

અર્થ.

એવા અશો નરને હાજર કર કે જે ઘણો નેક વીચારવાળો, જે ઘણો નેક સુખન બોલનારો, જે ઘણાં નેક કામો કરનારો, દીનને લગતી કેલવણી પામેલો અને ગુનાહ નહીં કરનારો, કે જેના કામોથી દુનિયા (ના લોક) અશોઈમાં વધે.

અશોઇ માટેનું આટલું દાસ્તાન પુરૂં કર્યા પછી અશો પુરૂષ ([illegible] અષવન્) અહુરમજદનો કેટલો પ્યારો છે તે બાબે થોડું જણાવીશ. અહુરમજદ અશો પુરૂષપર સદાનો મેહેરબાન છે, અને અશો પુરૂષ છેવટ સુધી નીતિના ઘોરણપર ચાલે તે જોવાને આતુર છે તથા રખેને અશો પુરૂષ આડે રસ્તે ઉતરે તેની સંભાળ તેના અંતઃકરણની મારફતે રાખતો રહે છે §.

* જુઓ યજ૦ હા૦ ૩૧, ફ૦ ૬; હા૦ ૩૨, ફ૦ ૧૫; હા૦ ૩૪, ફ૦ ૧૧; હા૦ ૪૭, ફ૦ ૧.

† જુઓ યજ૦ હા૦ ૩૧, ફ૦ ૩; હા૦ ૩૪, ફ૦ ૪; હા૦ ૪૬, ફ૦ ૭.

‡ જુઓ યજ૦ હા૦ ૨૮, ફ૦ ૬; હા૦ ૩૩, ફ૦ ૫; હા૦ ૪૩, ફ૦ ૭, ૯, ૧૧, ૧૨, ૧૩; હા૦ ૪૪, ફ૦ ૧, ૧૬; હા૦ ૪૫ ફ૦ ૫.

§ એને મળતાં લખાણ વિષે જુઓ "દાદેસ્તાને દીની" પ્રકરણ ૩ જું ફ૦ ૪ થી ૬.

યજશ્નેની ક્રિયામાં જ્યાં જ્યાં બી અમશાસપંદોને, યજદોને, ગેહે, ઘહુમબારોને યાદ કરવામાં આવ્યા છે, ત્યાં ત્યાં અશો નરો અને અશો નારીઓને વીસરવામાં આવ્યાં નથી. અહુરમજદ ઉપરાંત યજદોનો વટીક ચાહ અશો પુરૂષોપર કમતી નથી. "અશોઓના રવાનોની સાથે યજદો રહે છે, અને દેવો તેઓથી દુર રહે છે; તેમજ પાપીઓના રવાનોની સાથે દેવો રહે છે અને યજદો તેઓથી દુર રહે છે" (દીનકર્દ *).

અશો મરદ ઇજેલી બાજમાંનો મેવો, વગેરે ખાય તો જેની યાદમાં તે બાજ ઇજિવામાં આવી હોય તે ખુશી થાય છે. યજશ્નેની ક્રિયા કરનાર રાસ્પી યજશ્નેના ૮મા હાનો ૨ જો ફકરો પઢતા કહે છે કે "ઓ માણસો! તમે મ્યજદ (મેજ) ખાવો! તમે કે જેઓ તમારી અશોઇથી તે ખાવાને લાયક છો!" હોમ યજદ ખુશી નથી કે તેને નામનો ઇંજેલો દરૂન અપવિત્ર શખ્સ ખાય. તેમજ તે ખુશી નથી કે તેને નામનો ઇંજેલો ગોશ્ત સાથનો દરૂન કોઈ બરબાદ કરે યા ધિક્કારે† (યજશ્ને હા૦ ૧૧, ફ૦ ૫.)

અશો માણુસ જ્યાં ક્રિયા કામ કરતો હોય તથા જ્યાં પોતાના કુટુંબ સહીત રેહેતો હોય તે જમીન ખુશ રહેછે (વંદીદાદ પરગરદ ૩ જી; ફ૦ ૧,૨,૩ તથા મીનોખેર્દ પ્રકરણ ૫ મું ફ૦ ૪થો)‡.

જમશેદ પાદશાહાના રાજમાં લોકો એવા હતા કે બુઢાઓ ૧૫ વરશની ઉમરના જેવા જવાન દેખાતા હતા અને લાંબી

---

* દીનકર્દ પુસ્તક ૧ લું, ના૦ ૨૨, ફ૦ ૨.

† જુઓ મારો "અયોરનાન" વગેરેવાળો પેહેલો રેસાલો પાનું ૫૯ મું તથા નોંધ.

‡ અશો મરદને તેની અશોઇમાં વધારો કરાવવા માટે દર બામદાદે પરોદર્શ નામનો મરઘો પોકાર મારે છે કે "ઓ માણસો! ઉઠો, સર્વોત્તમ અશોઈને વખાણો અને દેવોનો નાશ કરો, કારણ કે લાંબા હાથવાળો બુષ્યાંસ્પ નામનો આળસાઈનો દેવ તમારાપર ગલબો કરવાની ધારણા રાખે છે, વગેરે" (વંદીદાદ પરગ ૧૮, ફ૦ ૧૫, ૧૬, ૨૩, ૨૪.)

જીંદગી ભોગવતા હતા. બીમારી, મોત, ઘણી ગરમી કે ઘણી સરદી હતી નહીં (જુઓ વંદીદાદ પરગરદ ૨), તેનું કારણ એ હતું કે લોક તે વખતે એટલા અશો હતા.

અશોનું રવાન ચેહારમની બામદાદે જ્યારે ચીનવદ પુલ પસાર કરી રહે છે ત્યારે બહમન તથા અર્દિબેહેશ્ત અમશાસપંદો અને મેહેર, સરોષ, રશ્ને, તથા આદર યજદો આગલ જઈ પોંહોંચેછે, જેને આવકાર દેતાં બહમન અમશાસપંદ કહેછે કે "ભલે પધાર્યું ઓ અશો રવાન!" તથા અચરતી સાથ પુછે છે કે "ઓ અશો! આવી ખાકી, આવી લાલચુ, આવી સંકટ ભરેલી દુનિયામાંથી સહી સલામત આ બેહેશ્તનું મકાન મેળવવાને કેમ શકિતવાન થયુ!"*

અશો જરથોશ્તની શીખામણો માન્ય કરી જે નેક રાહ તે બતાવે છે તે જે શખ્સ અખત્યાર કરે તેને જરથોશ્ત આશા આપે છે કે "જે કોઈ શખ્સ હું જરથોશ્તને માટે અશોઇનો ખ્યાલ કરતો, હું જે ઘણીજ ખાહેશ રાખુ છું તે સંપુર્ણ રીતે બર લાવશે તેને ભવિષ્યની દુનિયાનો બદલો સઘલી ન્યામતો સાથે મલશે, કે જે ન્યામતો મને મળી છે" (યજશ્ને હા૦ ૪૬ ફ૦ ૧૯).†

અશો પુરૂષને આ દુનિયામાં જે ફાયદો થાય છે તે એ છે કે "એક શખ્સ અશોઇમાં જેમ ચઢતો, મધ્યમ, કે ઉતરતો હોય તેમ તે પ્રમાણમાં દાનાઈમાં પણ તે ચઢતો, મધ્યમ કે ઉતરતો હોય

---

* એને મળતા લખાણો બાબે જુઓ "હાદોખ્ત નુસ્ક"; વેસ્તર ગાર્ડની યસ્ત ૨૨ મી ફ૦ ૧ થી ૧૬; મીનોખેર્દ પ્રકરણ ૨ જું ૫૦ ૧૪૫ થી ૧૪૯.

† વધુ માટે જુઓ, હા૦ ૩૦, ફ૦ ૪; હા૦ ૩૧, ફ૦ ૧૯; હા૦ ૩૨, ફ૦ ૧૫; હા૦ ૪૫, ફ૦ ૭; હા૦ ૪૬, ફ૦ ૧૦; તથા હા૦ ૪૯, ૫૦ ૧૧.

છે અને તેમ તે તેવી પદવી પાંમે છે* પણ જેનામાં અશોઇની દાનાઈ મુદલ નથી રેહેતી તે ગરોથમાન બેહેશ્તની બક્ષેસથી કમનસીબ છે” (દીનકર્દ પુસ્તક ૬ ઠું, ના૦ ૨૪૮, ફ૦ ૨થી ૬).

(ઉપર જણાવ્યું તેમ એલમ તથા તેમાંથી મળતી વીખ્યાતી સિવાય) એક અશો પુરૂષ ખાસ કરી સુખી હોવોજ જોઈએ એવું કંઇ ચોકસ નથી. જેમ એક પુરૂષ અશો હોય છે તેમ તે હાડમાર પણ થાય છે અને દુશમનો પણ ધરાવે છે જે માટે એવું કહેવાય છે કે અહુરમજ્દ તેને કસોટી જોય છે.

દસ્તુરાન દસ્તુર મીનોચેહેરને તે વખતના મજ્દયસ્નીઓએ પુછેલા ૯૨ સવાલોમાં ૫) મો સવાલ એ હતો કે “બુરા કરતાં અશો પર વધારે વધ્ન આવે છે તેનું કારણ શું?” તેના જવાબમાં કહ્યું તે દાનાવે કે “કંઇ બધોજ વખત અને બધીજ

---

* ઉત્તમ અશોઇને લીધે મશહુર થયલા નામીચા નરો— તેની અત્યંત અશોઈ તથા પહરેજગારીને લીધે સ્પેતમાન જરથોસ્ત કદીમ જમાનામાં નજદીક અરધી અરધ દુનિયાપર પોતાની દીન ફેલાવવાનું માન ખાટી ગયો હતો. એને યજસ્નેના ૩ જા હાના ૨૧ માં ફકરામાં “વખણાયલા નામવાળો યજદ” [illegible] કેહેવામાં આવ્યો છે—એજ પ્રમાણે જમશેદ પાદશાહ બન્ને શાહ અને પેગમ્બર તરીકે છેક કદીમ જમાનાથી પોતાનું નામ અમર્ગ રાખી શકયો છે (વંદી૦ ફરગ૦ ૨ જી). એને વખતેવખત યજદાનથી બસારત મળતી હતી ز یزدان بدو نو بنو بد پیام એ પ્રમાણે ફીરદોસીક જણાવી ગયો છે-પેલી દુનિયાનો ભેદ બોલવા સારૂં અર્દાએવીરાફ ૪૦૦ ભણેલા દસ્તુરોમાંથી ચુંટી કઢાયો હતો—આદરબાદ મારેસપંદે પોતાના મોજેજાઓ બતાવીને જરથોસ્તી દીનને એક વખત ડુબી જતી બચાવી હતી—એજ પ્રમાણે યજસ્નેમાં તથા આવા યસ્ત, મેહેર યસ્ત, ફરવરદીન યસ્ત, તથા જમ્યાદ યસ્તમાં જુદા જુદા અશો પુરૂષોની વખાણ ગાવામાં આવી છે. Cf. હિંદુઓનો “કૃષ્ણ” તથા ખ્રિસ્તીઓનો “નોઆ” (Noah) તથા બીજા સાધુઓ તથા Saints એજ પ્રમાણે મશહુર થઈ ગયા છે.

† એને મળતા લખાણ બાબે જુઓ યજસ્ને હા૦ ૪૭ ફ૦ ૫.

ગમ અશોપર સંકટ આવતું નથી; તેવા ભલા શખ્સને જો આ દુનિયામાં વધારે દુઃખ છે તો તે જેહાનમાં વધારે સુખ છે."—દાદેસ્તાનેદીની.

રાસ્ત રાહે ચાલનારને ઘણું દુઃખ સોસવું પડે છે. અશો જરથોશ્ત જેવા મહા પુરૂષના બાબમાં પણ તેમજ બન્યું હતું. આપણને પેદા કરનાર દાદાર અહુરમજદને આપણા માટે થોડી ચીંતા ન હશે. એટલા માટે રાસ્ત રાહે ચાલનારને તથા અશો પુરૂષને દુઃખ સહન કરવું વટે છે.* હંમેશના સુખ ખાતર થોડા વખતનું દુઃખ ખમવું પડે તો તે શખ્સને તેની દરકાર ન રાખવી જોઇએ અને દાદેસ્તાને દીનીના લખાણ પ્રમાણે આવા સંકટો ખમવા ખાતર ભારી આફત તેનાપર આવી પડે તોય તેણે તેવા જોખમમાં ઉતરવું જોઇએ† (એને મળતો ફકરો યજ૰ હા૰ ૪૫, ૭ મો છે). એક અશો માણસપર હેરેમન તથા તેના મળત્યાઓ તેની હૈયાતીમાં દુઃખ દે છે એટલુંજ નહીં પણ તેના મુવા બાદ પણ તેના મુવેલાં બદનપર નસાનો દેવ તાબડતોબ ગલબો કરે છે કારણ કે તેનું તન પવિત્રાઈથી પાક રહ્યું હતું (વંદીદાદ પરગ૰ ૫, ફ૰ ૨૮).

---

* અશો જરથોસ્ત પોતાના દીનદારોને તેઓના રાસ્ત માર્ગમાં નડતી મુશકેલીઓ માટે, તથા તેઓપર આવી પડતી આફતો માટે દિલાસો દેતાં બેહેસ્તની આશા આપતો ગાથામાં જોવામાં આવે છે (જુઓ યજશ્ને હા૰ ૩૧, ફ૰ ૧૯; હા૰ ૩૨, ફ૰ ૧૫; હા૰ ૪૫, ફ૰ ૭; હા૰ ૪૬, ફ૰ ૧૦; હા૰ ૪૯, ફ૰ ૧૧).

† અસલ લખાણમાં "ગરદન આપવી પડે તો તે પણ આપવી જોઇએ"—દાદે૰ દીની૰ પ્ર૰ ૬, ૫૦ ૫, ૬. એજ પ્રમાણે (અહુનવઇતિ ગાથામાં) યજશ્નેના ૩૩ માં હાના ૧૪ માં ફકરામાં જણાવે છે કે "જરથોસ્ત પોતાનાં તનનો જાન તથા ભલામનની શ્રેષ્ઠા અહુરમજદપર ફેદા કરે છે, વગેરે" (જુઓ "ઉસમોઇ ઉજારેપ્વા અહુરા" વાળો "આતશ નીયાયશ"નો ભાગ).

અશોઈનો નાશ કરનારા "આશમોઘો."

[illegible]

[illegible]

[illegible]

—યજશ્ને હા૦ ૯, ફ૦ ૩૧. [illegible]

જેઓ જરથોશ્તી દીનના તરીકાથી ઉલટા ચાલી તેની આડે આવે યાને અશોઇનો તથા રાસ્તીનો ત્યાગ કરે તેઓ "આશમોઘ" કહેવાય છે. બોલબોલ "આશમોઘ*" નો અર્થ "અશોઇનો નાશ કરનારા" થાય છે, જેપરથી એના બીજા અર્થો "જરથોશ્તી દીન બાબે જુઠું સમજાવનારા," "દીન બાબે નિંદા કરનારા," "દીન બાબે ખોટી તકરાર કરનારા" એવા પણ થાય છે. "આશમોઘ" ના બદ કૃત્યની તથા તેને કરવામાં આવતી સજાની સમજ આપનારો અવસ્તાનો એક ફકરો જે હોમ યશ્તમાં તથા યજશ્નેના ૯ મા હા માં આવેલો છે અને જેના અવસ્તા મથાલે ટાંકવામાં આવ્યા છે તે આશમોઘ માટેનું ગોયા એક વ્યાખ્યાન (definition) છે જેનો અર્થ નીચે પ્રમાણે છે:—

"નાપાક, દુનિયાને ખરાબ કરનાર, આશમોઘ, જે આ (જરથોશ્તી) દીનપર મન અને વચન રાખનાર, પણ તેના કામને નહીં પોહોંચનાર એવો છે તેના માથાંપર ઓ લીલા હોમ! અશો માણસને તેનાથી બચાવવા સારૂં ફટકો માર."†

---

* અવસ્તામાં "અષેમઓઘ" [illegible]—પેહેલવીમાં "અહરમોક" [illegible]. "અષ"=અશોઈ અને "મઓઘ"=નાશ કરનારા, ધાતુ [illegible] મુન્ચ=ઉડાડી નાંખવું.

† એની પછીના તથા આગલના ફકરાઓમાં આવા નાપાક શખ્સો ઉપરાંત કીનાખોર, અશો લોકને સતાવનારા શખ્સોપર, તથા વેશિયાઓ ઉપર પણ ફટકો મારવા માટે અરજ કરવામાં આવી છે, જે બાબે અર્દીબેહસ્ત યશ્તના સારમાં વધુ પછી કહીશ. જુઓ પાનું ૩૮)મું.

ઉપલા ફકરાની સમજ શું? તે એ કે જેઓ મનમાં ધારે કે પોતે જરથોશ્તીઓ છે, જેઓ લોકોને કેહે કે પોતે જરથોશ્તીઓ છે, પણ જેઓ જરથોશ્તી દીનના તરીકા પ્રમાણે જેમ ચાલવું જોઇએ તેમ અમલ નહીં કરે, તો તેઓ નાપાક આશમોઘો કેહેવાય છે. આ વર્ગ પોતાની કોમની* ખાનાખરાબી કરનાર છે તથા અશો લોકને સતાવનાર છે.†

"અહુરમજદ ખોદાય"ની બંદગીમાં જે બદકીસમના લોકોપર લેઆનત નાંખવામાં આવી છે તેઓમાં "આશમોઘાંન" પણ છે. હાલમાં પણ ત્યારે જેઓ બાહારથી જરથોશ્તી દીન પાલનારા તરીકેનો સાહયો પેહેરતા હોય પણ બાતેનથી અશોઇનો, રાસ્તીનો કે નીતિનો ખ્યાલ ન રાખતા હોય તથા જરથોશ્તી દીનપર યકીન ન રાખતા હોય તેઓ બેશક "આશમોઘો" છે. સવાલ એ ઉઠે છે કે હાલમાં પણ આવો કોઈ વર્ગ આપણામાં હસ્તી ભોગવે છે કે? એક આશમમોઘે‡ કદીમ જમાનામાં એક મોબેદાન મોબેદને જે ૧૨) સવાલો પુછયા હતા (જુઓ દીનકરદ પુસ્તક ૧ લું) તે હાલમાં સુધરેલાઓ જે સવાલો પુછે છે તેને મળતા હતા.

---

* અસલ બોલ "દુનિયા" તે તે વખતના જરથોસ્તી દીનદારોનું રેહેવાનું સ્થલ.

† એ મતલબનો એક બીજો ફકરો યજ૦. હા૦ ૮ નો ૪ થો છે, જેમાં કહે છે કે "ઉમરમાં આવેલા (adults) ક્રીયા કરનારા મજદયસ્નીઓમાંનો જે કોઈ શખ્સ આ કલામ પઢે પણ તેને કબુલ નહીં રાખે તેવો શખ્સ જાદુગરની હાલતે પોંહોંચે છે."

‡ જાણીતા નરોમાં નીચલા શખ્સો એવા બદકીસમના થઇ ગયા છે:—જોહાક (જુઓ યજ૦ હા૦ ૯, ફ૦ ૮; બેહેં૦ યશ્ત, કરદો ૧૪)—મજદક (જુઓ શાહાનામું તથા રેવાયત)—રશને રીશ, કરીસાક, અકવાન (દીનકર્દ, પુ૦ ૫ ના૦ ૧૯૮.)



આર્દિબેહેસ્ત અમશાસપંદ અને કુદરતની રચના.

અહુનવઈતિ (અહોનુઅદ) ગાથાના લખાણપરથી એવું માલમ પડે છે કે અહુરમજદ જે કુદરત ચલાવે છે તેમાં તેને "અષ"ની મીનોઇ શકિતની જરૂર છે. અહુરમજદે તેટલા માટે કુદરત ઉપરના મવકળ મીનો તરીકે "અષ"ને નેમ્યો છે, જોકે કુદરતનો બનાવનાર સાહેબ તો અહુરમજદ પોતે છે. અષને મળેલું આ માન તેને સોંપવામાં આવેલી આ જોખમદારીને લીધે ઘણું મોટું છે, જેને તે લાયક છે (જુવો પાનું ૨૩ મું).

કુદરત એટલે શું? જે રીતે અશોઇના બાબમાં આપણે જોયું કે "અશોઈ એટલે શું"?નો સવાલ જેવો દેખાવમાં નાનો પણ સમજવાને કઠણ છે તેવો આ પણ છે. આપણે રોજ એક કાયદે ખોરશેદને ઉગતાં તથા આથમતાં જોઇએ છિએ; ૧૫ રાત માહાબોખતારની રોશની પડે છે જ્યારે બીજી ૧૫ રાત અંધારૂ રહે છે; ઠંડી, ગરમી, તથા વરસાદ રૂતુએ રૂતુ પડે છે; વગર ચાવીએ આપણા શરીરનો સાંચો ચાલે છે; જન્મો તથા મરણો થાય છે; બચ્ચું જનમ્યું કે વગર શીખવવે ધાવવા મંડે છે; મા બાપની ખાસીયત બચ્ચાંમાં ઉતરે છે; જેવાં ઝાડ તેવા તેના છોડ થાય છે; ટૂંકમાં, સૃષ્ઠિ, વગેરેની ઉત્પતિ એક ધોરણે ચાલે છે. એ સઘલું કુદરતાના પ્રતાપથી છે.

આ કુદરત ચલાવનાર અહુરમજદ છે અને તેનાપર દેખરેખ રાખનાર, કુદરતની રચના (Order of nature) તરીકે અર્દિબેહેસ્ત અમશાસપંદ છે. કુદરતના રવાને* જ્યારે પોકાર ઉઠાવ્યો

---

* 𐬔𐬆𐬎𐬱, 𐬎𐬭𐬎𐬎𐬀𐬥 "ગેઉશ્ ઉર્વન્". સાધારણ રીતે એને "ગોધાનું રવાન" (The Kine Soul) તરીકે ઓળખવામાં આવે છે. એને લગતી તર્ફે શાસ્ત્રની કથા એમ છે કે અહુરમજદે પેહેલાં આ સૃષ્ટિ રચી ત્યારે તેણે પેહેલાં "ગાવીઓદાદ" ગાય યા ગોધાને પેદા કીધો, પછી પેહેલા આદમ "ગયોમર્દ"ને પેદા કીધો (બુનદેહેશ). "ગેઉશ્" અવસ્તા "ગાઓ"ની છઠી વિભક્તિ એક વચનનું રૂપ છે. પણ અવસ્તા "ગાઓ"

કે તેને માટે કોઇ લાયક સરદાર નથી, ત્યારે અહુરમજ્દે એ સવાલ અર્દિબેહેશ્ત અમશાસપંદ આગલ રજુ કીધો અને પુછ્યું કે "તારી કુદરતને માટે કોણને સરદાર ઠેરવ્યો?" (યજશ્ને હા૦ ૨૯, ફ૦ ૧, ૨, ૩; દીનકર્દ પુસ્તક ૯ મું, ૫૦ ૬૯, ફ૦ ૪૬).

આ કુદરતના રવાને (યાતો સૃષ્ટિની પેદાયશના personified રવાને) જે પોકાર ઉઠાવ્યો હતો તે એ મતલબનો હતો કે તે વખતે સૃષ્ટિનું ધોરણ બીગડી ગયું હતું, તેપર અનેક હાદસાઓ આવી પડયા હતા, અને લોકો સૌ સૌના ફાંટા મુજબ ચાલતા હતા, જે માટે તેને વાસ્તે કોઈ લાયક સરદાર અથવા દીનનો રાહાબર જોઇતો હતો. કુદરતના રવાનના પોકારનું પરિણામ એ આવ્યું હતું કે તેને જણાવવામાં આવ્યું કે અશો જરથોશ્ત પેદા થશે અને તે તેનો સંભાલનાર થશે, એમ કહી જરથોશ્તનું રવાન તેને આગમચથી દેખાડવામાં આવ્યું હતું, વગેરે, જેને લગતી વીગત વાંચનારને પીજન સરખી લાગશે. પણ જાણવું અગત્યનું છે કે અહુરમજ્દ સાથ મસલત કરવાનું જે માન "અષ" ને મળ્યું હતું તે જેવું તેવું ન હતું. ગાથામાં જણાવેલા "અષ" ના અર્થનો ભાવાર્થ "કુદરત" લઇએ તો તેમ બની શકે એમ છે, અને એક જુદોજ રેસાલો તે પરથી ઉપજાવી શકાય છે.

નો અર્થ જેમ "ગાય" તેમજ "કુદરત", "સૃષ્ટિ" વગેરે પણ થાય છે: જેથી કેટલાક વિદ્વાનો "ગાયનું રવાન" માત્ર એક કલ્પિત નામ સમજી તેને વધારે ઉંડી મતલબમાં એને "કુદરતનું રવાન" અથવા "સૃષ્ટિની ઉત્પતિનો માત્ર એક ચિતાર" સમજે છે. ફારસીમાં گوهر "ગુહર" એટલે "ગોહોર", "જવાહેર" એવો શબ્દ મળે છે તે અસલ આપણા પેહેલવી "ગો ચેહેર" નો ટુકો આકાર છે જે પાછલાનો અસલ અર્થ The Essence of Nature થતો હતો તે પરથી પાછલથી બદલાઇને એક સરસમાં સરસ ચીજ તરીકે "જવાહેર" ને લાગુ પાડવામાં આવ્યો છે. મારી જાણ પ્રમાણે ડાકટર હાઉગનું આ મત છે. આ વિદ્વાન "ગેઉશ ઉર્વન્" નો અર્થ The Universal soul of Earth તેમજ The cause of all life and growth કરે છે. સંસ્કૃતમાં પણ गौનો અર્થ અવસ્તાની માફક "ગાય" અને "ધરતી" બન્ને થાય છે, જે ગ્રીક Gê એટલે "ધરતી" ને મળતો આવે છે.

અર્દિબેહેશ્ત અમશાસપંદ અને "માંથ્ર"ના કલામો.

અર્દિબેહેશ્ત યશ્તનો સાર.

અશોઇ ઇચ્છનારી, તથા દેવ-દરૂજો, પલીદી, જાદુઇ, નાપાકી વગેરેનો નાશ કરનારી, તથા ભલી માંથ્રના અસરકારક કલામોની ખુબીઓ દર્શાવનારી અર્દિબેહેશ્ત યશ્તની બંદગી ઘણી મોતેબર છે. આપણા લોકો ધારે છે તેમ તે ખાસ કરીને આતશ માટેની યશ્ત નથી, પણ ઉપર જણાવેલી મતલબની છે, જે નીચલા સારપરથી જણાશે, જે સાર વળી માંથ્રની બાબત સમજવા ઉપયોગી થઈ પડશે:—

અહુરમજ્દ અશો જરથોશ્તને ફરમાવે છે કે તેની અને તેના સાથી અમશાસપંદોની યજશ્ને તથા નીઆયસ કરવા માટે તેણે એક ખરા ક્રિયા કરનાર, વગેરે, તરીકે અર્દિબેહેશ્તને રજુ કરવો અને તેની ગેરહાજરીમાં બીજી ચળકતી રોશનીઓને રજુ કરવી— તેના જવાબમાં અશો જરથોશ્ત તેમ કરવાને કબુલ થાય છે—અશો જરથોશ્ત અર્દિબેહેશ્ત અમશાસપંદને એટલા માટે વધુ પસંદ કરે છે કે તે બીજા અમશાસપંદો કરતાં વધારે સરસ મકાન ધેરાવનારો છે (યાને બેહેશ્તનો દરબાન છે) કે જે મકાનનો હુમત, હુખ્ત અને હવર્શતની મદદથી ટેકો છે—ગરોથમાન અહુરમજ્દનું મકાન છે, અને તે અશો માણસો માટે છે, પાપીઓ ત્યાં જઈ શકતા નથી—હેરેમન, જે સઘલી ચીજોનો નાશ કરવાપર મંડેલો છે, તેને અને જાદુગરો અને પરીઓને માંથ્રામાંની સૌથી સરસ "અઇર્યેમન"* નામની બંદગી મારે છે—અશોઇથી, ઇનસાફથી, વહાડકાપથી, દવા-દારૂથી, અને માંથ્રના કલામોથી (એવી પાંચ રીતે દુઃખ દરદો) સારૂં કરનારાઓમાં માંથ્રના પઢનારને સૌથી સરસ વૈદ તરીકે જણાવ્યો છે, કારણ કે તે દરદીનું દુઃખ છેક બાતેનથી દુરૂસ્ત કરે છે—એ પછી ગોયા મન્ત્રના કલામો શરૂ

---

* કેટલાકો એને "ઐર્યમ્ ઈષ્યો" નામની બંદગી સમજે છે, જે યજશ્નેના ૫૪ માં હામા જણાવવામાં આવી છે. Cf. વંદી० પરગ० ૨૦.

થાય છે, જેમકે "ઓ દુખ દરદ દફે થાવો (અપ-દવરત)! મરકી, દેવો, તોફાન ઉભું કરનારાઓ, બુરૂં બોલનારા, જાલેમો, સાંપની ખાશીયતના, વરૂંની ખાશીયતના, નીચ ઓલાદના, મગરૂરો, મીજાજીઓ, નીંદા કરનારા, કજીયો કરાવનારા, બુરા, જુઠા, જાદુ કોટલ કરનારી નીચ ઓરતો, કમજાત ઓરતો અને નાશકારક પવન"--ઉપર જણાવેલી બલાઓને મારવું અને હજારો દેવોને મારવું બરાબર છે—ભણનાર ઇચ્છે કે ઉપર જણાવેલા માણસની સુરતના હજારો નાપાકોને અર્દિબેહેશ્ત અમશાસપંદ મારે— આ દુવાથી હેરેમન ગભરાટમાં પડે છે અને ચીંતા કરે છે કે રખેને અર્દિબેહેશ્ત યશ્તની આ બંદગીથી ઉપર જણાવેલા નાપાકોનો મરો થાય—સેવટે પઢનાર દુવા ચાહે છે કે કાળાઓનું મોઢું કાળું થાય અને અંતે ધર્મોજય થાય. *

વાંચનાર આ ઉપરથી જોઇ ચુકા હશે કે આ યશ્તમાં હેરેમનની ખસલતનાઓ ઉપર ફીટકાર નાંખવામાં આવ્યો છે અને હેરેમન અર્દિબેહેશ્ત અમશાસપંદથી ગભરાય છે. તેમાં માંથ્રને લગતો કંઇક ઇસારો આવ્યો છે, એટલા માટે તેને લગતા થોડાક ખુલાસાની જરૂર છે.

"માંથ્ર"ના ભેદભરેલા અસરકારક કલામો.

"માંથ્ર"ને લગતી કેટલીક બીનાં મારા આગલા† રેસાલાઓમાં હું જણાવી ચુકો છું, જેથી જે વધુ જાણવા જોગ છે તે માટે થોડુંક જણાવીશ.

---

* જાદુકોટલ, રોજા, હજરત, ચીઠી-દોરા, વગેરે પાછલ ફોકટના પછાડા ખાવા કરતાં આફતની વેલાએ "અર્દીબેહેશ્ત યશ્ત" પઢવી-પઢાવવી હજાર મરતબે વધારે સારી છે. જાદુગરોને અને જાદુગરોપર ઇતબાર લાવનારાઓને યજશ્નેના ૧૨) માં હા ના ૪) ફકરામાં, તથા ૩૨) માં હા ના ૩-૪ ફકરાઓમાં તથા વંદીદાદની ૧) લી પરગરદના ૧૪-૧૫ ફકરાઓમાં ધિક્કારવામાં આવ્યા છે. જુઓ અથોર્નાન પે૦ ખે૦ તથા કા૦ વાળો મારો રેસાલો પાનુ ૧૧) મું તથા "મરકીના અ૦ વિષે અ૦ ફરમાનો" વાળો મારો છેલો રેસાલો પાનું ૨૭ મું.

† "અથોરનાન, પેહેલવાન, ખેડુત અને કારીગર"વાળા રેસાલામાં

હિંદુઓના મંત્ર વિષે આપણે કંઇક સાંભળ્યું હશે કે તેઓ ચોકસ બોલો છે જે બ્રાહ્મણો બબડે છે, જેની રૂયે તેઓ લોકાનું સારૂં કે બુરૂં કરવાનું યાને "સારો એલમ" કે "બુરો એલમ" જાણવાનું ડોળ ઘાલેછે, જે માટે મુસલમીનો પણ દાવો કરેછે. પણ ખાત્રી સાથ મારે જણાવવું જોઇએછે કે આવા મંત્ર કે એલમ હાલમાં મુદલ હસ્તી ધરાવતા નથી. આપણે જે "માંથ્ર" સારૂં કહયે છિયે તે "માંથ્ર સ્પેન્ત" યાને "વૃધ્ધી કરનાર, ભલી માંથ્ર" (The Holy Word) છે, જે કદીમ જમાનામાં હસ્તી ભોગવતી હતી. આપણા હાલમાં બચી રહેલા કયા ચોકસ અવસ્તા "ભલી માંથ્ર" તરીકે કહી શકાય તે તારવી કાઢવું આપણા અજ્ઞાનપણાને લીધે મુશકેલ છે. અદિબેહેશ્ત યશ્તના સારપરથી આપણે જોયું કે તેમાં દરેક પ્રકારની બદીનું છુટું છુટું નામ દઇ તે ટુટે, તેનો મરો થાય, તેનો નાશ થાય, એવી દુવા ચાહવામાં આવીછે તે જાણે માંથ્ર પઢવા તરીકેની ગરજ સારેછે. "યથા" અને "અષેમ" જેવી નાની બંદગી પણ જો સારી રીતે પઢવામાં આવી હોય તો તે પણ વટતી અસર કરેછે (જુઓ પાના ૯-૧૦ તથા નોંધો). અહુરમજદ યશ્તમાં અશો જ-

---

નીચલી બાબતો મેં જણાવી છે:— "માંથ્ર"થી ઘણાંજ બીકટ દરદો સારાં થતાં હતાં--માંથ્ર જાણનારો ઘણી આબરૂ પામતો—હિંદુઓના મંત્ર સાથ કંઇક મળતી આવતી વિગતો-સારી અને બુરી માંથ્રા-માંથ્ર કેવા શખ્સોને શિખવવામાં આવતી હતી?- માંથ્રને મળતી અદિબેહેસ્ત યસ્તની ખુબી-તથા

"મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમાનો" વાળા રેસાલામાં— અર્દિ૦ અમશા૦ નો માંથ્ર બનાંવવામાં હાથ-ઉસ્તાદ હકીમો ઉપર માંથ્ર જાણનારાઓની સરસાઇ-"મધુ" તથા "મેજાઇ" નામના અસલ જરથોસ્તી ધરમગુરૂઓના મોજેજાઓ-મેલો ઇલમ, માંથ્રથી ઉલટો-અવસ્તાના કલામો પુર એતેકાદ અને ધ્યાનથી પઢવામાં આવ્યા હોય તો તેઓ "માંથ્ર" ભણ્યા જેટલી અસર કરેછે.

એઓની શાહાદાતો માટે જુવો મેહેરયસ્ત ક૦ ૨૦, ૨૧; આર્દિબેહેસ્તયસ્ત ક૦ ૫, ૬; ખોરદાદ યસ્ત ક૦ ૧૦; વંદીદાદ પરગ૦ ૭, ક૦ ૪૪; બેહેરામયસ્તકરદો ૧૬; યજશ્ને હા૦ ૧૯; યજ૦ હા૦ ૩૦, ૫૦૧.

રથોશ્ત અહુરમજ્દને એમ પુછતો માલમ પડે છે કે આ અહુરમજદ! વૃધિ કરનાર માંથ્ર (માંથ્ર સ્પેન્ત) નો કયો ભાગ ઘણોજ અસરકારક, ઘણોજ ફાયદેમંદ (દેવ–દરૂજોને તોડનારો) છે?" અહુરમજ્દે જવાબ આપ્યો કે "એ સ્પેતમાન જરથોશ્ત! તેવો ભાગ તે હમો અમશાસપંદોના નામો છે." એજ યશ્તમાં વળી અહુરમજ્દ પોતાના કેટલાક નામો રજુ કરતો જણાય છે તેમાં એક નામ વિષે તે કહે છે કે " વૃધિ કરનારી માંથ્રવાળો (એવા નામવાળો) હું છું." ત્યારે ઉપલા ફકરા પ્રમાણે દાદાર અહુરમજ્દનું નામ દેવું કે અહુરમજ્દ યશ્ત પઢવી એ જાણે મુશ્કેલીને આસાન કરવા બરાબર છે. અર્દિબેહેશ્ત યશ્તના ૫)માં ફકરામાં માથ્રમાંની "ઐર્ય-મન" નામની બંદગીને માંથ્રવાનીઓમાંની સૌથી મોટી, માંથ્રમાંની સૌથી સરસ, માંથ્રમાંની ઘણીજ સૌથી સરસ, માંથ્રમાની શ્રેષ્ટ, સૌથી શ્રેષ્ટ, માંથ્રમાની જોરાવર, ઘણીજ જોરાવર, ફત્તેહમંદ, ઘણીજ ફત્તેહમંદ, તનદુરસ્તી આપનારી, ઘણીજ તનદુરસ્તી આપનારી, હેરેમનને, જાદુગરોને, અને પરીઓને મારનારી જણાવી છે. પણ જે મોજેજાઓ યાને ચમ્તકારીક અસરો અવસ્તા જમાનાના જરથોશ્તી ધરમગુરૂઓ તરીકે મગુઓ તથા મેજાઇ* લોક કરી ગયલા અસલ યુનાની ગ્રંથકારોથી જણાવવામાં આવે છે તે સાધારણ માંથ્રથી ચઢતા વધુ અસરકારક તાકાત ધરાવનારા હોવા જોઇએ.

અર્દિબેહેશ્ત અમશાસપંદ "માંથ્ર"નો બનાવનાર.

૦ [illegible]
ગાથા અહુનવઇતિ–યજ૰ હા૰ ૨૯, ફ૰ ૭.

અહુરમજ્દે જયારે જોયું કે અશોઇની તમામ દુનિયાને હેરેમન ખરાબ કરતો ગયો અને આ દુનિયાએ હેરેમન તરફથી

---

* અસલ ખોટી રીતે કહેવાતા " જાદુગરો " (Magi) જે પરથી નિકળેલો શબ્દ magic; Cf. magnetism, mesmerism. magnetic Aura.

† વધુ માટે જુઓ યજ૰ હા૰ ૫૦) ફ૰ ૫, ૬.

પોંહોંચતાં દુઃખ દરદોથી કંટાળી જઈ પોકાર ઉઠાવ્યો (વંદીદાદ પરગ૦ ૨૨) ત્યારે તેણે અર્દિબેહેશ્ત અમશાસપંદની મારફતે "માંથ્ર સ્પેન્ત" ના કલામો બનાવ્યા કે જેથી તમામ નાપાકીઓ તુટે; જેમકે મથાલે ટાંકેલો ફકરો કહે છે કે

"અર્દિબેહેશ્ત અમશાસપંદની સાથ એક દોસ્તીમાં (એક મતમાં) રહીને અહુરમજ્દે વૃધ્ધિ કરનારી તે માંથ્ર બનાવી*". જેમ અશોઈના બાબમાં અને કુદરતના બાબમાં આપણે જોયું કે અર્દિબેહેશ્ત અમશાસપંદ કેવો અગત્યનો ભાગ બજાવે છે તેવી રીતે માંથ્રના બાબમાં તે છે એટલે અહુરમજ્દને અર્દિબેહેશ્તની "ધાડી દોસ્તીમાં રેહેનારો (હજ્ઓષો)" સમજવામાં આવે તે તેને શોભાભરેલું છે, મુખ્ય કરીને જ્યારે "માંથ્ર સ્પેન્ત"ને અહુરમજ્દના જીવ તરીકે સમજાવવામાં આવે છે (ફરવરદીન યશ્ત ફ૦ ૮૦, ૮૧). આવા માંથ્ર જાણવાને દરેક અશો આતુર હોવો જોઈએ જેમકે ગાથા અહુનવઈતિમાં અશો જરથોશ્ત દુવા ચાહે છે કે 'અષ" ના યાને રાસ્તીના તરીકા પ્રમાણે ચાલતો જે કોઈ વિદ્વાન, આબાદીનું, અશોઈનું, તથા અમરીનું 'માંથ્ર' મને કહે તેને સંપુર્ણ સુખ હોજો" (યજશ્ને હા૦ ૩૧, ફ૦ ૬). પેહેલવી દીનકર્દના ૮) માં પુસ્તકમાં (ફ૦ ૧૪) અથવાતો હુસ્પારમ નુસ્કમાં જણાવવામાં આવ્યું છે કે "જેમ આ દુનિયાને લગતા આદમીના શરીરના દુઃખ દરદો સાજા કરનાર વૈદ છે, તેમ આદમીના મીનોઈ આત્માનું દુઃખ સારૂં કરનાર "અષ" છે. અર્દિબેહેશ્તયશ્તનો ૫) મો ફકરો (જેનો સાર મેં ૩૭-૩૮ પાનામાં આપ્યો છે તે) વળી એવી મતલબ ઉઠાડે છે કે માંથ્રમાંની સૌથી સરસ (વગેરે) 'ઐર્યમનની' બંદગીના જોરે અર્દિબેહેશ્ત અમશાસપંદ હેરેમન, જાદુ- ગરો તથા પરીઓને મારે છે.

* જુઓ ૪૦ માં પાને ટાંકેલા અવસ્તા.

આર્દિબેહેશ્ત અમશાસપંદ અને આતશ.

Fire is the purest and holiest element, that which diffuses light. As such it appears to be the earthy and visible image of the Deity, Who is Himself light and absolute purity—Dr. Geiger.

અર્થ.

"આતશ સ્વચ્છમાં સ્વચ્છ અને પવિત્રમાં પવિત્ર મૂળતત્વ છે, કે જે રોશ્ની બાહાર પાડેછે. તેવા પ્રકારમાં તે, તે મીનો કે જે પોતે રોશ્ની અને ખરેખરી અશોઇ છે, તેનું ખાકી અને જોઇ શકાય એવું રૂપ છે."—ડૉકટર ગાઇગર.

આગલી બાબતોમાં આર્દિબેહેશ્ત અમશાસપંદને આપણે તેના મીંનોઇ રૂપમાં જોઇ ચુકા છીયે. આતશ, કે જે આર્દિબેહેશ્ત અમશાસપંદનું ખાકી રૂપ છે, તેના મીનો સાથના સંબંધની તેની તપાસ લઇએ.

આર્દિબેહેશ્ત યશ્તના સારના શરૂઆતના ભાગમાં આપણે જોયું છે કે અહુરમજદ પોતાની અને પોતાના સાથી અમશાસપંદોની યાદ કરવા માટે સઘલી ચળકતી રોશ્નીઓમાં પ્રથમ આર્દિબેહેશ્તને રજુ કરવા જરથોશ્તને ફરમાવે છે † (જુઓ આ રેસાલાનું પાનું ૩૭ મું).

† ૨૦૦૦) વર્ષો ઉપર થઈ ગયલો યુનાની ભુગોલશાસ્ત્રી નામે સ્ત્રેબો (Strabo) જણાવી ગયો છે કે તે વખતના ઇરાનીઓ કોઇ પણ ફરેશ્તાની આરાધના કરતા હતા તો તેઓ પેહેલાં આતશની સેતાયશ કરતા હતા. (જેમકે હિંદુઓ યજ્ઞની ક્રિયા કરવા અગાઉ અગ્નીસ્તોમની ક્રિયા કરે છે, જે અગ્ની તે આતશ છે). એ ઉપરથી માલમ પડે છે કે ફરેશ્તા અને આદમીઓ વચે કામ કરનાર (Intermediary) આતશ છે, અને તે આર્દિબેહેસ્ત માટેનો ઇસારો છે. હિંદુ શાસ્ત્ર વળી આતશને ઈશ્વરનો એક અવતાર તરીકે ઓળખાવે છે (વલકનને લગતી દંતકથા).

હમકારા યાને સાથે કામ કરનારા સાથી ફરેશ્તાઓની ટીપમાં આપણે જોઇએ છિએ કે આ દુનિયાને લગતી કેટલીક અશોઇની પેદાશો ઉપર અકેક અમશાસપંદ અને બીજા યજદો યાને એક વડો અને બીજા તેની હાથ નીચેના મવકળ મીનો તરીકે નેમવામાં આવ્યા છે તેમાં આદર, સરોષ તથા બેહેરામ યજદ સાથ અર્દિબેહેશ્ત અમશાસપંદને આતશપર મવકળ વડો મીનો નેમવામાં આવ્યો છે.

પતેતના એક ફરદામાં જુદીજુદી જાતના આતશો તરફ ગુનેહગાર થવા માટે પતેત કરનાર અર્દિબેહેશ્ત અમશાસપંદ પાસ માંફી ચાહે છે.

કેરશાસ્પ પેહેલવાને ભુલથી આતશપર ગુરૂજ માર્યો હતો તેથી તેને દોજખની સજા મળી હતી, જેના રવાનના છુટકારા માટે અશો જરથોશ્તે જ્યારે દાદાર અહુરમજદ પાસથી ઓજરખાહીથી માંફી ચાહી હતી ત્યારે અર્દિબેહેશ્ત અમશાસપંદે આતશપરના મવકળ મીનો તરીકે વાંધો ઉઠાવ્યો હતો.* અશો જરથોશ્તે જ્યારે અર્દિબેહેશ્ત અમશાસપંદને ખાત્રી આપી

---

* એ પેહેલવાન એક વેલા જંગલમાં ખાનું પકાવવા મંડયો. એક ભારે અજદાહ ગુચરૂં થઇ ભોંયપર સુસ્ત પડેલો હતો, જેને કેરશાસ્પ લીલોતરીવાળો ટેકરો સમજ્યો અને તેપર આતશ સલગાવી દેગ ચઢાવી. આગથી અજદાહનું શરીર જ્યારે તપવા મંડયું ત્યારે તેણે એક આચકા સાથ આતશ તથા દેગને ઉડાડી નાંખ્યાં. કેરશાસ્પ તેનો ભેદ સમજ્યો નહી પણ ઉલટો આતશપર ચીરડાયો અને ગુરૂજ માર્યો. કેરશાસ્પે આ દુનિયામાં ઘણાં ભલાં કામો કીધાં હતાં જેમાં સ્રવર નામના અજદાહને, ગનદરપ નામના જાલેમને તથા ૬ જબરદસ્ત લુટારાઓની એક ટોલકી, જેઓ લોકોની ખાનાખરાબી કરતાં હતાં તેઓને ઠાર માર્યાં હતાં, જેથી જરથોસ્ત સાથ ગેઉશ ઉર્વને (જુઓ પાનાં ૩૫-૩૬ અને નોંધ) પણ માફી માટે અવાજ બાહાર કાઢયો હતો. વધુ માટે જુઓ જમીયાદ યસ્ત ફકરા ૪૧-૪૩; શદદર બંદે તથા રેવાયત.

કે લોકોને આતશની તરફ માનથી વર્તવાને તે સમજાવશે ત્યારે અર્દિબેહેશ્ત અમશાસપંદે પોતાનો વાંધો પાછો ખેંચી લીધો હતો.

અશો જરથોશ્તનું રૂહ પેલી જેહાંનની ખબર લઈ ફારેગ થતું હતું ત્યારે બીજા અમશાસપંદો સાથે અર્દિબેહેશ્ત અમશાસપંદે પોતાને લગતી ચીજ આતશની તકેદારી રાખવા સારૂં સિફારસ કીધી હતી.

યજશ્નેમાં તથા રપિથ્વન ઘેહેમાં રપિથ્વનની જે ખશનુમન ભણાય છે તેમાં રપિથ્વન તથા તેના જોડયા સાથીઓ ઉપરાંત અર્દિબેહેશ્ત અમશાસપંદને આતશ સાથ યાદ કરવામાં આવે છે.

આતશ નીઆએશની સેવટે પઢવામાં આવતા "અતૂતોઇ આતરેમ્" વાળા ફકરામાં આતશને અર્દિબેહેશ્ત અમશાસપંદની મારફતે ઇચ્છવામાં આવે છે. (એજ ફકરો યજશ્નેના ૩૪ માં હાનો ૪ થો ફકરો છે).

પેહેલવી શાયસ્ત લા શાયસ્તના ૧૫ માં પ્રકરણના ૪ થા ફકરા પ્રમાણે જોતાં માલમ પડે છે કે અહુરમજ્દે પોતાના અમશાસપંદોને પોતાને લગતી ચીજોપર મુખત્યારી આપી છે તેમાં અર્દિબેહેશ્તને આતશપર આપી છે.

આ બાબતની શરૂઆતે એક જાણીતા જર્મન વિદ્વાન ડાકટર ગાઈગરનું મત ટાંકી બતાવ્યું છે. હવે સેવટે એક બીજા જાણીતા વિદ્વાન ડાકટર હાઉગનું મત ટાંકી બતાવી અર્દિબેહેશ્ત અમશાસપંદના આતશ સાથના સંબંધની બાબતનો છેડો લાવીશ. કહે છે તે વિદ્વાન કે

Whereas all the qualities assigned to Asha aro in abstract ideas his mere appellations, fire is the real object which we see with our sight. યાને

"જ્યારે અર્દિબેહેશ્ત અમશાસપંદને માટે જણાવેલા સઘલા ગુણો તેના સંકેત નામો તરીકે અલંકારીક રૂપોમાં લેવાયા છે, ત્યારે

માત્ર આતશજ એક ખરેખરી વસ્તુ છે જેને આપણે આપણી નજરથી જોઈએ છિયે."

ઉપલાં કારણો માટે આતશને એક નજીવી વસ્તુ ન ગણતાં તથા તેને બુજવવા ન દેતાં તેને અર્દિબેહેશ્ત અમશાસપંદ, કે જે આપણને બેહેશ્ત તરફ પુગાડનાર છે, તેને લગતી વસ્તુ ધારી તેના તરફ આદરમાનથી આપણને વર્તવું જોઈએ છે.*

આતશની વખાણો.

આતશસાથનો અર્દિબેહેશ્ત અમશાસપંદનો માત્ર સંબંધ જાણી આપણે સંતોષ પામવો જોઈએ. ખુદ "આતશ" માટે જુદા જુદા શબ્સોથી રેસાલાઓ છપાઇ ચુકાછે, એટલે તે માટેનું લાબું વિવેચન ન કરતાં થોડીક કંઈ વધુ અને અગત્યની બાબતો ટુંકમાં જણાવીશ.

છેલી બાબતમાં આપણે જ્યારે જોયુંછે કે માત્ર આતશ એક નુરવાળી વસ્તુ છે, જે આ દુનિયામાં આપણે ધરાવ્યે છિયે, જેની રૂયે આપણે ક્રિયાકામ કર્યે છિયે, અને એ રીતે તે મીનોઓનો આપણી સાથ સંબંધ જોડી આપેછે, ત્યારે તેને બુજવવા ન દેતાં રોશન રાખવો જોઇએછે. કોઈબી ધંધાદારી પોતાના આતશને પડતો મુંકી જાય તો તેને લાયક જગાએ મુંકવો અને રોશન રાખવો (વંદીદાદ પરંગરદ ૮). એક રાતમાં ત્રણ મરતબે તે અરજ કરેછે કે તેને રોશન કરવો, પેહેલા ભાગમાં ઘર ધણીને, બીજા ભાગમાં ખેડુતને, ત્રીજા ભાગમાં સરોષ યજદને†. ચેરાગના

* કેટલાક જવાન્યાઓ બીડી પીવાની અને બળતી વસ્તુને પગતળે કચડવાની ગુમરાહી કરે છે, તેઓએ અર્દિબેહેસ્ત અમશાસપંદનો ડર રાખવો જોઇએ છે. આતશના આપણે પુંજારીઓ નથી, પણ આપણે તેને એક નુરી કેબલો સમજયે છિયે તે બાબે ફિરદોસી ૧૦૦૦ વર્ષ ઉપર જે કહી ગયો છે તે તવારીખમાં સદા કાયમ રેહેશે કે

مگوید کہ آتش پرستان بودند — پرستندۂ پاک یزدان بودند

† ખેડુતને પોતાના ખેતરમાં વેહેલું જવા માટેનો તથા સરોય યજદના હુકમથી મરઘો પોકાર મારેછે "કે ઓ આદમીઓ ઉઠો! અને નેકીના કામો શરૂ કરો!" તે બાબેનો ઈસારો છે.

નમસ્કારમાં એને "સોથી મોટો યજ્દ" જણાવ્યોછે. યજશનેના ૧લા હાના ૨)જા ફકરામાં એને "અમશાસપંદોમાંનો ઘણો મદદ કરનારો" જણાવવામાં આવ્યોછે. યજશનેના ૪૩ના હાના ૪થા ફકરામાં આતશની ગરમીને "અશોઇનુ કૌવત ધરાવનારી" જણાવી છે. વંદીદાદની ૮મી પરગરદના ૮૦માં ફકરામાં જણાવવામાં અવ્યું છે કે "આતશ પર બળતી ખુશબો પવનની મારફતે જે બાજુ તરફ આસપાસ ફેલાય છે, ત્યાં દેવો, દરદો, જાદુગરો, પરીઓ (વગેરે, નાપાકીઓ)ની સામે આતશ ફતેહમંદ તરીકે હજાર ઘણા વધુ બળથી સામે જાએછે." * ખોરશેદની રોશનીની ગેરહાજરીમાં આતશની હાજરીની ઘણીજ જરૂર છે, કારણ કે જ્યાં આતશ રોશન રહેછે તથા તેપર ખુશબો બાળવામાં આવેછે ત્યાં ગલીચી, નાપાકી, નજીષાઇ વગેરેનું જોર કમતી રહેછે. † જ્યાં ખોરશેદની રોશની પડતી હોય ત્યાં આતશ રાખવાની જરૂર નથી, બલકે શદર નજમ તથા રેવાયતોના લખાણો મુજબ તેમ રાખવો એ ઓર ગુન્હાભરલું છે. આતશબેહેરામના આતશ આગલ બીજો આતશ રાખી શકાતો નથી તેનું પણ કારણ એજ હોવું જોઇએ કે તે આતશ બીજા આતશો કરતાં ચઢીયાતો છે. આતશ પોતે પવિત્ર છે, તેમજ તે બીજી ચીજોને પવિત્ર કરનારો છે યાને અપવિત્ર ચીજોની નજીષ્ટાઇ દુર કરનારો, બાળી ભસ્મ કરનારો છે. ‡ તેની પવિત્રાઇને લીધે

* છેલી મરકીની વખતે આપણે જોઇ લીધું કે મરકી ખોરશેદના સખ્ત તાપથી તેમજ આતશના ધુંવાથી સેહેજ પણ હઠી હતી. એ બાબે વિગતવારે "મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમાનો" નામના મારા ચોપાન્યામાં જણાવ્યું છે.

† ઉપલોજ ખુલાસો.

‡ જુઓ રેવાયત, "આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ" (એટલે "આતશ અહુરમજદનો પુત્ર")માં "પુથ્ર"નો ધાતુ અવસ્તા "પુ", સંસ્કૃત પુ, Greek *pur*, લઇએ તો તેનો અર્થ "પવિત્ર કરનારો" થાયછે. "આતશ" માટેના અવસ્તા શબ્દ "આતર"નો અર્થ "અદ" "ખાવું"પરથી લઇએ તો "ખાનાર", "બાલી ભસ્મ કરનાર" એવો થાયછે. વધુ માટે જુઓ યજશ્ને હા૦ ૩૬, ફ૦ ૧; વંદીદાદ પરગરદ ૮, ફ૦ ૭૯, ૮૦.

આતશ આગલથી દસ્તાનવાળી ઓરતોને તથા રીમન થયલા શખ્સોને દુર રાખવાનું વંદીદાદમાં ફરમાવવામાં આવ્યું છે. યજશનેમાં આતશને જગ્યેજગ્યે યાદ કરવામા આવ્યો છે *.

ગન્જે શાહેગાન નામની પેહેલવી કેતાબના ૧૫૦) માં ફકરામાં કહે છે કે "દરેક જરથોશતીએ દિવસમાં ત્રણ વખત આતશકદેહમાં જવું અને આતશ નીઆએશ પઢવી, કારણ કે જે શખ્સ ત્યાં જેમ વધારે વખત જાય છે તેમ તેને આબાદી અને દોલત વધારે મળે છે. એક અગતની બાબતપર વાંચનારનું ધ્યાન ખેંચી આતશની વખાણની બાબત પુરી કરીશ. જરથોશતીઓને સજાવર છે કે આતશકદેહમાં સુખડ બીજા શખ્સો પાસ મોકલવા કરતાં પોતે લઈ જવું, કારણ કે આતશ એથી ખુશી થાય છે; કારણ કે બંદગીકરનાર શખ્શ જેવો આતશની નજદીક પોંહોંચે છે કે અહુરમજદનો માનીતો આતશ તેના હાથ સામું જોય છે અને કહે છે કે "ઓ તું ચાલીને આવતા દોસ્ત! તારા બેઠેલા દોસ્ત (આતશ ચાલી શકતો નથી તેથી તખ્તનશીન થયલા આતશ) માટે શું ભેટ લાવ્યો ?" આતશ જ્યારે તેના હાથમાં (સુખડની) ભેટ જોય છે ત્યારે તેને તે હજારો દુવા દેછે (જુઓ આતશ નીઆએશ.)†

---

* હા૦ ૧, ફ૦ ૫, ૧૨; હા૦ ૨, ફ૦ ૫, ૧૨; હા૦ ૩ ફ૦૨, ૧૪, ૨૧; હા૦ ૪, ફ૦ ૨, ૧૦, ૧૭, ૨૩; હા૦ ૬, ફ૦ ૧૧, ૧૮; હા૦ ૭, ફ૦ ૨, ૧૪; હા૦ ૧૬, ફ૦ ૪; હા૦ ૧૭, ફ૦ ૧૧; હા૦ ૨૨, ફ૦ ૩, ૪, ૧૪, ૨૨, ૨૩, ૨૬; હા૦ ૨૪, ફ૦ ૩, ૪, ૮; હા૦ ૨૫, ફ૦ ૭, વગેરે.

† આતશની વધુતારીફ માટે જુઓ દાદેસ્તાને દીની જેમાં શીરકાનના મજદયસ્નીઓ ઉપર દસ્તુરાંન દસ્તુર મીનોચેહેરે પત્ર લખેલો જણાવેલો છે; આતશ નીઆએશ; યજશને હા ૬૨ મો; યજશને હા૦ ૩૩, ફ૦ ૧૨થી ૧૪, હા૦ ૩૪ ફ૦ ૪, હા૦ ૪૩, ફ૦ ૯, તથા વીસ્તારપ તુસ્ક;

આતશોના વર્ગો.

અવસ્તા આતશના ૭ વર્ગો જણાવે છે, ૧) બેરેજી સવંઘહ* ૨) વોહૂફ્રીયાન †–૩) ઉર્વાઝીશ્ત ‡–૪) વાઝીશ્ત §--૫) સ્પેનીશ્ત¶ –અને ૬) નૈર્યોસંઘ ††.

વંદીદાદની ૮ મી પરગરદમાં જે ૧૬ જાતના જુદા જુદા ધંધાદારીઓના§§ આતશો જણાવે છે તે ઉપલામાંના એક "સ્પેનીશ્ત"માં સમાઇ જાય છે કે જે આતશ** આ દુનિયાને લગતો છે.

---

* એનો અર્થ "બુલંદ ફાયદો કરનાર." એ અહુરમજદની આગલ વગર કાઠીએ રોશન રહેછે. રેવાયત ખુલાશો કરેછે કે એ આદમીની અક્કલ વધારે છે, દસ્તુરોપર મવકળ છે, હિંદુસ્થાનમાં કાંગડાના ડુંગરપર વગર કાઠીએ રોશન છે, પાણીથી બુજાતો નથી, હિંદુઓ એને જલામોખી કહે છે, એનું બીજું નામ "આદરખુરદાદ" છે.

† એનો અર્થ "લોહીને પ્યારો" આદમી તથા જાનવરની જાતમાં રહે છે. રેવાયત પ્રમાણે એના બીજા નામો, "ગરેજી" "અજમ ચેરહ" તથા અરબીમાં "તબઇયત" છે.

‡ એનો અર્થ "ઘણી ઝડપવાળો" (ધાતુ "ઉર"=બોહોલું) ઝાડપાન માહેલો.

§ એનો અર્થ "ઝડપથી જનાર" (ધાતુ "વજ"=જવું). વીજળીનો આતશ. રેવાયત તથા વંદીદાદની ૧૯ મી પરગરદ ૫૦ ૪૦) પ્રમાણે એ સ્પેનજગ્ર યા સપુજગર દેવને મારે છે.

¶ એનો અર્થ "ઘણીજ વૃધિ કરનારો". આ દુનિયા માહેલો. રેવાયત પ્રમાણે પકાવવાનો તથા પથ્થરનો (કદાચને એ પથ્થરોના ઘસાડાથી થતો).

†† પાદશાહી નાભ રાખનાર. "નૈર્યોસંઘ" વળી એક ફરેસ્તાનું નામ છે. રેવાયત પ્રમાણે આદમીઓને એ શીખામણ આપનાર છે તથા એનું બીજું નામ "હમેશેહી" છે.

§§ નસો પકાવનારનો–૨) નજીષ્ટ ચીજો પકાવનારનો–૩) કચરો પકાવનારનો–૪) કુંભારનો–૫) કાચ, કોરીકામ બનાવનારનો–૬) કીમ્યાગરનો–૭) સોનીનો–૮) રૂપાગરનો–૯)લુહારનો–૧૦)ઓતકામ કરનારનો–૧૧) મીઠઇવાલાનો–૧૨) ભઠીઆરાનો–૧૩) કલઇગરનો–૧૪) ભરવાડનો–૧૫) લશ્કરઘાહનો–૧૬) પડોસીનો.

** એ બાબે દસ્તુરો તથા વિદ્વાનોના મતમાં ફેર છે. કેટલાકો આ દુનિયાનો આતશ "સ્પેનીસ્ત" અને અહુરમજદની નજદીકનો "બેરેજીસવંઘ" જણાવે છે, જ્યારે બીજાઓ એથી ઉલટુંજ સમજે છે.

રેવાયતમાં જણાવે છે કે એ ૬) આતશોથી આતશબેહેરામ* ફાજલ છે.

પેહેલવી તથા પાજંદમાં ૬) આતશોના નામો મળે છે:—

૧) આદર ગોશસ્પ— ૨)આદરખુદાદ— ૩)આદરબુરજીન મેહેર— ૪)આદર ફરોહબા— ૫)મોનો કરકો— ૬)નૈર્યોસંઘ.

૧ કૈખોશરો પાદશાહે તખ્તનશીન કીધેલો; પેહેલવાનોપર મવકળ; એને પણ કેટલાકો વીજળીનો આતશ કહે છે; રેવાયત પ્રમાણે પાદશાહીનો રાખનાર, અરવંદ પહાડપર એનું મુકામ છે.—૨) જમશેદ પાદશાહે તખ્તનશીન કીધેલો.—૩) ખેડુતોપર મવકળ; અશો જરથોસ્તે ગુસ્તાસ્પ પાદશાહીની દરબારમાં રજુ કીધેલો, વગર કાઠીએ રોશન.—૪ અથવા "આદરફરાહ;" અથોરનાનોપર મવકળ. —૫ અહુરમજદની નજદીકનો હંમેશનોરોશન. †—૬) અવસ્તાનો એજ.

આતશના પુંજકો.‡

છેક કદીમ જમાનાઓથી આતશ પુંજાતો આવ્યો છે. ચીનાઓ§, બરમીસો ,¶ યુનાનીઓ (The Greeks) અને રૂમીઓ (The Romans) ,†† સેમીટીક, કાલદીક તથા બીજી જાતો

* એવું માલમ પડે છે કે આતશબેહેરામ પરથવાની ક્રિયા આ છ આતશોથી થવી જોઇએ. જે ૧૬ જાતના જુદા જુદા ધંધાદારીઓના આતશો છે તેઓ એક વર્ગ "સ્પેનીશ્ત" માં સમઈ જાય છે. એ બાબે વધારે ખુલાસા માટે અત્રે જગા ફાજલ નથી તેથી દિલગીર છું.

† કેટલાકોના કેહેવા પ્રમાણે "મીનોકરકો" એક એલકાબ છે, જુદો આતશ નથી, પણ ખોદાઈ કરામતના મીનો આતશ બાબેનો ઇસારો છે.

‡ આતશ તરફ ક્યા આકારમાં આપણે જરથોસ્તીઓ માન ધરાવ્યે છિયે તે માટેનો ઈસારો હું આગલ કરી ચુકયો છું.

§ આસરે કયાની વંશના પાદશાહોના વખતથી.

¶ જુઓ British Burmah, 1878.

†† અસલના ગ્રીક તથા રોમનો માટે ડૉકટર ગાઇગર જણાવે છે કે "ચોકસ તેહેવારોની વખતે તેઓ આખા કુટુંબ સાથે ઘરના ચુલા આગલ એકઠા થઇ પ્રાથના કરતા હતા". બાકુઇ ખેલ કરનારી કેટલીક

આતશના પુંજારીઓ હતા. કેટલાક પંથો પોતાની ક્રિયા વખતે આતશને રજુ કરે છે. એ સઘળાઓ સાથ આપણને અહીં કામ નથી. પણ હજારો વર્ષો થયા છેક એર્યન જમાનાથી આપણી સાથેસાથ વસ્તા આવેલા હિંદુઓના અગ્નિને લગતી* ઘણીક વિગતો આપણા આતશને મળતી આવે છે તે વાંચનારને રસીલી લાગશે એવું સમજી તે નીચે જણાવી "અર્દિબેહેશ્ત અમશાસપંદ અને આતશ"ની બાબત બંધ કરીશ. આતશ માટેનો અવસ્તા શબ્દ "આતર" તે હિંદુઓનો પણ † आतर છે. "અગ્નિ" વળી

યુરોપીઅન ટોલકીઓ આવા ખેલ કરતી વખતે પેહેલાં આતશપર ધુપ આપ્યા પછી જાદુના ખેલ કરવાના ઢોંગ કરે છે તેમાં તેઓ "વીસ્તા" નામની અસલ રોમનનોની દેવીને જાણે મદદ માટે બોલાવે છે.

* અવસ્તામાં અર્દિબેહેશ્ત અમશાસપંદની બરાબર સામણેના હરીફ તરીકે "ઇંદ્ર"ને મુકવામાં આવ્યો છે, જો કે કઈ બાબતમાં તે ચોકસ જણાવ્યું નથી. તેને લગતું જે બ્યાન મળે છે તે તો આપણા તેશતરતીરયજદના કામને વધારે મળતું છે. "અગ્નિ" આતશનો દેવતા છે તે સિવાય તે પણ કોઇ બીજી બાબતમાં અર્દિબેહેશ્ત અમશાસપંદને મળતો આવતો નથી. પણ હિંદુઓનો "વરૂન" થોડાક ગુણોમાં મળતો આવે છે ખરો, જેમ કે તે જગતનો કર્ત્તા છે, ભલી ભલાઇઓ આપનાર છે, સચ્ચાઇનો ચાહાનાર છે, અને પાપીઓને સજા કરનાર છે (રીગ-વેદ પુ. ૧, પ્ર૦ ૨૫; પુ૦ ૨, પ્ર૦ ૨૭; પુ૦ ૭, પ્ર૦ ૮૬). પણ રીગ-વેદમાં બીજી ગમ (પુ૦ પાંચમાંમાં) વળી અગ્નિને ઇંદ્ર સમજવામાં આવ્યો છે એટલે અહુરમજદ અને અમશાસપંદો બચ્ચેના અંતરની આપણને જેવી ગુંચવણ જણાઈ છે તેવી આ દેવતાઓ વચ્ચેની છે. એમતો ચોકકસ બાબતોમાં મેહેરયજદ આપણા અર્દિબેરેસ્તને મળતો આવે છે, જેમ કે ખોરશેદની સહવારની રોશનીનું તે એક રૂપ છે, અહુરમજદ અને આપણી વચે કરતો કારવતો છે અને રાસ્તી તથા કોલકરારપર દેખરેખ રાખનાર છે.

† જેપરથી હિંદુશાસ્ત્રનો એક વેદ अढर्ववेद છે; आटूवन् એટલે આતશને લગતું કામ કરનાર તે આપણો અવસ્તા "આટૂવન્" યાને "અથોરનાન" છે, (જુઓ 'અથોરનાન, પેહેલવાન, ખેડુત અને કારીગર"-વાળો મારો રેસાલો પાના ૪૨, ૪૩, ૬૫.

આતશને લગતો હિંદુઓને દેવતા છે. હિંદુશાસ્ત્રમાંથી એની જે વખાણો મળે છે †† તે આપણી આતશ નીયાએશમાંથી મળતી આતશની વખાણોને મળતી આવે છે, જે નીચે પ્રમાણે છે:—

અગ્નિ.	આતશ.
૧) અગ્નિ બ્રહ્મનો પુત્ર છે.	આતશ અહુરમજદનો પુત્ર છે.[1]
૨) અગ્નિ ત્રણ બળવાન † દેવતામાંનો એક છે.	આતશનો વડો મીનો અર્દીબેહેસ્ત, અમશાસપંદોમાંનો ૩)જો છે.[2]
૩) અગ્નિ કૈલાસમાં વગવસીલો ધરાવે છે.	આતશનો વડો મીનો અર્દિ॰ અમશા॰ બેહેસ્તનો દરબાન છે.[3]
૪) અગ્નિ આદમીઓને દેવતાઓનાં‡ સંબંધમાં લાવે છે.	આતશ આપણને અહુરમજદ તરફ પુગાડે છે.[4]
૫) અગ્નિ માણસોનું રક્ષણ કરે છે.	આતશ તેમ આપણું કરે છે*.
૬) અગ્નિ દર મકાનમાં પોંહોંચી વળે છે.	આતશ ઘેરોનો ઘેરધણી કેહેવાય છે.[5]
૭) અગ્નિ આદમીઓપર દેખરેખ રાખે છે.	આતશ જે મકાનમાં હાજર છે ત્યા આશીર્વાદ પંથરાય છે.*

†† જુઓ Dr. Haug's Essays on the Parsees તથા Muir's Original Sanskrit Text. Cf. Ignis.

* આતશ નીયાયશ. † ઘણું કરી इंद्र–सोम–अग्नि. ‡ Intermediary. [1] જુઓ પાનું ૪૬, નોંધ. [2] આતશને "સૌથી મોહોટો યજદ" કેહેવામાં આવ્યો છે (આતશ નીઆયશમાં "મઝીસ્ત યજત);" જોકે એ અમશાસપંદ નથી, તોપણ કોઇ કોઇ વખત અમશાસપંદ તરીકે એને જણાવવામાં આવ્યો છે (યજ॰ હા॰ ૧, ૫॰ ૨.) [3] એક આતશ અહુરમજદ આગલ સદા રોશન છે. [4] યજશ્ને હા॰ ૩૬. યુનાની ગ્રંથકાર પ્લુતાર્ક જણાવી ગયો છે કે અસલ ઇરાની મેહેર યજતને એવીજ રીતે સમજતા હતા. [5] યજશ્ને હા॰ ૧૭, ફ॰ ૧૧.

૮) અગ્નિ ડહાપણુવાળો છે.	આતશ સારા જ્ઞાનવાળો છે.[૧]
૯) અગ્નિ મુશકેલી દુર કરે છે.	આતશ પણ તેમ કરે છે.*
૧૦) અગ્નિ પૃથ્વી ઉપર રહે છે.	આતશ આપણાં મકાનમા રહે છે.*
૧૧) અગ્નિ સૌથી વેહેલો જાગૃત થાય છે.	આતશ રાતના પેહેલા ભાગમાં ઘરધણીને પોતાને રોશન કરવા અરજ કરે છે.[૭]
૧૨) અગ્નિને ખુશાળીની તેમજ મરણ ક્રિયામાં પેહેલા યાદ કરવામાં આવેછે.	આતશને એ બંન્ને ક્રિયામાં પેહેલાં રજુ કરવામાં આવે છે.[૮]
૧૩) અગ્નિ ક્રિયાકામને ઉત્તેજન આપે છે.	આતશ ક્રિયા કરનારને દુવા ચાહે છે.*
૧૪) અગ્નિ સ્તોમની ક્રિયા સઘળી ક્રિયાઓમાં પેહેલી કરવી પડે છે.	આતશ નીઆયશ દરેક ક્રિયામાં પઢવામાં આવેછે.[૯]
૧૫) અગ્નિ ઈશ્વરનો એક અવતાર છે †.	આતશ, તેના વડા મીનોનું ખાકી રૂપ છે.[૧૦]
૧૬) અગ્નિ પાપોનું તારણ કરનાર છે.	આતશ આગલ આપણે પતેત કર્યે છિયે.[૧૧]

* આતશ નીઆએશ.

† વલકનને લગતી દંતકથા.

[૧] "હુધાઓ" (આતશનીયાયશ). [૭] વંદીદાદ પરગરદ ૧૮. [૮] જુઓ આ રેસાલાનું પાનું ૪૨ મું. [૯] જુઓ આ રેસાલાનું પાનું ૪૨મું. [૧૦] જુઓ પાનાં ૪૨, ૪૪, ૪૫ ; જે મીનો અર્દીબેહેસ્ત અમશાસપંદને અહુરમજદ સાથ અતલગનો સંબંધ છે (જુઓ પાના ૨૧ થી ૨૪). [૧૧] માત્ર એમાં સેહેજ ફરક છે; આતશ આપણા પાપોનું તારણ કરનાર નથી, જોકે આતશ આગલ પતેત કરવાનું આપણે વધારે પસંદ કર્યે છિયે.

અર્દીબેહેશ્ત અમશાસપંદ અને ગરમી.

આપણી સાદી આંખોથી જે આતશને આપણે જોઇએ છિયે તે ઉપરાંત બીજા અણુદીઠ આતશો છે, જેવા કે આપણા બદન માહેલો આતશ, ઝાડપાન માહેલો, આકાશ માહેલો, મીનોઈ આતશ, વગેરે, કે જે આતશો વિષે મેં આગલ જણાવ્યું છે. એ સર્વે આતશોમાં જે મુખ્ય તત્વ છે કે જેની રૂએ તેઓ રોશન છે તે "ગરમી" છે. તે ગરમી પછી આતશની હોય કે ખોરશેદની, ઝાડપાન માહેલી હોય કે પ્રાણીઓ (creatures) માહેલી.

કુદરતને લગતી ચક્ર ગતીનો મુખ્ય આધાર ગરમીપર છે એવું આપણને કુદરતને લગતી ફિલસુફી શીખાડે છે. જેબી સંચાઓ ચાલે છે, પછી પ્રાણીઓના શરીરના કે વરાળ યંત્રોના, તેઓનો પણ મુખ્ય આધાર ગરમીપર છે*. હજારો વર્ષો થયા દરેક કોમ એવું સમજતી આવી છે કે આદમી જે ૪) મૂળ તત્વોનું બનેલું છે તેઓ પાણી, હવા, આતશ, અને ખાક છે†. પેહેલવી

* અણુદીઠ ગરમી (latent heat)થી બટ ચીજો પ્રવાહીમાં અને પ્રવાહી ચીજો વરાળ રૂપમાં બદલાઇ જાએ છે.

† અરબીમાં اَلنّار' الهواء' الماء' الارض — ફારસીમાં آب و هوا و آتش و خاک — પેહેલવીમાં [illegible] , [illegible] — સંસ્કૃતમાં पृथ्वी, अप्, तेजस्, वायु, आकाश. હિંદુ શાસ્ત્રમાં એક વધુ તત્વ "આસમાન" છે. કેટલાક યુરોપીઅન ઓલમાઓને આ વિચાર સારો રૂચતો નથી, પણ એર્યનોની મતલબ એવું જણાવવાની છે કે આપણા શરીરમાંનો માસનો ભાગ તે "ખાક"; લોહી તથા પ્રવાહી ચીજો તે "પાણી"; દમ, સ્વાસ, પવન, જીવ તે "હવા" અને જે ગરમીની રૂએ આપણો જીવ સલામત છે તે "આતશ" છે. Cf. solid, fluid, gaseous. અસલ યુનાનીઓ એવું જણાવી ગયા છે કે તેઓના વખતના જરથોસ્તીઓ એવું માનતા હતા કે તેઓનો ખુદા ૪) ઘોડાના રથમાં સવાર થતો હતો અને તેઓ આસમાન, હવા, પાણી, અને પૃથ્વીના અલંકારીક રૂપો હતા.

કેતાબ દીનકર્દમાં જણાવે છે કે "આદમીનું બદન જીંદગીવાળુ તેનામાં હેયાત આતશને લીધે છે*." અને તે આતશ તે ગરમી છે. તમામ દુનિયાનો આધાર, સર્વે આબાદીનું મૂળ, વરસાદનું વરસવું, વગેરે ગરમીથી છે.†

અવસ્તામાં "રપીથ્વન" શબ્દ મળે છે તેનો અર્થ "ગરમી" થઇ શકે છે. આખા દિવસમાં ગરમીનો વખત તે બપોર છે જેને "ઘેહે રપીથ્વન્" કેહેવામાં આવે છે અને અવસ્તાનો "રપીથ્વનેમ્ જ્વાનેમ્" તે બપોરના વખતને કહે છે (જુઓ તીર યશ્ત તથા વંદીદાદ પરગરદ બીજી). બપોરે દક્ષિણ દિશા તરફ મોંહ કરી કસ્તી કરવાનું આપણે વધારે પસંદ કર્યે છિયે તે ગરમીના સંબંધને લીધે યા ખોરશેદની વળાણને લીધે છે.

---

* [illegible] (દીનકર્દ, પુસ્તક ૬ ઠું ના૦ ૨૬૩, ફ૦ ૪).

† એ ઉપરાંત બીજી તરેહની ગરમી, ઘસાડા (Friction) થી, દબાણ (compression) થી, વીજળી, વગેરેથી, ઉત્પન્ન થાય છે. આ દુનિયામાં આતશ પેહેલ વેહેલો કેમ રોશન થયો હતો તે બાબે એવું કેહેવાય છે કે પાદશાહ હઓશંઘે એક દીન એક મોહોટા અજદાહને પોતાની પાસેથી ચાલી જતાં જોયો કે તુર્ત એક પથ્થરને તેની સામે મારવાને ફેંકયો, જે અજદાહને ન લાગતાં ચકમકના પથ્થર સાથે અઠડાયો, જેમાંથી બળતું નિકલ્યું, જે પર ઘાસ વગેરે બાળી તે પાદશાહે આતશ રોશન કીધો અને જસનની મિજલેસ સમારી તેને તખ્ત નશીન કીધો (જુઓ પાના ૪૮ માં આપેલી ¶ નીશાનવાળી નોંધ). હિંદુશાસ્ત્ર अग्नि માટે એવું કહે છે કે તે લાકડાના બે ટુકડામાંથી ઉત્પન્ન થયો હતો. હાલમાં લાકડાં પર કેરોસીન નામી મેચીસ સલગાવી આતશ રોશન થઇ શકે છે એવું અસલ જમાનામાં ન હતું એટલે લોકો આતશની ખુબી જાણી શકતા હતા. દોડતા ઘોડાની નાલ પથ્થર સાથે ઘસડાયાથી બળતું નિકળતું આપણે જોઇએ છિયે તથા વાદળાંઓના અઠડાવાથી વીજળી પડે છે તે સઘલું ઉપલાજ કારણને લીધે છે.

આ ગરમીને આર્દિબેહેસ્ત અમશાસપંદ સાથ કંઈક સંબંધ છે, જેમકે જે આતશ આપણા શરીરને ગરમી આપે છે તે વળી અહુરમજદ સાથનો આપણો સંબંધ રાખે છે અને તે આર્દિબેહેસ્ત અમશાસપંદથી છે, અને એ અર્થે આર્દિબેહેસ્ત ગરમીનું સ્વરૂપ છે.

દીનકર્દના ૬ ઠા પુસ્તકમાં કહે છે કે "આતશ પોતાની ગરમીથી ગરમીવાળો છે * "; એટલે કે ગરમીથી આતશ તેમજ આતશથી ગરમી છે; અને એ રીતે આર્દિબેહસ્ત, આતશ અને ગરમી એકના એક છે.

યજશ્નેની રપિથ્વનની (બપોરની) ખશનુમનમાં તેમજ રપિથ્વન ઘેહેની ખશનુમનમાં રપિથ્વન તથા તેના જોડયા સાથીઓ ઉપરાંત આર્દિબેહેશતને આતશ સાથ યાદ કરવામાં આવે છે. (એની સમજ બાબે જુઓ પાનું ૪૪ મું).

રપિથ્વનનું જસન તથા રપિથ્વન ઈજવાની ક્રિયા મોબેદોનો મોટો ભાગ ફરવરદીન મહીનો અને આર્દિબેહેશ્ત રોજે બપોરે કરે છે (તેમાં આર્દિબેહેશ્તની ખશનુમન પઢવાને લીધે આર્દિબેહેશ્ત રોજે કરે છે) તે પણ આર્દિબેહેશ્તના બપોરની વખતના યાને જે વખતે વધુ ગરમી હોય તે વખતના સંબંધને લીધે છે.

પેહેલવી કેતાબ દીનકર્દના ૯ માં પુસ્તકના ૯ માં પ્રકરણના ૮) માં ફકરામાં કહે છે કે "આર્દિબેહેશ્ત અને અહુરમજ્દના આતશની ક્રિયાનો વખત રપિથ્વન ઘેહેના અમલમાં છે.

---

* [illegible] (દીનકર્દ પુસ્તક ૬ ઠું, ના૦ ૨૫૩, ૫૦૭).



અર્દિબેહેશ્ત અમશાસપંદ અને રોશ્ની.

રોશ્ની એટલે શું ?

Light is the symbol of moral purity.–Dr. Geiger.

"રોશ્ની નીતિમાન પવિત્રાઇની નીશાન છે" એવું ડૉકટર ગાઇગરનું ઉપલું મત તેનો સંપુર્ણ અર્થ ઉઠાડે છે અને જ્યારે પવિત્રાઇપર મવકળ સાહેબ અર્દિબેહેશ્ત અમશાસપંદ છે ત્યારે રોશ્ની ખરેખર અર્દિબેહેશ્ત અમશાસપંદની આરશી તરીકે તેનો ચીતાર રજુ કરે છે. હવે અશોઇની જીંદગી ગુજારનાર શખ્સની છેવટની એકલી ઉમેદ જે બેહેશ્ત તેનો પડછાયો જે રોશ્ની છે તેની તપાસ લઇએ.

જેમ "પવિત્રાઇ" ના આપણે બે વર્ગો કર્યા છે, એક તનની અને બીજી મનની, જેમ "આતશ" ના આપણે બે વર્ગો કર્યા છે, એક ખાકી અને બીજો મીનોઇ અને જેમ "ગરમી"ના પણ આપણે બે વર્ગો કર્યા છે, એક આપણને માલમ પડતી અને બીજી બેમાલુમ, તેમ દીનકર્દમાં* રોશ્નીના બે વર્ગો જણાવ્યા છે, એક બદનની આંખે જોવાની અને બીજી આત્માની આંખે જોવાની.

બદનની આંખે જોવાની રોશ્નીઓમાં ખોરશેદની, માહાબોખ તારની, સેતારાઓની, આતશની કે ચેરાગની અને ઝઝકલાંની (aurora) છે†. આ રોશ્નીઓમાંની કોઇ પણ રોશ્ની તરફ આપણું મોંહ કરી આપણને પેદા કરનાર અહુરમજ્દની આપણે યાદ કરી શકચે છિયે.

---

* દસ્તુર પેશોતનવાળું પુસ્તક ૬ ઠું નાં૦ ૨૫૦.

† દીનકર્દમાં કહે મારા વાંચવામાં એવું આવ્યું છે. એ ઉપરાંત માંદેગાને ચતરંગ નામની પેહેલવી કેતાબમાં એક વધુ સાબેતી એ મળે છે કે બુજર્ગ ચમેહેરે "નીવેઅરતશતર" [illegible] નાંમની એક સેત્રંજના જેવી રમત શોધી કાઢી હતી તેમાં ૫) મોહોરાં ૫) જાતની રોસ્ની બતાવનારા મુકયાં હતાં, જેનો ભેદ બીજો કોઇ શખ્સ સમજી શકયો ન હતો.

આપણે આપણી આંખ્યોથી જે રોશની જોઈએ છિયે જેવી કે આતશની કે ચેરાગની, ખોરશેદની*, માહાબોખતારની, સેતારાની, ઝઝકલાંની, તે ઉપરાંત અશોઇ પણ એક રોશનીજ છે અને જ્યારે આપણી નજરે દેખાતી કોઇ પણ પ્રકારની રોશની આપણા દિલને ખુશ કરે છે ત્યારે તેઓ કે જેઓ પોતાના બદનમાં રોશની ધરાવતા હશે તેઓને બેહેશતના મકાનની રોશની કેવી દીપક આપતી હશે! †

ચેરાગ.

એક બાબતમાં ચેરાગ એક અચ્છો ભાગ ભજી બતાવે છે, અને તે એ કે ચેરાગ જેમ બતીને અર્થે તેમ રોશનીને અર્થે પણ વપરાય છે; એટલે કે રોશની તે ચેરાગ અને ચેરાગ તે રોશની છે. ઇંગ્રેજી શબ્દ Light તેની ગુવાહી પુરે છે. સાધારણ નજરે જોતાં કેરોસીનની ‡ શોધથી તે એક ઘણીજ સસ્તી બતી

* જર્મન ભાષામાં એક કેહેવત છે "સુરજ સઘળું અજવાળામાં લાવે છે."

† થીઓસોફીસ્ટોના મત પ્રમાણે માણસ જ્યાંસુધી અશોઇની રોસ્નીને પોંહોંચતો નથી તથા જ્યાંસુધી "અસરે રોસ્ની" ના સૌથી ચઢતા તબક્કાને પોંહોંચી શકતો નથી ત્યાંસુધી તેનો આત્મા છુટકારો પામતો નથી. આપણો પવિત્ર આત્મા પણ એક રોસ્ની છે તથા અહુરમજદની રોસ્નીનું એક કિરણ છે, જેની મારફતે આપણે અહુરમજદની પીછાન કરી શકયે છિયે.

નવા ફ્રીમેશન થનારને તેના લોડજનો માસ્તર સવાલ પુછે છે કે "લાંબો વખત તમે અંધકારમાં ગુજાર્યો છે; કહો કે હાલમાં તમારા દિલની પેહેલી ઉમેદ શું છે?" તેનો તે ઉમેદવાર જવાબ આપે છે કે "રોસ્ની."

‡ એક પૈસાનું કેરોસીન મેળવ્યાથી તેની અગત્યતા તુટેલી સમજવી ન જોઇએ. તેની પીછાણ તમે ત્યારેજ કરી શકો કે જ્યાં તમામ અંધારૂં હોય, જ્યાં બીઆબાન હોય, જ્યાં ચોર લુટારાઓનો અને ફાડી ખાનારા જાનવરોનો, પલીદીનો, વગેરેનો દોર હોય અને ત્યાં ચેરાગ હાજર ન હોય.

છે પણ તેની ઉંડી મતલબમાં તપાસ્યે તો તે એક નુર છે. દીનની સમજ પ્રમાણે તે બેહેશ્તનો માર્ગ બતાવે છે. દુનિયાનો મોટો ભાગ * એવું સમજે છે કે બેટો પણ એક ચેરાગ છે, જે તેના ગુજરેલા માબાપોની નઇઅતે ક્રિયા કરાવી તેઓના આરામના ઘર મધે પોંહોંચાડવાની કંઇક સગવડ કરી આપે છે તથા રૂડે માર્ગે ચાલી પોતાના વડવાઓની કીર્તિનો ચેરાગ સદા રોશન રાખી શકે છે. ગુજરનાર શખ્સ ચેરાગની કેવી ખાહેશ રાખે છે†! ગુજરેલા શખ્સનું મુવેલું બદન જ્યાં મુકવામાં આવ્યું હોય ત્યાં ચેરાગ મુકવાનો આપણામાં રવઇઓ છે તે ઉપલીજ મતલબથી છે. દીનકર્દ‡ પ્રમાણે "કેલવણી પણ એક રોશની છે. અને બુધ્ધી તે ચેરાગ છે." યજશ્નેના ૪૩) મા હાના ૭)મા ફકરામાં અશો જરથોશ્ત એમ પુછતો માલમ પડે છે કે "ઓ અહુરમજદ! દીનને લગતા સવાલ—જવાબો કરવા માટે તારી દુનિયાના આદમીઓના દિલમાં રોશ્નીની નીશાનીઓ હું કેવી રીતે દેખાડું?" બીજા કેબલાઓની

---

* જુદદીનોમાં પણ ચેરાગ વિષે મોટું માન છે. બાઇબલમાં એવો એક ઇસ્તેલાહ મળે છે કે "પાપીઓનો ચેરાગ બુજઇ જશે." ચીનાઓ એક જોત પરથી બીજી જોત મેળવી ચેરાગ વગર બુજવવે રોશન રાખેછે; જો તે બુજાઈ ગયો તો એક મરણ નિપજ્યું એવી રીતે એક અપસુકન સમજે છે. યાહુધીઓ તથા ખ્રિસ્તીઓ પોતાના દેવળોમાં મીનબતીઓ સળગતી રાખે છે. મુસલમીન મુસ્કેલીઆસાન કરવાનો દાવો કરનારા ચેરાગની હાજરીથી ખુદાની યાદ આપે છે. તેઓના પીરોની દરઘાહોમાં તેઓ ચેરાગ રોશન રાખે છે. તેઓમાં એક પંથ "નકશબંદી" કેહેવાય છે જેઓ આતશ તરફ કઇક માન ધરાવે છે તથા છુપી વાતો ખુલ્લી કરતા જણાવવામાં આવે છે. થીઓસોફીસ્ટોના મત મુજબ જેમ આપણે ચેરાગને આતશ સાથ મેળવ્યે છિયે તેમ આપણા આત્માનો ચેરાગ અહુરમજદની અનદીઠ રોશ્નીમાં મેળવી શકાય છે.

† બચ્ચું ટગર ટગર ચેરાગ સામું કેવું જોય છે! રામશ્નીની વખતે ઘણી બતીઓ સાથે બળવાથી કેવી મનોરંજક દીપક આપે છે!

‡ દસ્તુર પેશોતનવાળું પુસ્તક છઠું નાο ૨૧૮, ફο ૭.

ગેરહાજરીમાં ચેરાગ પવિત્રાઈની નીશાન તરીકે કેબલાની ગરજ સારે છે અને તે વખતે તે અર્દિબેહેશ્ત અમશાસપંદની હાજરી બતાવે છે. એટલા માટે રાત્રે બંદગી શરૂ કરવા અગાઉ આપણે ચેરાગનો નમસ્કાર કર્યે છિયે. વંદીદાદની ૧૬ મી પરગરદમાં તેને એક પવિત્ર વસ્તુ ગણી માસીક માંદગીવાળી સ્ત્રીઓને ચેરાગથી ૧૫) કદમ દુર રેહવા ફરમાવ્યું છે.

અહુરમજ્દ રોશ્નીઓનું મૂળ.

તમામ રોશ્નીઓનું મૂળ અહુરમજ્દથી છે અને તમામ રોશ્નીઓથી ભરપુર મકાન બેહેશ્ત છે. અહુરમજ્દ પોતે તમામ રોશ્નીઓમાંથી પેદા થયો છે.* દાદેસ્તાને દીનીના ૩૭ માં પ્રકરણના ૧૨ માં ફકરા પ્રમાણે "અહુરમજ્દ પોતે રોશ્નીના મકાનનો તેમજ રોશ્ની આપનારી પદાર્થોનો સાહેબ છે†." ડાકટર ગાઇગર કહે છે કે "રોશ્ની ખરૂં જોવા જતાં તો અહુરમજ્દના અર્કની છે અને તેથી ખોરશેદ દેખાઇતી રોશ્નીના મૂળ તરીકે

---

* ૨૦૦૦) વર્ષો અગાઉ થઈ ગયલો સ્પાર્ટાનો યુનાની ફિલસુફ હર્મીપોસ (Hermippus) જરથોસ્તી દસ્તુરોના આધારે એવું મત જણાવી ગયો છે.

† બાઇબલ પ્રમાણે "ખુદા પોતે રોશ્ની છે, તેનાંમાં અંધારૂં નથી" (જુઓ St. John's Letter I, New Testament; "ખુદા નહીં પોંહોંચી શકાય તેવી રોશ્નીમાં રહે છે" (જુઓ St. Paul's Letter I); "ખુદા જે પોશાક પેહેરે છે તે રોશ્ની છે"(Psalm, 104th.) દસાતીર કેતાબમાં એવુંજેજણાવે છે કે જીઅફ્રામ પેગમબરે ખુદાની સેફ્તમાં ૩૬ ગુણો ગાયા હતા, તેમાં ૨) જો "નુરોનુ નુર"–૭) મો "તેજી નુરવાળો," ૮) મો "પ્રસીદ્ધ દીપકનો," ૧૨) મો "અતીશ્ય નેકીવાળો," ૧૩ મો) "વખાણનું નુર," ૧૫ મો) "પ્રખ્યાત નુરાનીનો," ૧૯ મો) "ખુલી ભલાઇનો," ૨૧ મો) "ભારે પવિત્રાઇનો," ૨૯ મો) "નિર્મલતાનો પેદા કરનાર" એ પ્રમાણે જણાવે છે. ચિત્ર વિચિત્રપણાની એક તરેહ દાખલ આ હું ટપકાઉં છું.

ખુદ અહુરમજદ પોતાને દેખઇતો બનાવે છે." એમ કેહેવામાં તેણે યજશ્નેના ૩૬ માં હાના છેલા ફકરાનો આધાર લીધેલો જણાય છે, જેમાં કહે છે કે "ઓ અહુરમજદ! રોશનીઓ-માંની આ સૌથી બુલંદ રોશની જેને ખોરશેદ કેહેવામાં આવે છે તેને શરીરોમાંનાં તારા સૌથી સોહામણા શરીર તરીકે હમો જાહેર કર્યે છિયે". યજશ્નેના ૧૨ માં હાના શરૂઆતના ફકરામાં કહે છે કે "જેબી સૌથી સરસ છે તે અહુરમજદને લગતું છે, કે જેની કુદરત છે, જેની અશોઇ છે, જેની રોશનીઓ છે અને જેનુ નુર રોશનીઓ સાથ મળેલું છે" *.

અર્દિબેહેશ્ત અમશાસપંદનો રોશની સાથ સંબંધ.

રોશની ત્યારે અહુરમજદની અને અશોઇની નીશાન છે અને અશોઇના બાબમાં આપણે જ્યારે જોયું છે કે અશોઇના મવકળ મીનો તરીકે અર્દિબેહેશ્ત અમશાસપંદ છે અને તે બાબમાં અહુ-રમજદ સાથ તેનો ઘાડો સંબંધ છે ત્યારે રોશની અર્દિબેહેશ્ત અમશાસપંદની મારફતે વધારે દીપી નિકળતી માલમ પડે છે.

સર્વ જગત માટે બે ખુલ્લા રસ્તા છે, એક ખરો બીજો ખોટો, એક સાચો બીજો જુઠો, એક પવિત્રાઇનો બીજો નાપાકીનો, એક પ્રમાણીકપણાનો, બીજો બદનીષ્ટાનો, એક ધરમનો બીજો બદકર-મનો, અને એ સર્વેનો ટુક ઇન્તેખાબ, એક રોશનીનો બીજો અંધકારનો છે (બુનદેહેશ). જે રોશનીનો છે તે અહુરમજદી અને જે અંધકારનો છે તે હેરેમની છે, યાને એક બેહેશ્ત તરફનો અને બીજો દોજખ તરફનો છે. પેહેલો રસ્તો અખત્યાર કરવાનો આ-પણને ઉત્તેજન આપનાર આપણો અર્દિબેહેશ્ત અમશાસપંદ છે, જે તે રસ્તાનો દેખાડનાર છે કે જે આપણી આંખપર ફરી વળેલો પડદો ખીસાડી નાંખી આપણને દેખાડે છે કે "ઓ

---

* Cf. યજશ્ને હા૦ ૩૧, ફ૦ ૭; ઉપલા ફકરામાં "ગાઉશ" નો અર્થ "ગાય- ગોસ્પદ" અને "ખાથ્રા"નો અર્થ "સુખ" થઇ શકે છે.

આદમ! જો! સાચો અને સીધો માર્ગ આ છે જે તને અહુર-મજદના મકાન તરફ સલામત પુગાડશે!"

અલબતાં જેટલાં દુષ્ટ કર્મો અંધારામાં થાય છે તેટલાં અજવાળામાં થવા મુશકેલ * છે, અને તોય આત્માની નજરે જોતાં અંધારામાં પણ અજવાળું છે. લોકો ખરૂં કહે છે કે "ખોદા સર્વે જગ્યે હાજર છે," "તે સઘલું જોય છે." એ સર્વે જગ્યે, હાજર રેહેનાર અને સઘલું જોનાર રોશ્ની છે અને રોશ્ની અહુ-રમજદની પ્રકૃતિ હોવાને લીધે તથા તે સારી જગતપર પંથરાયલી હોવાને લીધે અર્દિબેહેશ્ત અમશાસપંદ અહુરમજદને હાજરો નાઝર આપણી આગલ રજુ કરે છે.

અર્દિબેહેશ્ત યશતના પેહેલા ફકરામાં અહુરમજદ અશો જર-થોશ્તને એવું ફરમાવતો જણાય છે કે "ઓ સ્પીતમ્ જરથોશ્ત! હમો અમશાસપંદોની આરાધના તથા ખુબીઓ ગાવા માટે તું એક સ્તુતિ કરનાર, ક્રિયા કરનાર,.....(વગેરે)† તરીકે, અર્દિબેહે-શ્ત‡ અમશાસપંદને ભલી ચળકતી રોશ્નીઓના સાહેબ તરીકે ગણ."

અર્દિબેહેશ્ત અમશાસપંદ આતશમાંથી નિકળતા ચળકતા બળતાનું એક રૂપ છે, આસમાન માહેલી રોશ્નીઓનું નુર છે, કોઇ પણ પ્રકારના નીતિને લગતા ચળકાટનો એક આકાર છે. રોશ્નીઓની મારફતે તથા ગરમીની મારફતે દુનિયાની તમામ

---

* એ ઉપરાત નાપાકીઓ દુર થાય છે, લુટારૂઓ, જંગલી જાનવરો, ખ્રફસતરો, વગેરે રોશ્નીમાં ફાવતા નથી.

† સ્તુતિ કરનાર, ક્રિયા કરનાર, અરજ કરનાર, માંથ્ર પથનાર, ઈજનાર, આફ્રીન કરનાર, તથા વખાણ ગાનાર; એ સઘળા એલકાબો અશો જરથોસ્તને લાગુ પડે છે અને નહીં કે અદિબેહેસ્ત અમશાસપંદને, કારણકે એવું કામ યજશ્ને કરનારનુંછે, નહીં કે અમશાસપંદનું.

‡ આગલ પાને ૩૭, તથા ૪૨ માં મેં જણાવ્યું છે તેમ અર્દિ-બેહેસ્તને આતશ તરીકે પણ સમજી શકાય છે, ફરક માત્ર એટલોજ છે કે એકમાં એને મીનોઇ આકારમાં અને બીજામાં ભાવવાચક ગુણ (abstract quality) માં મેં લીધો છે.

અશોઇની પેદાશોનો તે વધારનાર છે તથા અહુરમજદનો તેની નેક પેદાશોમાં મુખ્ય મદદગાર છે; એટલા માટે ડાકટર હાઉગ તેને ઇશ્વરીતંત્ર સમજે છે. રોશનીના સંબંધમાં અર્દિબેહેશ્ત અમશાસપંદ માટે તે વિદ્વાન કહી ગયો છે કે,

Asha-Vahishta (Ardibehist) represents the blazing flame of fire, the light in luminaries, and brightness and splendour of any kind whatever, wherever it may exist. * * * Light being of the nature of Ahuramazda, and being believed to pervade the whole good creation, Asha-vahishta represents the Omnipresence of the Divine Being. Light maintaining the vitality of the whole creation, animate and inanimate, and being the cause of all growth, Asha-vahishta is the preserver of all life and all that is good. He represents, in this respect, God's Providence—Dr. Haug.

ડાકટર ગાઇગર અર્દિબેહેશ્ત અમશાસપંદ માટે એવું મત આપે છે કે

He is the champion of the powers of Light against Evil and will bring victory at the end of the conflict—Dr. Geiger.



અર્દિબેહેશ્ત અને બેહેશ્ત.

આપમતલબીઆઓની ઠગાઈ.

હવે છેવટે હું તે બાબતપર આઉંછું કે જે દરેક નીતિમાન શખ્સની છેવટની અને એકલી નેમ હોવી જોઈએ. જેમ એક તીરંદાજ નેમ ટાંકે છે તેમ દરેક આસામીની કંઇ ને કંઈ નેમ હોય છે. કોઈ ખુશામદ કરે છે, કોઈ ડાહ્યા ડોહોરા બની જાય છે, કોઇ રાવરૂસવાટ કરે છે, કોઈ સખાવત કરે છે, કોઇ ગરીબોનું કલ્યાણ કરવા ઉઘરાણું ભેગું કરે છે, કોઇ તેઓમાટે ચાલી બંધાવા દોડે છે, કોઇ ગધાવૈતરૂં કરે છે, વગેરે. એઓમાં મોટો ભાગ આપમતલબી હોય છે; એટલે કે યાતો તેમાંથી પોતાનો ફાયદો જોવો અથવાતો લોકોમાં માન અકરામ મેળવવું કે ભલાઇ લેવી એ તેઓની છુપી ઉમેદ છે, પછી તેમાં છેક અતલગના સગાઓનું સત્યનાશ વળતું હોય તો તેનો મુજાહેકો નહીં. જેઓ સખાવતના ખરા બહાદુરો છે એટલેકે પવિત્ર ફરજ સમજી બીજાઓનું કલ્યાણ કરવાની આર્જુ રાખે છે તેઓ ખાનબહાદુરો થવાની દરકાર રાખતા નથી. પણ એક નીતિમાન શખ્સની એકલી ઉમેદ એ હોવી જોઈએ કે પ્રમાણીકપણે રોટી પેદા કરી પોતાનું પેટ ભરવું અને ઠગાઇ વગરના રાસ્ત રાહે ચાલી મુવા બાદ બેહેશતનું મકાન મેળવવું. કોઇબી બીનાં અહુરમજ્દથી છુપી રેહેતી નથી. રાસ્તીના સાહેબ અર્દિબેહેશ્ત અમશાસપંદની મારફતે હરવેસ્પ આગાહીનો જાણનાર અહુરમજ્દ સઘલું જોય છે. આપણી ઠગાઇ કયાં સુધી છુપી રેહેશે કે જ્યારે યજશ્નેના ૩૧ માં હા ના ૧૩ માં ફકરામાં અશોજરથોશ્ત કહેછે કે "ઓ અહુરમજ્દ! જે કોઇ છુપી રીતે અથવા જાહેર રીતે વાતચીત કરે છે અને જે કોઇ પોતાનો નાનો ગુન્હા છુપાવવા જતાં બેવડો ગુન્હા કરે છે તે સઘલું અષની (અર્દિ૦ અમ૦) નીમારફતે તું તારી રોશન ચશમોથી જોય છે" તથા

જ્યારે યજશ્નેના ૪૮ મા હાના ૧ લા ફકરામાં કહે છે કે "ઓ અહુરમજદ! (ખરી લાગણીવાળો શખ્સ) જ્યારે ખરા પરોપકારથી તથા રાસ્તીથી ઠગાઇને જીતશે અને જ્યારે જે બીનાઓ દેવોથી તથા બુરી દયાનતના માણસોથી ઠગાઈ તરીકે જાહેર થયલી હોય તેનો ભરમ ફુટશે ત્યારે તારી ખુબી તેઓના ફાયદાઓ સાથે બેહેશ્તના મકાનમાં મગટી નિકળશે"?

અહુરમજદ આપણને માત્ર કસોટી જોય છે કે કોઈના ઉપર કે કોઇબી બાબતમાં આપણે ગેરલાભ લઇએ છિયે કે નહીં, લાલચ અને આપમતલબને દુર કર્યે છિયે કે નહીં, અને ગમે એવાં સંકટો હોવા છતાં માત્ર એક નેમ ઉપર આપણું ચિત લગાડયે છિયે કે નહીં, લોકોમાં ભલાઇ લેવાની દરકાર રાખવા કરતાં માત્ર અહુરમજદની દરકાર રાખ્યે છિયે કે નહીં.

અર્દિબેહેશ્ત અમશાસ્પંદ બેહેશ્તનો દરબાન.

હુમત્-હુખ્ત્-હવર્શ્તની ખુબી.

હવે આપણે અર્દિબેહેશ્ત અમશાસપંદને બેહેશ્તની ચાવીનો રાખનાર યાને દરબાન શામાટે કહીયે છિયે તેની તપાસ લઈએ.

અર્દિબેહેશ્ત અમશાસપંદ માટેનો અવસ્તાનો બોલ "અષ-વહિશ્ત" અથવા માત્ર "અષ" છે, જે "અષ" નો અર્થ "રાસ્તી" અથવા "અશોઇ (પવિત્રાઇ)" છે. આ બે અક્ષરવાળા શબ્દમાં ઘણો ભેદ છે. એ એક નાના શબ્દમાં ત્રણ બાબતો સમાઇ છે; "હુમત-હુખ્ત-હવર્શત" એટલે કે રાસ્ત વિચારવું-રાસ્ત બોલવું-રાસ્ત કામો કરવાં—અથવા તો નેક વિચારવું-નેક બોલવું-નેક કામ કરવાં*. જરથોશ્તી દીનનો આ એક

* "હુમત-હુખ્ત હર્વસ્ત્"ની ખુબી નીચલી બંદગીઓમાં તથા સરેહોમાં સમાવેલી છે:—"ફ્રસ્તુયે હુમતોઇબ્યસચા"-"અહુરેમ્ મજદામ્" (યજ૦ હા૦ ૩૫, ફ૦ ૨)-"દોવા વીસ્પ"-કુશ્તી બાંધવા માટેની "જસ મે અવંઘે મજદ-પતેતનો પેહેલો અને છેલો ફરદો-"દોઆ નામ સેતાયસ્ને-" વંદીદાદ પરગ૦ ૧૮, ફ૦ ૧૭, ૨૫; પરગ૦ ૧૦, ફ૦ ૧૮, ૧૯, પરગ૦ ૫,

ગુહુંડો અથવા મૉટો (motto) સમજવો. જે શખ્સ એ ત્રણે બાબતો સંભાલે યાને બદ દયાનત ન રાખે, કોઇની બદગોઈ પણ ન કરે અને કંઇ ખોટું કામ ન કરે તેજ તે સંપુર્ણ અશોઇને પુગે. એ અશોઇ અર્દિબેહેસ્ત અમશાસપંદની મારફતે મેળવી શકાય છે એટલે કે ઉપલી ત્રણે ચીજો તપાસનાર અર્દિબેહેસ્ત અમશાસપંદને ખુશી કરે તોજ તે બેહેસ્તમાં દાખલ થવા* પાંમે; જે માટે "સદદર" નામની પેહલવી કેતાબમાં કહે છે કે "પેદા કરનાર અહુરમજ્દે બેહેસ્તની પાદશાહી અર્દિબેહેસ્ત અમશાસપંદને આપી છે અને તેણે અર્દિબેહેસ્ત અમશાસપંદને કહ્યું છે કે 'જે કોઈ સાથ તું નાખુશ થયો હોય તેને બેહેસ્તનો આસરો આપવો નહી'".

અર્દિબેહેસ્તયશ્તના ૩)જા ફકરામાં અર્દિબેહેસ્તનો હુમત્–હુખ્ત્–હ્વર્શ્ત્ સાથનો સંબંધ જણાવી ગરોથમાન બેહેસ્તની તારીફ કરવામા આવી છે જેપરથી બેહેસ્ત સાથનો તેનો સંબંધ પુરવાર થાય છે, જેમાં કહે છે કે "તે કે જે અર્દિબેહેસ્ત અમશાસપંદ (છે) તેને હું વખાણું છું. હું એટલામાટે અર્દિબેહેસ્ત અમશાસપંદને વખાણું છું, કારણકે બીજા અમશાસપંદો કરતાં તે વધારે સારા મકાનનો (હવાયોનેમ્) યાને બેહેસ્તનો માલેક છે કે જે મકાનને અહુરમજ્દ હુમત્–હુખ્ત્–હ્વર્શ્ત્થી ટેકવે છે. અહુરમજ્દનું મકાન

ફ૦ ૨૧-યજશ્તે હા૦ ૪, શરૂઆત; હા૦ ૧૦, ફ૦ ૧૬; હા૦ ૭૦, ફ૦ ૪–વીસપરદ કરદો ૨, ફ૦ ૫–દીનકરદ પુ૦ ૧ ના૦ ૮૧–હાદોખ્ત નસ્ક ફ૦ ૭, ૧૧, ૧૩–પંદનામાએ બુઝરચે મેહેર–આશીર્વાદની દોઆ. એ સર્વેની મતલબ એકજ છે કે સારૂં વીચાર્વાથી–સારૂં બોલવાથી અને સારા કામ કરવાથી બેહેસ્ત મળે છે અને તેઓથી ઉલટાં કામો કરવાથી દોજખ મળે છે. અબુઅલી મ૦ બીન મ૦ મસકુયે નામના એક કાબેલ મેહોમેદને પોતાની "જાવેદાન" નામની કેતાબમાં એજ બાબતપર "ગન્જે શાહેગાન" નામની પેહેલવી કેતાબપરથી વીવેચન કર્યું છે.

* [illegible]

ગરોથમાન (બેહેશ્ત) છે. ગરોથમાન અશો પુરૂષો માટેનું મકાન છે. જે ગરોથમાન છે ત્યાં તેના સુખમાં દુરવંદામાંનો કોઇપણ અહુરમજદ તરફ પોહોંચી શકતો નથી."*

બેહેશ્તની ખુબી.

[illegible]
[illegible]

—યજશ્ને હા ૦ ૯, ૫૦ ૧૯.

અર્દીબેહેશ્ત અમશાસપંદનો બેહેશ્ત સાથનો એટલો સંબંધ દેખડાવ્યા પછી બેહેશ્તની થોડીક સ્તુતી ગાઇ આ છેવટનું પ્રકરણ પુરૂં કરીશ.

અવસ્તામાં બેહેશ્તને "વહિશ્ત અહૂ"† કહે છે જેનો અર્થ "સૌથી સરસ દુનિયા" થાય છે. આમાંથી "અહુ" શબ્દ નિકળી ગયો અને માત્ર "વહિશ્ત" રહયો જે પાછલથી "બહેશ્ત" (Cf. best) માં બદલાઇ ગયો. દાદેસ્તાને દીની નામની પેહેલવી કેતાબમાં એને નીચે જણાંવેલા એલકાબો લાગુ પાડવામાં આવ્યા છે:—

"બેહેશ્ત, ઘણુંજ બુલંદ, ઘણુંજ ‡રોશ્નીવાળું, ઘણુંજ ખુશબો આપનારૂં, ઘણુંજ પવિત્ર,§ સૌથી સરસ હૈયાતીવાળું, સૌથી સરસ ઇચ્છવાલાયક, યજદોનું મકાન છે, જયાં સર્વ પ્રકારનું સુખ, આસાયશ, તથા ખુશાળી છે, જે આ દુનિયાની સૌથી સરસ મજાહ તથા સુખ કરતાં વધારે છે, જેમાં નથી તંગી, દુ:ખ, આફત કે બેચેની, પણ તે એક પાર નહીં થઇ શકે એવી સરસ દુનિયા છે, જેનું નુર ન ખુટે એવું છે."

* દાદાર અહુરમજદનો ચઢતો દરજ્જો તેણે પેદા કીધેલા બેહેસ્તની ગવાહીથી છે—દીનકર્દ, પુ૦ ૬, ના૦ ૨૬૭.

† પેહેલવીમાં "વેહેસ્તો અહાન" તેપરથી "પેહેલુમ અહાન" અને છેવટે "પસુમ અખાન."

‡ અવસ્તામાં એને મળતું લખાણ યજશ્નેના ૧૯ માં હાના ૬ ઠા ફકરામાં મળેછે, જેમાં બેહેસ્તને માટે "સૌથી સરસ અશોઇ તરફ, સૌથી સરસ રોશ્નીઓ તરફ" એવી રીતે સમજ આપે છે. § એજ ખુલાસો.

ઉપલી મતલબનું એના જેવુંજ બીજું લખાણ મીનોખેર્દના ૭ માં પ્રકરણના ૧૩ મા ફકરામાં મળેછે. આ મકાનનો પેદા કરનાર અહુરમજ્દ છે એવું એજ કેતાબના ૩૭ માં પ્રકરણનો ૧૨ મો ફકરો જણાવેછે. ઉપલા ફકરામાં યજદાને માત્ર ૩૩ ફરેશતાઓ તરીકે ન સમજતાં અશો લોકો માટેનો પણ ઇસારો સમજવો જોઇએ છે કારણકે અવસ્તામાં બેહેશ્તને "અશો લોકોની નુરમંદ, તમામ આસાનીવાળી, સૌથી સરસ દુનિયા" ગણી છે (યજશ્ને હા૦ ૧૬, ફ૦ ૭; હા૦ ૬૮, ફ૦ ૧૧; હા૦ ૯, ફ૦ ૧૯,).

અશો માણસને ગુજર્યાબાદ તેની નેક કરણીનાં બદલામ શું ફાયદો મળે છે તે વિગતવારે "અશો પુરૂષ"ની બાબતમાં જણાવી ચુકયો છું એટલે વધારે વીસ્તારીને જણાવવાની અત્રે જરૂર જોતો નથી (વધુ બાબે જુઓ, વીસ્તાસ્પ નુસક, તથા વંદીદાદ પરગરદ ૧૯ મી ફ૦ ૨૮ થી ૩૩). પણ વધુ એ ઉમેરૂં છું કે યજશ્નેના ૪૩) માં હાના ૫) માં જેવા ફકરામાં એવું જે જણાવે છે કે "અશો માણસોને અહુરમજ્દ લાયક બદલો આપશે" તથા "કયામતના વખતે અશો લોક અહુરમજ્દને તેના મકાનમાં મળશે*" તે બેહેશ્ત માટેનો ઇસારો છે.

દરેક જરથોશતીએ આ મકાન માટેની નેમ રાખવી જોઈએ. અશો જરથોસ્તે હોમ યજદ પાસેથી પેહેલી બક્ષેસ એ માંગી હતી કે તે "અશો લોકોનું નુરમંદ તમામ સુખવાળું બેહેશ્ત" મેળવે (જુઓ ૬૬ પાને ટાંકેલા અવસ્તા—યજશ્ને હા ૯, ફ૦ ૧૯). એજ રીતે અશો જરથોશત પોતાના દીનદારોને બેહેશ્તની આશા આપેછે (યજશ્ને હા૦ ૩૨, ફ૦ ૧૫; હા૦ ૪૫, ફ૦ ૭; ફ૦ ૪૬, ફ૦ ૧૦; હા૦ ૪૯, ફ૦ ૯).

---

* ખ્રીસ્તિ ધર્મમાં વળી "આવતા જમાનાનું સુખ ખોદાને જોવામાં સમાયલું છે" એવું સમજાવવામાં આવ્યું છે.

બેહેશ્તના ૪ તબકકાછે—પેહેલું સતર પાયાનું (તારાઓને લગતું), બીજું માહા પાયાનું (માહાબોખતારને લગતું), ત્રીજું ખોરશેદ પાયાનું (ખોરશેદને લગતું), અને ચોથું ગરો-નમાન્, ગરોદેમાન, અથવા ગરોથમાન* (એટલે કિર્તન અથવા ગાયનનું ઘર The Abode of Hymns, lit. The House of Melodies). હાદોખ્ત નુસ્ક(વે૦ ગા૦ ની યશ્ત ૨૨ મી ફ૦ ૧૫) માં તથા અર્દાવીરાફ નામામાં એવું જે જણાવે છેકે અશો માણસનું રવાન ચહારમની બામદાદે ચીનવદ પુળ પસાર કરી રહયા પછી પેહેલું દગલું "હુમત" બોલીને "હુમત" પર મુંકેછે, બીજું દગલું "હુખ્ત" બોલી "હુખ્ત" પર મુંકે છે, ત્રીજું દગલું "હવર્શ્ત" બોલી "હવર્શ્ત" પર મુંકે છે,† અને ચોથું દગલું "હંમેશની બેહદ રોશનીવાળા મકાન"¶ પર મુંકેછે‡ તે પણ ચાર તબક્કાઓ માટેનો ઈસારો છે.

એઓમાં સૌથી સરસ બેહેશતનું મકાન "ગરોથમાન" છે. એના અર્થ પ્રમાણે એને "કિર્તન અથવા ગાયનનું ઘર" (House of melodies) કેહેવાની મતલબ એ છે કે ત્યાં ફરેશ્તાઓ અહુરમજ્દની તારીફના કિર્તનો §ગાય છે. દીનકર્દના ૬ ઠા

---

* રેવાયતમાં ૭ બેહેસ્ત જણાવેલાં છે, તેમાં ઉપલાં ૪ ઉપરાંત "ચીનવત પુલ, હમેસ્તગાન તથા અસરે રોસની" એટલાં વધુ છે.

† યજશ્નેના ૧૯ માં હાના ૬ ઠા ફકરામાં અહુરમજ્દ "અહુનવર" એટલે "યથા અહુ વૈર્યો"ના કલામ સારી રીતે પઢનારને ચીનવદ પુલની પેલે પાર ત્રણ વખત બેહેસ્તમાં પસાર કરવાની આશા આપેછે તેમાં એજ મતલબ સમાયલી હોવી જોઇએ.

¶ બુદ્ધિષ્ટો એને "નિર્વાણ" તરીકે ઓળખે છે.

‡ બેહેસ્તના આ ૪)તબકકા છે એવું દાકતર હાઉગ તથા દાકતર વેસ્ટનું પણ મત છે (વધુમાટે જુઓ મીનોખેર્દ પ્ર૦ ૨જું ફ૦ ૧૪૫,૧૪૬ ની નોંધો તથા પ્ર૦ ૭ મું ૫૦ ૮ થી ૧૧).

§ એને મળતા લખાણ વિષે જુઓ યજશ્ને હા૦૩૪, ફ૦ ૨) જે, જેમાં કહેછે કે "તારી નીઆયશની મારફતે અને તારી વખાણોનાં ગાયનોની મારફતે ઓ અહુરમજદ! તારી જનાબમાં પોહોંચું." ખ્રિસ્તીધર્મ પુસ્તકોમાં પણ ફરેસ્તાઓની માત્ર ફરજ ખુદાની તારીફ ગાવાની જણાવે છે (જુઓ Isaiah VI તથા The Revelation of St. John).

પુસ્તકના નાo ૨૬૭ ના ૬ ઠા પ્રકરણમાં કહેછે કે "દાદાર અહુરમજ્દનો ચઢતો દરજ્જો બેહદ રોશનીવાળા ગરોથમાનને પેહેલાં તેજ આપવાથી તથા તે બેહદ રોશનીવાળા મકાનના સાચા મીનો યજ્દોને પ્રતાપી બનાવવાથી, તથા તે બેહદ રોશનીવાળા મકાનના સાચા યજ્દોના સંબંધવાળો હોવાથી, (વગેરેથી) છે".

છેવટનો બદલો.

આ દુનિયામાં લોકો જેબી ભલાઇના કામો કરશે તેનો બદલો તે જેહાનમાં જરૂર મળશે. "અશો લોકો"ની બાબતમાં જેમ આપણે જોયું તેમ આ દુનિયામાં જસ મળવાનો નથી. (જુઓ પાનું ૩૧ મું). આ દુનિયામાં થતી નેકી કે બદીનો બદલો બેહેશ્ત કે દોજખ મળશે અને તેઓને લગતો હીસાબ તનેપશીન તથા રેસ્તાખેજ (Resurrection)ની વખતે આપવો પડશે તેને લગતું એકસરખું બયાન ઘણાખરા* પેહેલવી પુસ્તકોમાં આપ્યું છે, જે સઘળાનો સમાવ કરવાને અત્રે જગ્યા બસ નથી. છેવટનો બદલો જે બેહેશ્ત તે મેળવવાને ભલા જરથોશ્તીઓ ભાગ્યશાલી નિવડે અને અર્દિબેહેશ્ત અમશાસપંદને રાજી રાખવાને શક્તિવાન થાય એવી દુઆ તેજ અમશાસપંદ પાસથી હું ચાહું છું, કે જે મીનો સર્વે અમશાસપંદોમાં ઘણોજ બખ્તાવર છે, ૧) **રાસ્તી** અને પ્રમાણીકપણાને ચાહનાર છે, ૨) જે **અશોઈ**નો સાહેબ છે, ૩) જે **કુદરત**નો માલેક છે, ૪) જે **માંથા**નો બનાવનાર છે, ૫) જે અહુરમજદના **આતશ**પર મવકળ છે, ૬) જે તમામ **ગરમી**નું મૂળછે, ૭) જેનાથી સઘલી **રોશની**ઓ દીપક મારેછે, ૮) અને જે બેહેદ રોશનીવાળા મકાન યાને **બેહેશ્ત**નો દરબાન છે.

---

* જુઓ દીનકર્દ પુo ૬ઠુ નાo ૨૫૧ મું ફ્o ૨, ૩, ૪; અર્દા વીરાફ નામું; બુનદેહેશ; હાદોખ્તનસ્ક (વેસ્તરગાડની યશ્ત ૨૨ મી ફ્o ૧ થી ૧૬); મીનોખેર્દ પ્ર૦ ૨) જું ફ્o ૧૪૫ થી ૧૪૯; તથા ફ્o ૧૮૨થી ૧૮૬; પ્ર૦ ૭ મું ફ્o ૮ થી ૧૨; ગંજેશાહેગાંન ફ્o ૧૪૭.


ઉપલાનો સારાંશ એ છે કે દરેક જરથોશ્તીની દીનને લગતી ફરજ છે કે તેણે

1) **શરસ્તી**થી તથા પ્રમાણીકપણે સીધા રસ્તા તરફ જવું,
2) તન અને મનની પવિત્રાઇ મેળવી સંપુર્ણ **અશોઈને** પોહોંચવું,
3) **કુદરત**ની કરામત શું છે તેનો ભીતરનો પડદો ખોલવો,
4) **આંત્ર**ના અસરકારક અવસ્તાઇ કલ્લામોથી નાપાકીઓને તોડવી,
5) પોતાના દિલનો અહુરમજદના સંબંધનો **આતશ** સદા રોશન રાખવો,
6) જેની **ગરજ્ની** થી આ જેહાનમાં સારી જીંદગી ગુજારી, તે જેહાનમાં બદલો મેળવવો,
7) નેકીની **રોશની**થી સર્વોત્તમ રોશનીઓવાળા મકાન તરફ પોંહોંચવું,
8) અને એ રીતે **બેહેશત**નો બદલો મેળવવો.



અર્દિબેહેશ્ત અમશાસપંદને અર્પણ.

મેરેજનગોશ (Mouse-ear અથવા Sweet marjoram) ના ફુલો, —બુનદેહેશ પ્ર૰ ૨૭, ફ૰ ૨૪.
ગોસપંદની ગરદન —શાયસ્ત લા શાયસ્ત પ્ર૰ ૧૧, ફ૰૪.
"અદ તા વક્ષ્યા" ના કલામો—શાયસ્ત લા શાયસ્ત પ્ર૰ ૧૩, ફ૰ ૧૪.



અભીપ્રાયો.*

"મરકીના અટકાવ વિષે અવસ્તાના ફરમાનો,"
તથા
"તનને લગતી પવિત્રાઇ."

THE POONA OBSERVER & CIVIL & MILITARY JOURNAL,
JUNE 26. 1897.

A pamphlet in Guzerati bearing the above title is to hand from Bombay from its author, a Parsee gentleman, one Mr. **Pallonjee Cursetjee Mistri,** a certificated passed student of the Sir J. J. Zhend and Pehlvi Madressa, and author of three Prize Essays of the same Madressa successively for three years, of one of which we had the pleasure of taking notice in our issue of 28th April last...The present essay...was contributed to the *Jam-e-Jamshed* of Bombay, at the critical time when the plague was raging furiously.... * * *

We strongly recommend this essay to our Parsee readers and would at the same time suggest that the same be translated into English and published by the help of some fund or the purse of some Parsee philanthrophic gentleman to enable other communities to judge for themselves and have an idea of the simple and true principles of purity as laid down in the Zoroastrian Sanitation Code, these being akin to a certain extent to the principles of other faiths. The essay is published at the time when the plague has almost entirely died away, but as the author says "Prevention is better than Cure," this will only be a safeguard against any other contagious disease that might prevail hereafter, cities like Bombay and Poona being every now and then overcrowded. From the opinions of the Press expressed on the former essays of the same author it appears that the author's talent and penmanship are highly spoken of from the different corners of the Bombay Presidency, and the present essay bears testimony to the same effect, it being recommended for publication by Mr. A. S. Dastoor Camdin, a reverend Parsee gentleman, well-known for his literary pursuits. The Sir J. J. Translation Fund truly deserves credit for supporting such a useful work. * * *

---

* આ અભીપ્રાયોમાં રેસાલામાં શું શું બાબતો સમાવી છે તેને લગતું વર્ણન જગાની તંગાસને લીધે મેં છોડી દીધું છે—રેસાલાના કર્તા.

શસ્તગોઈતાર, તા૦ ૩૦ મી ફેબરવારી ૧૮૯૮.—અવસ્તાના એક અભ્યાસી, મી૦ પાલનજી ખરશેદજી મીસ્ત્રી, જેવણના ...... વિષેના નિબંધની અમે થોડાંજ અઠવાડિયાં ઉપર ખબર લીધી હતી, તેવણ તરફથી ઉપલાં નામવાળો નવો નિબંધ ઘણો પ્રસંગોપાત અને હાલના મરકીના સમયાનુંસાર બાહાર પડયો છે. ગયાં સાલના જાનેવારી માસની શરૂઆતમાં પારસીઓની શાંત છાવણીમાં મરકીએ જ્યારે વધુ ખલલ કરવા માંડી અને તે વખતથી અનેક શખ્સોએ જ્યારે તરેહ તરેહના ઓરંગા મારવા માંડયા, ...ગભરાટના મારયા પારસી જીવડાઓ ટપોટપ ઉડવા માડયા તે વખતનો કોમના લોકોનો ભય નરમ પાડવા એ નિબંધ પેહલવેહેલો એક ગુજરાતી પત્રમાં તેવણે (કર્તાએ) છપાવી દેવાની જરૂર જોઇ. લોકોને એ લખાણો પસંદ પડવાથી તથા મી૦ અ૦ સો૦ દસ્તુર કામદીને એ નિબંધ ચોપાન્યાના આકારમાં છપાવવાનો આગ્રહ કરવાથી, આ સાલમાં પણ મરકી ચાલુ રહેલી જોઈને આ અમંત્રણ મી૦ મીસ્ત્રીએ ખુશીથી સ્વીકાર્યું. ...... પેહેલાં સરજ૦ જી૦ ત્રાન્સલેશન ફંડના શીયાણા સેક્રેટરી તથા ત્રસ્ટી સાહેબોએ અને પાછલથી સર દીનશાહજી પીટીટે જો આ ચોપાન્યાને આસરે આપ્યો ન હોત તો કર્તા ઘણી અડચણમાં આવી પડયો હોત. આ નિબંધથી આપણને ખાતરી મળી શકે છે કે સર જ૦ જી૦ મદ્રેસા તરફથી લાગત ત્રણ વર્ષો સુધી રેસાલાઓ લખવાને કર્તા ફત્તેહમંદ નીવડયો હતો તે માત્ર ઇનામની લાલચેજ નહીં પણ કોમને લગતી આવી આફત વખતે થોડા વખતમાં પોતાના હમદીનોની સેવા બજાવવા તે તત્પર હતો.............અને એ રીતે મરકીના અટકાવની અવસ્તાઇ રસી અજમાવી જોવાની તેમને લાલચ થઈ છે. આ નિબંધને બે મુખ્ય ભાગોમાં વેંહેંચ્યો છે; ૧) આ દુનિયાને લગતી બાબતો, ૨) પેલી દુનિયાને લગતી બાબતો. પેહેલા ભાગમાં (Physical causes)માં મરકીના બે મુખ્ય કારણો જણાવ્યાં છે; ૧) સરદ હવા, ૨) ભીણાશ. એક વર્ષ અગાઉ જણાવેલા આ બે કારણો હજી ઉભાં અને ઉભાંજ છે અને આપણને મરકીથી બચવું હોય તો સરદીથી બચવું એવું ડાકટર બાહદુરજીનું મત એ કારણોને મજબુત ટેકો આપે છે. * * * ...... કેટલીક હલકી સ્ત્રીઓ દવાના બાટલાઓ હાથમા લઇને જાદુલકોટલ કરવાનો દાવો કરનારા હલકા શખ્સોના ઘેરમાં કે બુતપરસ્તોના મકાનમાં જાય છે તેવી ચાલને (આ રેસાલામાં) વખોડી કાઢવામાં આવી છે. આ નિબંધમાં કેટલાક નશીહતરૂપી બોધો દેવામાં આવ્યઃ છે, જે ધ્યાન પુગાડવા જોગ છે. ...... આ નિબંધ સાથે "તનને લગતી પવિત્રાઇ" નો એક જુદો નિબંધ એજ ચોપાન્યામાં સાથેસાથ આપ્યો છે ...... જેમાં સેહેલી અને સુત્રી રીતે સુઘડતા જાળવવા માટેના કેટલાક કાયદા કાનુનો અવસ્તાની સાહાદતો સાથે જણાવ્યા છે......તે ખરીદીને તેના ઉદ્યોગી કર્તાને ઉતેજન આપવાની સાથે તેમાંથી મળતી ધીરજ હાંસલ કરીને તેમાં શિખવેલા

નારાઓની ફરજ છે.
.—તપાસ લેનાર મી૦
ન કરવું એક ખુશાલી
ા, જ્યારે કેટલાક ધરમગુરૂઓ
. મી૦ મીસ્ત્રી જેવો એક સાદો ને
આપવા જોગ ધરમ સંબંધી તોરથી
'વે એ મુબારકબાદી આપવા ને લેવા
ના. એમનાં લખાણો અમારાં વાંચવામાં
વધારે અને ફેરફાર કરીને આ એક વાંચવા
ડા એકવાર વધારે પારસી પ્રજાની મી૦ મીસ્ત્રીએ
છે કે સર જ૦ જી૦ મદરેસાના સઘલાજ ચેલાઓ,
પાતાનો અભ્યાસ પડતો નાખતા નથી. "પાણી, જમીન
." ના એમના રેસાલા વિષે ગયે વરસે અમે જે વીવેચન
તે આબાદ આ નવા રેસાલાને લાગુ પડે છે. કરતા મરકીનું
ા અને ભીનાસ જણાવે છે ને ઘણાખરા વીદવાંનો એમ માને
વળી સફાઇ ને પવીત્રાઇ મરકીને ઘણીખરી દુર રાખે છે એ પણ
જ ખરૂં છે ને અવસ્તાના કલામોનો તરજુમો તપાસ્યા પછી તેની
મતી અસર વિષે અમો કરતા સાથ એકમત છઇએ. "ખોરશેદ"
અને "આતશ"ની રોશનીનો ભેદ, તેનો ઉપયોગ ને તેના ફાયદા આ
રેસાલામાં લખનારે બરાબર સમજાવેલા છે, (.....?) આ નીબંધ
પાછલ આપેલો "તનને લગતી પવિત્રાઇ" નો વિષય પણ અચ્છી રવેસે ને
ટુંકમાં લખાયલો છે. છેલ્લે, આવા નીબંધો લખી સર જ૦ મદરેસામાં
પોતાને મલેલી સારી કેળવણીનાં આવાં આવકારદાયક ફળો બહાર
પાડવા માટે મી૦ મીસ્ત્રીને અમે મુબારકબાદી આપતાં, ટુંક ભંડોલીઆ
હુંપંદી જુવાન્યાઓ કે જેઓ કશાબી અભ્યાસ વગર ધરમ સંબંધી
બાબદો સમજવાનો અને સમજાવવાનો ફાંકો રાખે છે, તેમને મી૦
મીસ્ત્રીનાં લખાંણો વાંચી તેની નકલ કરવાની કડવી ભલામણ કરવાની
અમો ફરજ વિચારયે છીએ.

સત્યમિત્ર—તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૮૯૭.—એના કર્તા પોતાના આગલા બે રસાલાઓથી જાહેરમાં આવી ચુક્યા છે. અવસ્તાના અભ્યાસી તરીકે, જેમ સાધારણ રીતે વર્ષો થયાં આપણે જોઇએ છીએ તેમ, એ જવાન માત્ર અવસ્તા અને પેહેલવી ભાષાઓનો મદરેસામાં પાંચ વરષોનો અભ્યાસ કરી બીજા કહેવાતા અભ્યાસીઓની પેઠે અભ્યાસના તકતાપરથી ગુમ થઈ ગયા નથી. મુંબઇ ખાતેની ઝંદ પેહેલવીની બે મદરેસાઓના અભયાસીઓની સંખ્યામાંથી ઘણું જેવલ્લેજ કાંઇ આવું પરીણામ આપણે હાથ આવે છે. અને તે પણ કાંઇ ઠંનામના રેસાલાઓના રૂપે હરીફાઇમાં કોઇવાર બહાર પડે છે, અને ત્યાર પછી મદરેસાનાં અભયાસના પાંચ

વર્ષ પુરાં થયાં પછી
ખાતો પડે છે તે આપ
ખુશી છીએ કે મી૦ મી
એક યા બીજા રૂપે પોતાનો
ખરેખર અભયાસીજ છે એવું જ
બહાર પડેલા એ જવાન અભયાસ
અભયાસનું પરીણામ છે, તેમાં કશો ૨
ભાગોમાં વહેંચી નાખ્યો છે. અને બંને ભા
ઈનસાફ આપવામાં આવ્યો છે એમ કહેવાને અ
પુરાતન જમાનાઓથી ચાલી આવેલા કદીમ અ
હીમાયત કરી તેની ખુબી આજની વીદ્યાને આધારે
કોશેશ ઠીક છે. અમો એ જવાન અને એકીન ભરયા
ભવીષ્યના અભયાસમાં ફતેહ ઈચ્છીએ છીએ, અને મરઝીન
સ્તા આધારે આપવામાં આવતી બીજી એરંગા રૂપી શોધ
આવા અટકાવ માટેનાં સંગીન અભયાસ સાથનાં લખાણોની વ
એને ખુશી સાથ ભલામણ કર્યે છીએ.

અખબારે સોદાગર, તા૦ ૨૫ મી આગસ્ટ શને ૧૮૯૭.—..
મદરેશા સાથનો સંબંધ છોડવા છતા તેઓ (કર્તા) આવી ધરમ સંબ બાબતમાં ભાગ લે છે, તે ખુશી થવા જોગ છે. મરકીનો હીંગામ કોણ ભુલશે? તે વખત ચાલેલા ગભરાતનો ખ્યાલ કોણને ન હશે? ધરમગુરૂઓમાંના કેટલાક પોતાની ફરજ ભુલવા લાગ્યા હતા. તેવે વખતે લોકોને શાંતી કરવા લાયક આ રેસાલો અમારા એક ભાઈબંધની કતારોમાં છપાયો હતો જેને સુધારા વધારા સાથ હાલ એક નાંધલા પુસ્તકના આકારમાં બાહાર કાઢવામાં આવેલો છે. આ રેસાલામાં આવેલું લખાણ સંગીન અને સારા અભયાસનું ફલ લાગે છે. ફક્ત બીજા પુસ્તકના ઉતારાઓથીજ આ રેસાલો ભરેલો નથી. સમજ પડતી ભાશામાં પંડીતના જરાક પણ ડોલ વગર એક ધરમ ઉપદેશકને પણ છાજે એવી ભાશામાં આ સુંદર રેસાલો લખાયલો છે. શેઠ અ૦ સો૦ દસ્તુર કામદીન જેવા એક દીનદાર જરથોશતી એ રેસાલો વાંચતાં સાથ તેની કીંમત પીછાણી પુસતકના આકારમાં તે છપાવાને જાહેર ભલામણ કરવાને બહાર પડે, એજ કરતાને મુબારકબાદી લેવા જોગ છે. સર જમશેદજી જીજીભાઈ તરાનશલેશન ફંડ તરફથી એ રેશાલાને મલેલો આશારો બંધએસતોજ છે. એવાજ પુસતકોના આશરા માટે એ ફંડની હસતી થયલી છે. રેસાલાની બાબતો ટુંકમાં પણ પુરેપુરી લખાયલી છે...પારશીઓ પોતાની રોજીંદી ફરજોમાં પણ પછાત પડતા જાય છે, નાધલી બંદગીઓથી પણ હાથ ઉઠાવતા જાય છે, એવી લખનારની ફરીઆદમાં ઘણું વજુદ છે. "ખોરશેદ," "આતશ" વીગેરેનો મરકી સાથનો સંબંધ ઘણો ચાલાકીથી સમજાવેલો છે. "નશો" શબ્દ

શું છે તે સમજાવવા જતાં જ્યારે કેટલાક કહેવાતા વીદવાને તાહેલાંથી આપણને ગુચવી નાંખે છે, ત્યારે સાદી ભાશાન ઓમાં કરતા એ શબ્દ સેહેલથી સમજાવે છે. મરકી "કોપ તથા કુદરતી કરામત" ગણવામાં આવે છે, એમ કંઇક અંશે ખરૂં પણ છે...વલી આ રેસાલા સાથ "તન તરાઇ" વીશે ટુંક વીવેચન કરેલું છે તે પણ વાંચવા જમશેદજી જીજીભાઇ મદરેસાનો એક ચેલો પોતાને મલેલાં ઉપયોગ કરે, પોતાને કેલવણી આપનાર ખાતાંને શોભા લગાડ પ્રકારનું ઉતેજન વાજબી છે. દરેક જરથોસતીએ આવા લખ જન આપવું જોઇએ. આપણી ઉધરતી જરથોસતી ઓલા આવા રેસાલાઓ મુફત મુકવા માટે આગેવાન દીનદાર જરથ ગોઠવણ કરવી જોઇએ.

જ્ઞાનવર્ધક, એપ્રીલ તથા મે ૧૮૯૭.—.....પેહેલ વેહે (કર્તા) એમ જણાવે છે કે **સરદ હવા** અને **ભીનાશ** એ ઉત્તપન કરનારાં છે, અને એ વાત જેઓ સુખ શાંતીના ઉપાયો લેવ હોય તેને અવશ્ય ધ્યાનમાં રાખવી જોઇએ છે......બીજું મી૦ પારસીઓમાં દરરોજ સહવારના ઉઠીને નીરંગ લેવાની ચાલ, અને ઘરમાં લોબાન ધુપાવવાના રેવાજને મરકીના અટકાવ તરીકે લેખે વીદવાનો એ બંને ચીજને ગંધકી અને નાપાકી દુર કરવાના સાધ તરીકે લેખે છે અને તેથી મી૦ મીસ્ત્રીના બોલેબોલને આપણે મલતા થઇશું * * *

.. આ જમાનાને વગોવનારાઓએ આ નાની ચોપડીના ૨૨ અને ૨૩ માં સફા વાંચવા ઘટે છે.* * *

માસીક મજાહ, એપ્રીલ, મે, ૧૮૯૮.—તપાસ લેનાર, મી૦ દા૦ એ૦ તારાપોરવાળા.—એક ઉદ્યોગી અભ્યાસી કદી છુપો રહેતો નથી. નામદાર સર જ૦ જી૦વાળી જંદ મદરેસાએ બાહેર પાડેલા કાબેલ વિદ્યાર્થીઓમાં મી૦ પાલનજી ખરશેદજી મીસ્ત્રીનું નામ એમનાં આગલાં પુસ્તકોથી જાણીતું થયલું છે. જેમાં ઉપલાં પુસ્તકે માનપૂર્વક વધારો કરી અવસ્તા ભાષાના એમના પાકટ જ્ઞાનનો પ્રબળ પુરાવો પ્રજા વચ્ચે પૂરો પાડયો છે. મી૦ મીસ્ત્રીનું આ નવું પુસ્તક એક એવી અગત્યની બાબદપર લખાયું છે, કે જે ગંભીર સવાલે આખાં હિંદુસ્થાનને હાલ હલમલાવી મૂકયું છે....એવા જીવ સટોસટના બારીક પ્રસંગે આપણા અવસ્તા ભાષાના પવિત્ર ભણતરોમાં મરકીના અટકાવ વિષે શું શું ફરમાનો છે તે સમજાવવાને એક ઉમંગી અભ્યાસીનું બાહેર પડવું, જેટલું જરથોસ્તી કોમને લાભકારી તેટલુંજ તે બાહેર પડનારને માનયુક્ત છે. એમાં કર્તાએ મરકીને લગતી અવસ્તામાંથી મળી આવતી બાબદોને ટુંક ટુંક મથાળાંઓમાં જૂદી પાડીને ઘણી રસીલી ભાષામાં સમજાવી છે.... શરદ હવા,

અભિપ્રાયો.

ન,...... વગેરે વગેરે વિષયો ઘણી સંભાળથી, ઘણી કાળે-
ીણી છટાદાર લખાવટમાં મી૦ મીસ્ત્રીએ રજુ કર્યા છે.
વળગેલી જળો" તથા "હોટેલોમાં પારસી જાંગલાઓ"
ાંવાળી બાબદોપર દરેક પારસી બચ્ચાનું ધ્યાન ખેંચાયલું
છું. મી૦ મીસ્ત્રીના ટીકાઓ ઘણાજ નરમ અને મીઠા
ગ હું ખાત્રીથી માનું છું કે જે કામ કલમના તીક્ષણ
કરશે તે અસર આ કુનેહબાજ મધુર શબ્દો ઉપજાવી
..મી૦ મીસ્ત્રીની સેવા કોમને માટે અતિ લાભકારી છે અને
ર પારસી ભાઈઓએ પીછાનવાની અવશ્ય જરૂર છે. અવસ્તા
યાસીઓ આપણી સન્મુખ જે કાંઈ રજુ કરે છે, તે તેમનેમાટે
ાસન" રહેતું નથી. અવસ્તામાં એક બાબદ ઉત્તરધૃવમાં તો બીજી
હેંચાઈ ગયલી છે. તેવા એક મહાસાગરમાંથી એકજ ચોક્કસ
લાી ચુંટણી કરવી એ કામ કેવું કઠીણ છે, તેની જાણ એવાં
ને જાતિ-અનુભવ લેવાનો જોગ આવે છે, તેમનેજ પડે છે.

રૂચ સમાચાર, તા૦ ૫ મી મે સને ૧૮૯૮......આ...નાનું
ું કે જે મી૦ પા૦ ખ૦ મીસ્ત્રી તે...મદ્રેસાના ઇનામો જીતી
સાર થયલા વીધારથી તેઓજ...રેસાલો લખવામાં ફતેહમંદ જંદ
ાસી દાખલનું માન ખાત્યા પછીજ...બીજો રેસાલો લખી વરતમાન
રા અને વિદ્વાનો તરફથી એક સરખીરીત પોતાના અભ્યાસ માટે
ઉચુ મત નોંધાવનાર અભ્યાસીના તરફથી બહાર પડેલું છે; કે જેમાં
"જરથોસ્તી દીનની બારીકીથી મરકી સામે અટકાવ કેવે પ્રકારે મેળવી
શકાય" તે સંબંધી ઘણીજ માયાકુલ રીતોથી સરેહ ચલાવવામાં આવેલી
છે. ...***.. મનુષ્યોની તનદુરસ્તી તથા સુખાકારી ઉપર માઠી અસરો
કેવે પ્રકારે થાય છે તે, તે અસર કરે એવી રીતે વીધા અભ્યાસ અને
ધરમના કાનુન આધારે સમજાવ્યું છે....પોતાની ફરજો તરફ પારસી
ટોળાને મી૦ મીસ્ત્રી આ રેસાલાથી જાગૃત કરે છે,...જુદા જુદા વિષયોને
હાથ ધરીને તે બાબતોને કેરતાએ પુરતો ઇનસાફ આપ્યો છે. ટુંકમાં
મી૦ પા૦ ખ૦ મીસ્ત્રીએ પોતાને હાથ ધરેલી બાબતોને જુદી જુદી લખા-
વતોથી પુરતો ઇનસાફ આપ્યો છે. માટેજ જરથોસ્તી ધરમની ફીલાસુફીના
કાયદાઓને જુદી જુદી બાબતો સાથ ગોઠવણોથી લાગુ પાડી તેપર જર-
થોસ્તી આલમનું ધ્યાન ખેંચવાની તક મરકી જેવા હીંગામે લેવા માટે
એમનો આભાર માનતા અમો જરથોસ્તી ભાઈઓને જણાવીશું કે આ
રેસાલાની નાનકડી ચોપડી ખરીદી પોતાનાં બાળકોને તેનો અભ્યાસ કર-
વાની તક આપવી.

સુરત અખબાર—તા૦ ૧૯ મી જુલાઈ, સને ૧૮૯૭.—[આ
પત્રમાં તેના નાના કદ તરફ જોતાં વિગતવારે રેસાલાની બાબતોનું ઠીક
વર્ણન આપવામાં આવ્યું છે].